॥ जय श्री राम ॥ जय श्री राम ॥ जय श्री राम ॥

जय श्री राम

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

राम नवमी

ચૈત્ર સુદ–૯ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપકઃ- બાબુભાઈ શાહ તા. ૧૭–૪–૨૦૨૪ – બુધવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૦૨ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT



MARUTI SUZUKI COMMERCIAL

## નવી સુપર કેરી સુપરપાવર સાથે!

ભારતની સૌથી શક્તિશાળી મિનિ ટ્રક*



સુપર શક્તિશાળી એન્જિન સુપર પર્ફોર્મન્સ સાથે

સુપર હેન્ડલિંગ અને સ્થિરતા

સુપર આરામદાયક

એન્જિન ઇમોબિલાઇઝર સાથે સુપર સલામતી અને 18+ સલામતી ફીચર્સ

CNG + PETROL
CNG + 5L ઇમરજન્સી પેટ્રોલ ટેન્ક
સુપર માઇલેજ

SAVE UP TO ₹ 59 000*

NEW SUPER CARRY

WWW.MARUTISUZUKICOMMERCIAL.COM | પૂછપરછ માટે ટોલ ફ્રી નંબર 1800 102 1800/1800 1800 180 પર કૉલ કરો.

મારુતિ સુઝુકી કોમર્શિયલ શોરુમ્સ: રાજકોટ: અતુલ મોટર્સ: ૯૯૨૪૭૬૩૩૧૧; કટારીયા ઓટોમોબાઇલ્સ: 7624048000; અમરેલી: આલ્ફા ઓટોલીંક – ૯૦૩૩૪૦૯૦૩૪
જામનગર: અતુલ મોટર્સ, GIDC ફેઝ ૩: 6353372974 ; જૂનાગઢ: કટારીયા ઓટોમોબાઈલ્સ, ઝાંઝરડા રોડ ચોકડી : 8980154000; મોરબી: ડ્રીમ વ્હીકલ્સ: ૯૫૧૨૯૭૦૦૯૪.

નિયમો અને શરતો લાગુ. રચનાત્મક વિઝ્યુલાઇઝેશન. વાહન પરનો કાળો કાચ લાઇટિંગ ઇફેક્ટને લીધે છે. દર્શાવવામાં આવેલ ફીચર્સ અને એક્સેસરીઝ સ્ટાન્ડર્ડ ફીટમેન્ટનો ભાગ ન હોય તેમ બની શકે છે. ઉપયોગમાં લેવાયેલી છબીઓ ઉદાહરણના હેતુ માટે છે.*દાવાની માન્યતા JATO DYNAMICS દ્વારા કરવામાં આવી છે. (27-03-2023)

# સાંજ સમાચાર




## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર ‘સાંજ સમાચાર’ ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ “Hi” મેસેજ કરો )



### રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર 'સાંજ સમાચાર'ની મુલાકાતે

# બહેન-દિકરી-પ્રજાના સ્વાભિમાનની લડાઇ 'લડવા આવ્યો છું:' પરેશ ધાનાણી

## મોંઘવારી-બેકારી-મોંઘુ શિક્ષણ-ભૂમાફીયા- કાયદો વ્યવસ્થા જેવી પાયાની સમસ્યાને ઉકેલવાને બદલે ભાજપને સત્તાનું અભિમાન

## ભાજપે ધાકધમકી-સત્તાના દુરૂપયોગ સાથે કટોકટી જેવી હાલત સર્જી દીધી છે: કોંગ્રેસ પ્રજાને 'પીડા મુક્તિ' અપાવશે







**મુળભૂત સમસ્યા ભુલાવીને વર્ગ વિગ્રહના આધારે જીત મેળવવાનું ભાજપનું ષડયંત્ર હોવાનો આરોપ**





તસ્વીર: પંકજ શીશાંગીયા











રાજકોટ, તા.૧૭

દેશની તમામ દિકરી-બહેનો-મહિલાઓના સ્વાભિમાનને ઠેસ પહોંચાડતા વિધાનો અને ૨૦-૨૦ દિવસથી આંદોલન છતાં ભાજપે ઉમેદવાર બલ્યા નથી ત્યારે વ્યકિતગત કે ક્ષત્રીયને બદલે પ્રજાના સ્વાભિમાનની લડાઇ લડવા માટે રાજકોટ આવ્યો હોવાનો હુંકાર પરેશ ધાનાણીએ કર્યો છે. દેશમાં પરિવર્તનની દિશા નક્કી કરવામાં રાજકોટ નિમિત્ત બનવાનો દાવો કરીને ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતાં.

રાજકોટની લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને વિધાનસભાના પૂર્વ વિપક્ષી નેતા-ધારાસભ્ય એવા પરેશ ધાનાણીએ આજે 'સાંજ સમાચાર'ની શુભેચ્છા મુલાકાત દરમ્યાન સ્પષ્ટ કર્યું હતું કે છેલ્લા બે દાયકામાં કોંગ્રેસે ઘણું આપ્યું છે અને કૌટુંબિક-સામાજિક જવાબદારીઓને કારણે લોકસભાની ચૂંટણી નહીં લડવાનું અગાઉ જ નેતાગીરીને જણાવી દીધું હતું પરંતુ હવે મહિલાઓ તથા પ્રજાના સ્વાભિમાનનો પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે અને સતાના અહંકારમાં ભાજપ પ્રજાકિય સ્વાભિમાનને કચડી રહ્યો છે ત્યારે ના છૂટકે ચૂંટણીના મેદાનમાં આવું પડ્યું છે અને તેમાં 'જંગ જીતીને ઝપવાનો' નિર્ધાર છે.

ભાજપ પર વેધક પ્રહાર કરતાં તેઓએ કહ્યું કે ભાજપ ઉમેદવારે બહેન-દિકરી-મહિલાઓના સ્વાભિમાનને ઠેસ પહોંચાડતા વિધાનો કર્યા છે તે સામે ૨૦-૨૦ દિવસથી આંદોલન ચાલતું હોવા છતાં ભાજપ નેતાગીરી તેમના સમર્થનમાં છે. પ્રજાની એક માત્ર માંગ ન સ્વીકારીને 'મૂક સંમતિ' આપ્યાની છાપ છે. આ સમગ્ર ઘટનાક્રમ વર્ગ વિગ્રહ ઉભો કરવાના ષડયંત્રનો ભાગ છે અને તે રોકવાના ઇરાદા-ઉદ્દેશ સાથે રાજકોટથી ચૂંટણી જંગમાં ઝુકાવવાનું નક્કી કર્યું છે.

રાજકોટનો ચૂંટણી જંગ રૂપાલા સામે નથી કે ભાજપ સામે અથવા કોઇપણ પક્ષો સામે નથી પરંતુ સ્વાભિમાન માટેની લડાઇ છે. મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, ડો. બાબા સાહેબ આંબેડકર જેવા રાષ્ટ્રીય નેતાઓએ દેશની બંધારણીય લોકશાહીના આધારે આપેલા પ્રજાકીય અધિકાર-સ્વાભિમાનનો જંગ છે.

ભાજપ દ્વારા મુળભૂત મુદાએ સમસ્યાઓ ભૂલાવીને વર્ગવિગ્રહના આધારે રાજકીય રોટલા શેકવા અને સત્તા હાંસલ કરવાનું ષડયંત્ર બનાવવામાં આવ્યું છે. મોંઘવારી, મંદી, બેરોજગારી, કાયદો વ્યવસ્થા, ભૂ-જમીન માફીયા, મોંઘા શિક્ષણ જેવા મૂળ પ્રશ્નોને હાંસિયામાં ધકેલી દઇને સત્તાના અભિમાન સાથે રાજકીય ખેલ નાખવામાં આવી રહ્યો છે. આ માટે એનફોર્સમેન્ટ ડીરેક્ટોરેટ, સીબીઆઇ, પોલીસ જેવી સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરીને પ્રજાકીય અવાજ પણ દબાવી દેવામાં આવી રહ્યો છે. કટોકટી જેવી હાલત સર્જી દેવામાં આવી છે અને લોકોને ભ્રમિત કરીને અથવા ધાકધમકીના જોરે મત મેળવવામાં આવી રહ્યા છે.

સત્તાનો દુરુપયોગ કરીને 'ભાજપના નેતાઓ તગડા થવાની સામે સામાન્ય લોકો-પ્રજા કમજોર' થઇ રહ્યાનો આરોપ લગાવતા પરેશ ધાનાણીએ કહ્યું કે ભાજપનો ખેસ પહેરનારને ભ્રષ્ટાચારનો પીળો પરવાનો મળી જાય છે. ત્યારે સામાન્ય લોકો સ્વાભિમાનનો રોટલો ખાતો થાય, ગૃહિણી-મહિલાઓને રસોડાની મોંઘવારીમાં રાહત મળે, શિક્ષિત સહિતના બેરોજગાર નવયુવાનોને રોજગારી માટે અને સર્વાંગી વિકાસ થાય તથા મુળભૂત પ્રશ્નો દૂર કરવાના ઉદ્દેશ સાથેનો આ જંગ રહેશે. સત્તા પક્ષથી પીડીત પ્રજાના અવાજને વાચા આપવાની તથા લોકશાહી બચાવવા સાથે દેશના ભવિષ્યને બચાવવાની આ લડાઇ છે.

કોંગ્રેસના નેતાએ એવો દાવો કર્યો હતો કે આ વખતે પ્રજા મતરૂપી શસ્ત્રની ધારથી ભાજપનો અહંકાર ભાંગી નાખશે અને ભાજપને મુળ સ્થાન બતાવી દેશે. પરિવર્તન સાથે કોંગ્રેસને જીત અપાવશે.

પરેશ ધાનાણીની આ મુલાકાત દરમ્યાન કોંગ્રેસના શહેર પ્રમુખ અતુલ રાજાણી, પ્રદેશ નેતા ભીખુભાઇ વારોતરીયા, પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા, જસવંતસિંહ ભટ્ટી, વશરામ સાગઠીયા, ગોપાલ અનડકટ વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

## પાંડવોએ માત્ર પાંચ ગામ માંગ્યા હતા, ક્ષત્રિયોએ એક જ માંગણી કરી છે; મહાભારતનું પુનરાવર્તન થશે

### દેશમાં પરિવર્તન માટે રાજકોટની બેઠક નિમિત બનશે

રાજકોટના ઉમેદવાર પરેશ ધાનાણીએ વિજયના વિશ્વાસ સાથે મહાભારતનું પુનરાવર્તન થવાનો રણટંકાર કર્યો હતો. કૌરવો અભિમાનમાં રાચતા હતા. પાંડવોને પાંચ ગામ આપવાનો પણ ઇન્કાર કરી દીધો છે. ક્ષત્રિયોએ પણ એક જ માગણી કરી હતી કે રૂપાલાની ટીકીટ રદ કરો. ૨૦-૨૦ દિ'થી ચાલતા આંદોલનનું કોઇ પરિણામ આવ્યું નથી જ્યારે હવે મહાભારતનું પુનરાવર્તન થવાનું નિશ્ચિત છે. આ યુદ્ધમાં વિરાટ કૌરવસેનાને પાંડવોએ હરાવી દીધી હતી. રાજકોટની પ્રજા પણ ભાજપનો અહંકાર ભાંગી નાખશે અને મતરૂપી શસ્ત્રથી જવાબ આપશે.

તેઓએ એમ કહ્યું કે ભાજપની સત્તા લાલસા અને અભિમાન માત્ર રાજકોટ પુરતી સીમિત નથી. દેશવ્યાપી છે ત્યારે લોકસભાની ચૂંટણીમાં દેશભરમાં પરિવર્તન થવાનું નિશ્ચિત છે અને પરિવર્તનની આ દિશા નક્કી કરવામાં રાજકોટની બેઠક નિમિત બનશે.

લોકસભા ચૂંટણીમાં પ્રચારનો નગારે ઘા કરવા પૂર્વેથી જ પરેશ ધાનાણી ટ્વિટ-સોશ્યલ મીડિયા પર સ્વાભિમાનના જંગ તથા યુધ્ધ એ જ કલ્યાણ-મહાભારતના સંદેશાઓ રજુ કરતા રહ્યા છે. તેઓએ કહ્યું કે સોશ્યલ મીડિયાના તમામ ટ્વિટ પોતે જ કરે છે. પોતાને વાંચન-લેખનનો ઘણો શોખ છે.

## રાજકોટ સહિત ગુજરાતભરમાં ભાજપમાં 'આંતરિક દાવાનળ': ધાનાણીની ધણધણાટી

### ભાજપના કાર્યકરે સાફ કરેલી ખુરશી પર વિપક્ષમાંથી ઘુસેલા બેસી જાય છે

પરેશ ધાનાણીએ એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપમાં જબરદસ્ત આંતરિક દાવાનળ ધગધગી રહ્યો છે. પાયાના કાર્યકરો-આગેવાનોમાં પ્રચંડ નારાજગી છે. ભાજપના કાર્યકરોએ સાફ કરેલી ખુરશી પર વિપક્ષમાંથી લેવાયેલા-ઘુસેલા નેતાઓ બેસી જાય છે. માત્ર રાજકોટ જ નહીં અમરેલી, મહેસાણા, વલસાડ સહિતના ભાગોમાં જબરો આંતરિક અસંતોષ છે. સરપંચથી માંડીને સાંસદ અને કોર્પોરેશનથી માંડીને કેન્દ્ર સુધી ભાજપનું શાસન હોવા છતાં પ્રજાની અપેક્ષા પૂર્ણ થતી નથી. ભાજપ લોકોના સશક્તિકરણ માટે નહીં પરંતુ સશક્તિકરણ જ કરે છે.

બેરોજગાર યુવાનોને નોકરી નથી મળતી સગાવાદના આધારે બેકારોનું આઉટ સોર્સિંગ કે ફીક્સ-પેના નામે શોષણ કરવામાં આવે છે.

## હું તમારો જવતલીયો ભાઇ છું

## પરેશ ધાનાણીના આશ્વાસન બાદ ક્ષત્રિય બહેનોનું છડેચોક સમર્થન

### અમે લડત લડી અંતર મનથી થાકી ગયા છીએ: ક્ષત્રિય બહેનો



રાજકોટ, તા.૧૭

રાજકોટ લોકસભાની ચૂંટણીનો જંગ જામ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ પણ રાજકોટથી પ્રચારના શ્રી ગણેશ કર્યા હતા. તેઓએ સૌ પ્રથમ આશાપુરા માતાજીના મંદિરે જઇ માતાજીના આશિર્વાદ મેળવ્યા હતા. જ્યાં ક્ષત્રિય મહિલાઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને પરેશ ધાનાણીના ઓવારણા લીધા હતા. કેટલીક ક્ષત્રિય બહેનો ભાવુક પણ બની ગઇ હતી.

આ તકે પરેશ ધાનાણીએ ક્ષત્રિય બહેનોને ન્યાય અપાવવા અંગે આશ્વાસન આપ્યું હતું અને કહ્યું કે હું તમારો જવતલીયો ભાઇ છું ચિંતા ન કરતા હું તમારી સાથે છું. આ સાંભળી ક્ષત્રિય બહેનો ભાવુક થયા હતા. ક્ષત્રિય બહેનોએ જણાવ્યું કે, અમે હવે લડત લડી અંતરમનેથી થાકી ગયા છીએ. અત્યાર સુધી અમે કોઇ પક્ષ સાથે જોડાયેલ ન હતા તેમજ કોઇ પક્ષ વિરુધ્ધ ન હતા પરંતુ પરેશભાઇના આશ્વાસને અમને ભાવુક કરી દીધા છે. અમે પરેશભાઇને ભાઇ માન્યા છે આથી બહેન ભાઇને સપોર્ટ શા માટે ન કરે? આગામી દિવસોમાં પરેશભાઇને છડેચોકે સમર્થન જાહેર કરીશું.

## ઘરની બે દિકરી કરતાં દેશની કરોડો મહિલાના સ્વાભિમાનને પ્રાથમિકતા

કોંગ્રેસ નેતાએ કહ્યું કે કૌટુંબિક જવાબદારીને કારણે પાંચ વર્ષ ચૂંટણીથી દુર રહેવાનું નક્કી કર્યું હતું. ઘરની બે દિકરીઓને પરણાવવા સુધીની જવાબદારી છે પરંતુ જ્યારે દેશની લાખો કરોડો બહેનો-દિકરીઓનાં સ્વાભિમાન પર ઘા થયો હોય ત્યારે ઘરની બે દિકરીની જવાબદારીની ચિંતા કરવાને બદલે દેશહિત માટે ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે.

## શામ-દામ-દંડ-ભેદની નીતિથી ભાજપ પક્ષપલ્ટો કરાવે છે: જનતા જવાબ આપશે

ચૂંટણી પૂર્વે અર્જુન મોઢવાડિયાથી માંડીને અર્જુન ખાટરીયા સુધીના નેતાઓએ કોંગ્રેસ છોડીને ભાજપનો ખેસ પહેર્યા સંબંધી સવાલ પર કોંગ્રેસના નેતાએ કહ્યું કે ભાજપ શામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવીને નેતાઓનો પક્ષપલ્ટો કરાવી રહ્યો છે પરંતુ પ્રજા બધુ જાણે છે. ભાજપનો સત્તાનો અહંકાર ભાંગશે અને મતરૂપી શસ્ત્રની ધારથી જવાબ આપશે, પરિવર્તન સર્જશે.

## ચૂંટણીમાં જીતીશ અને પ્રજાનો 'સાથી' બનીને રાજકોટમાં જ રહીશ

પરેશ ધાનાણીએ કહ્યું કે સ્વાભિમાન-લોકશાહી બચાવવાના આ જંગમાં વિજય મળવાનો વિશ્વાસ છે. ભાજપના ઉમેદવારની જેમ પોતે પણ અમરેલીથી ચૂંટણી લડવા રાજકોટ આવ્યા છે. રાજકોટની બેઠક પર પરિવર્તન થઇને જ રહેશે. પ્રજાની લાગણી-સમર્થન મળી રહ્યા છે છતાં પરિણામ ગમે તે આવે પોતે આવનારા સમયમાં પ્રજાના સાથી બનીને રાજકોટમાં જ રહેશે. લોકસભા ચૂંટણી લડવાનું જાહેર કરતા પૂર્વે પોતે એમ કહ્યું કે પોતે કોંગ્રેસના ઉમેદવારના 'સારથી' બનશે પરંતુ હવે મેદાને જંગમાં ઉતરવા સાથે હવે 'પ્રજાના સાથી'નો રોલ નિભાવશે અને કાયમી ધોરણે રાજકોટની પ્રજાની પડખે રહેશે.

## ૧૯મીએ ઉમેદવારી નોંધાવીશ

કોંગ્રેસના ઉમેદવાર તરીકે ફોર્મ ભરવાના અંતિમ દિવસે અર્થાત તા.૧૯મી એપ્રિલે ઉમેદવારી નોંધાવવાનું પરેશ ધાનાણીએ કહ્યું હતું. આ તકે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિતના પ્રદેશ-સ્થાનિક નેતાઓ-આગેવાનો-કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહેશે.

### આંબેડકર જયંતિની રાત્રે માલવીયાનગર પોલીસ મથકમાં અનુસૂચિત જાતિના યુવાનને બેફામ માર મરાતા સારવારમાં તેનું મોત થયું'તું

# રાજકોટમાં કસ્ટડીયલ ડેથ બાદ ભારે રોષ : રાત્રે હોસ્પિટલ ચોકમાં પથ્થરમારો, તોડફોડ થઈ, પોલીસમેન સામે હત્યા અને એટ્રોસિટીની કલમ ઉમેરવા નામજોગ રિપોર્ટ થતા લાશ સ્વીકારી

**મૃતક હમીર ઉર્ફે ગોપાલ રાઠોડના મૃતદેહને ગત રાત્રે હોસ્પિટલ ચોકમાં આવેલ ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા સામે રાખી, પરિવારજનો અને સમાજના લોકો દ્વારા ધરણાં કરાયા હતા**

**મોટી સંખ્યામાં એકત્ર થયેલા લોકો રોડ પર સુઈ ગયા હતા, કેબીનો-લારીઓ ઉથલાવી હતી, ઉગ્ર રોષ જણાતા અંતે ડીસીપી સુધીરકુમાર દેસાઈ, એસીપી રાધિકા ભારાઈ, પીઆઈ રવિ બારોટ દોડી ગયા હતા**



(તસ્વીર : દેવેન અમરેલીયા)



રાજકોટ, તા.૧૭


ગત તા. ૧૪ એપ્રિલના રોજ આંબેડકર જયંતિની રાત્રે માલવીયાનગર પોલીસ મથકમાં અનુસૂચિત જાતિના યુવાન હમીર ઉર્ફે ગોપાલ રાઠોડને પોલીસ મેન દ્વારા બેફામ માર મરાતા સારવારમાં તેનું મોત થયું હતું. આ કસ્ટડીયલ ડેથ બાદ ભારે રોષ ફેલાયો હતો. ગત રાત્રે હોસ્પિટલ ચોકમાં પથ્થરમારો થયો હતો. તોડફોડ થઈ હતી. પોલીસમેન અશ્વિન જેઠા કાનગડ સામે હત્યા અને એટ્રોસિટીની કલમ ઉમેરવા નામજોગ રિપોર્ટ થતા લાશ સ્વીકારી હતી.

ગત સવારે યુવાનને વોકહાર્ટ હોસ્પિટલમાં મૃત જાહેર કરાયા પછી જ્યાં સુધી આરોપીની ધરપકડ ન થાય અને એફઆઈઆરમાં પોલીસે જાણી જોય આરોપીનું નામ ન લખ્યું હોય એ નામ ઉમેરવામાં આ આવે ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવા પરિવારજનો અને સમાજના આગેવાનોએ નક્કી કરતા માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર. દેસાઈ સહિતના દોડી ગયા હતા. આરોપીની શોધખોળ થઈ રહી છે તેવી સમજાવટ કરી હતી પણ સમાજ આગેવાનો ટસના મસ થયા નહોતા. આ પછી પીએમ માટે મૃતદેહ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં પણ મોટી સંખ્યામાં અનુસૂચિત જાતિ સમાજના લોકો એકત્ર થયા હતા. આ પછી હમીર ઉર્ફે ગોપાલ રાઠોડના મૃતદેહને ગત રાત્રે હોસ્પિટલ ચોકમાં આવેલ બાબા સાહેબ ડો. આંબેડકરજીની પ્રતિમા સામે રાખી પરિવારજનો અને સમાજના લોકો દ્વારા ધરણાં કરાયા હતા. જેથી ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. મોટી સંખ્યમાં એકત્ર થયેલા લોકો રોડ પર સુઈ ગયા હતા, કેબીનો-લારીઓ ઉથલાવી હતી. વાહનોમાં તોડફોડ થઈ હતી. હળવો પથ્થરમારો પણ થયો હતો. ઉગ્ર રોષ જણાતા અંતે ડીસીપી સુધીરકુમાર દેસાઈ, એસીપી રાધિકા ભારાઈ, પીઆઈ રવિ બારોટ દોડી ગયા હતા. મોટી સંખ્યામાં પોલીસ કાફલો હોસ્પિટલ ચોકમાં ઉતારી દેવાયો હતો.

અંતે સમાજ આગેવાનો અને ડીસીપી સુધીરકુમાર દેસાઈ વગેરે અધિકારીઓ સાથે ચર્ચા થઈ હતી. પોલીસે હત્યાની કલમ, એટ્રોસિટીની કલમ ઉમેરવા કોર્ટમાં આરોપી એએસઆઈ અશ્વિન કાનગડના નામજોગ રિપોર્ટ કરી દીધાની ખાતરી આપી હતી અને આરોપીને ઝડપથી પકડી લેવા પોલીસ પોતાની તમામ તાકાત લગાવી દેશે તેવું જાહેર કરાતા અંતે મામલો થાળે પડ્યો હતો અને મૃતદેહ સ્વીકારી લેવામાં આવ્યો હતો.

રાજકોટના દક્ષિણ વિભાગના એસીપી બી.જે. ચૌધરીએ રાજકોટ શહેર ચીફ કોર્ટના જ્યુ.ફ.ક. મેજી.ને લખેલા વિનંતી રિપોર્ટમાં જણાવ્યું છે કે, માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી કલમ ૩૦૭, ૩૨૩ મુજબનો ગુન્હો તા.૧૬/૪/૨૦૨૪ ના રોજ સાંજે ૬ વાગ્યે જાહેર





થયેલ છે. જેના ફરીયાદી ગીતાબેન હમીરભાઇ ઉર્ફે ગોપાલભાઇ દેવજીભાઇ રાઠોડ (ઉ.વ. ૩૨, રહે.આંબેડકરનગર શેરી નં.૨, એસ.ટી. વર્કશોપ પાછળ ગોંડલ રોડ રાજકોટ)ના પતિ હમીરભાઇ ઉર્ફે ગોપાલભાઈ દેવજીભાઈ રાઠોડ ગઇ તા.૧૪/૪/૨૦૨૪ ના રોજ પોતાના ઘરે હતા ત્યારે રાત્રીના આશરે ૧૧ વાગ્યાના અરસામાં તેના મિત્ર રાજુભાઇ સોલંકીનો પુત્ર જયેશ સોલંકી આવેલ અને જણાવેલ કે, ગોપાલ કાકા અમારે ઝગડો થયેલ છે. તમે આવો તો સમાધાન થઇ જાય. તે દરમિયાન પોલીસ વાન આવી ગયેલ હોય, પોલીસ આ રાજુભાઈ સોલંકી તથા જયેશ સોલંકી તથા હમીરભાઇ ઉર્ફે ગોપાલભાઇ દેવજીભાઈ રાઠોડને પોલીસ વાનમાં લઈ ગયેલ અને બાદ રાત્રીના આશરે એકાદ વાગ્યે આ હમીરભાઇ પોતના ઘરે ગયેલ અને પોતાની પત્નીને જણાવેલ કે, મને પોલીસે માર મારેલ છે તેમ વાત કરી પોતે સુઇ ગયેલ અને સવારે તે નહીં ઉઠતા ફરીયાદી તેના પતિને વોકહાર્ટ હોસ્પિટલ ખાતે લઇ ગયેલ અને અજાણ્યા પોલીસમેન વિરૂધ્ધ ગુનો દાખલ કરાવેલ હતો.

આ ફરિયાદની તપાસ દરમિયાન માલવીયાનગર પોલીસ સ્ટેશનના અનાર્મ કોન્સ્ટેબલ અને આ કેસના સાહેદ નરેશભાઈ છોટુભાઈ રાઠોડનું નિવેદન લેતા માલવીયાનગર પોલીસ સ્ટેશન ખાતે ઇન્વે. એ.એસ.આઇ. અશ્વિનભાઇ જેઠાભાઇ કાનગડ તેઓની સાથે સામાવાળા રાજેશભાઈ સોલંકીના ઘર પાસે જઈ ફરીયાદીના પતિ હમીરભાઇ ઉર્ફે ગોપાલભાઇ તથા રાજેશભાઈ સોલંકીને માલવીયાનગર પોલીસ સ્ટેશન ખાતે લઇ આવેલ અને એ.એસ.આઇ. અશ્વિનભાઈ કાનગડએ બન્ને જણાને માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. રૂમની પાછળના ભાગે આવેલ રૂમમાં લઇ જઈ પ્લાસ્ટીકના ધોકા વડે માર મારેલ હતો. તેમ જણાવેલ હતું. ફરીયાદીના પતિ હમીરભાઇ ઉર્ફે ગોપાલભાઈની તબીયત તેના ઘરે ગયા બાદ સવારે ખરાબ થઇ જતા તેને વોકહાર્ટ હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરેલ હોય જેનું ચાલુ સારવાર દરમિયાન વોકહાર્ટ હોસ્પિટલના ફરજ પરના ડો. ચિરાગ માત્રવાડીયાએ જોઈ તપાસી તા.૧૬/૪/૨૦૨૪ ના સવારે ૮.૩૮ વાગ્યે મૃત જાહેર કરેલ તેમજ ફરીયાદી તથા મૃતક અનુસુચીત જાતિના હોય, ગુન્હાની એફ.આઇ.આર.માં આઈ.પી.સી. કલમ ૩૦૨ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૨)(૫) મુજબનો ઉમેરો કરવા રિપોર્ટ કરાયો છે.

## ૪૮ કલાકનું અલ્ટીમેટમ : નહિતર વધુ ઉગ્ર આંદોલન

આગેવાનોએ જણાવ્યું કે, કોર્ટમાં પોલીસમેન આરોપીના નામ જોગ રિપોર્ટ થયો છે. ઉપરાંત પોલીસે આગામી ૨૪ કલાકમાં આરોપીને પકડી લેવાની વાત કરી છે. જોકે સમાજના આગેવાનોએ નક્કી કર્યું છે કે, ૪૮ કલાકમાં આરોપીની ધરપકડ નહીં કરવામાં આવે તો ૪૮ કલાક બાદ વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## મૃતક સાથે અન્ય યુવાનને પણ માર મારવામાં આવેલો, જાહેરમાં વસ્ત્રો કાઢી ઘા બતાવ્યા



મૃતકનું મૃતદેહ પીએમ માટે લઈ જવાયો હતો જ્યાં મોટી સંખ્યામાં સમાજના લોકો એકત્ર થયા હતા. આ સ્થળે એવી વાત સામે આવેલી કે, પોલીસ મૃતક સાથે અન્ય યુવાનને પણ પોલીસ મથકે લઈ ગઈ હતી. મૃતક સાથે આ યુવાનને પણ માર માર્યો હતો. પીએમ રૂમ બહાર વસ્ત્ર ઉતારી આ યુવાને પોતાના શરીરે પડેલા ઘા લોકોને બતાવ્યા હતા.

## ૧૩ વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી : ભારે શોક



મૃતક હમીર ઉર્ફે ગોપાલને સંતાનમાં એક પુત્ર છે. જેનું નામ અરમાન છે. તે ધોરણ ૭ માં અભ્યાસ કરે છે. ૧૩ વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે શોક છવાયો હતો. પુત્રની આંખમાં પણ અશ્રુઓ વહી રહયા હતા.




## વતન પાડાસણમાં અંતિમ યાત્રા નીકળી, મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા : ભારે કલ્પાંત છવાયો

રાજકોટમાં ગોંડલ રોડ, એસ.ટી. વર્કશોપ પાછળ આંબેડકરનગર શેરી નં.૨માં રહેતા હમીરભાઇ ઉર્ફે ગોપાલભાઇ દેવજીભાઈ રાઠોડનું કસ્ટડીયલ ડેથ થયા બાદ સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સીક પીએમ થયું હતું. મૃતદેહ સ્વીકારી લેવાયા પછી મૃતદેહ મૃતકના વતન રાજકોટ તાલુકાના પાડાસણ ગામે લઈ જવામાં આવેલ. જ્યાં તેમની અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં પરિવારના સભ્યો અને સંબંધીઓમાં ભારે કલ્પાંત છવાયો હતો. સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. બનાવથી ગમગીની છવાઈ છે.

# ત્રીજા માળેથી પટકાતાં મહિલાનું મોત

### પટેલ પાર્ક સોસાયટીનો બનાવ: દિકરીએ લવ મેરેજ કર્યા બાદ રંજનબેન ગુમસુમ રહેતાં હતાં

રાજકોટ, તા.૧૭

શહેરનાં પેડક રોડ પટેલ પાર્ક સોસાયટીના ત્રીજા માળેથી પટકાતાં મહીલાનું મોત નિપજ્યું હતું. મૃતકની દિકરીએ બે મહિના પહેલાં લવ મેરેજ કર્યા હતા. બાદ તેણી ગુમસુમ રહેતી હતી. તેઓ ગઈકાલ બપોરનાં પોતાના મકાનમાંથી પટકાયા હતાં. મહીલાની સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દિધો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બિ ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ રંજનાબેન સુભાષભાઈ માને (ઉ.વ.૪૫ રહે. હાલ પટેલ પાર્ક સોસાયટી શેરી નં-૨ પેડક રોડ રાજકોટ, મૂળ વતન મહારાષ્ટ્ર) નામની આધેડ મહિલાએ ગઈકાલે બપોરના સાડા ચારેક વાગ્યાની આસપાસ પોતાનાં મકાનના ત્રીજા માળેથી પટકાતાં તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.



રંજબેનને સંતાનમાં એક દિકરો અને દિકરી છે. તેની દિકરી અર્પણાએ બે મહિના પહેલાં સંદીપ ગોંડલિયા નામનાં યુવક સાથે લવ મેરેજ કર્યા હતા. બાદ તેની માતા ગુમસુમ રહેતાં હતાં. દિકરીએ લવ મેરેજ કર્યા બાદ માતાએ દિકરીને મળવા વારંવાર પ્રયત્ન કર્યા છતાં દિકરીએ મળવાની જ સાવ ના પાડી હતી. દિકરીએ તેની માતાને મળવાની ચોખી ના કહેતાં માતાને લાગી આવ્યુ હતું. અને તેઓ ગુમસુમ રહેતાં હતાં. ગઈ કાલ બપોરનાં પોતાનાં ઘરે હતાં ત્યારે ત્રીજા માળેથી પટકાયા હતા. બાદ તુરંત મહિલાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દિધો હતો. બનાવની અંગે મૃતકના પરીવારમાં દુ:ખનું મોજું ફરી વળ્યુ છે. પરિવાર અકસ્માતે પડી ગયાનું કહે છે. જોકે આ બનાવ અકસ્માતે બન્યો છે કે, આત્મહત્યા છે? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

## અવસાન નોંધ

**રાજકોટ:** મ.ક.સ.સુ. જ્ઞાતિના સ્વ. જયંતીભાઈ પોપટભાઈના ધર્મપત્ની સ્વ. જશુમતીબેન જયંતીભાઈ ધામેચા (ઉ.૭૫) તે અશ્વિનભાઈ, સંજયભાઈ, સ્વ. અજયભાઈના માતુશ્રી તેમજ ટપુભાઈ કુરજીભાઈ પરમારના દિકરી તા.૧૫ના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તા.૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન મોરબી રોડ, રાધીકા પાર્ક, શેરી નં.૧, સેન્ટમેરી સ્કુલ નાની ફાટક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે. અશ્વિનભાઈ મો. ૯૯૨૫૬ ૭૭૩૧૯.

**સાવરકુંડલા:** લક્ષ્મીશંકર નાગરદાસ પંડયા તે જીતેન્દ્રભાઈ લક્ષ્મીશંકર પંડયા, સતિષભાઈ લક્ષ્મીશંકર પંડયા, મહેન્દ્રભાઈ લક્ષ્મીશંકર પંડયાના પિતાનું તા.૧૫ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદગતનું બેસણું તા.૧૯ને શુક્રવારના રોજ સવારે ૮થી ૬ કલાકે નિવાસસ્થાને અંબા કૃપા વિદ્યુતનગર કાણકિયા કોલેજ પાછળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**વાંકાનેર:** વાંકાનેર નિવાસી નરેશભાઈ બાબુલાલ સીધ્ધપુરા (ઉ.૬૦) તે જયદીપભાઈના પિતાશ્રી તથા સ્વ. પ્રફુલભાઈના મોટાભાઈ તથા સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. દિલીપભાઈ તથા વિજયભાઈ રવજીભાઈ પીઠવાના બનેવીનું તા.૧૪ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બન્ને પક્ષનું બેસણું તા.૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ આસ્થા ગ્રીન સોસાયટી, ઝાંઝર સિનેમા પાસે, નેશનલ હાઈવે વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુળ ગામ જામખંભાળીયા હાલ રાજકોટ નિવાસી રાજેશભાઈ વ્યાસની પુત્રી દુર્વા (ઉ.૬) તે રતિલાલ ગોવિંદજી વ્યાસની પૌત્રી અને કલ્પેશભાઈ (મોરબી)ની ભત્રીજીનું તા.૧૬ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૧૯ને શુક્રવારે સાંજે ૪થી ૬ વિનાયક ફલેટ વિંગ સી-૨૦૨ રાજલક્ષ્મી સોસાયટી, મોર્ડન સ્કૂલની પાછળ, મોરબી રોડ, રાજકોટ તેમના નિવાસ પર રાખેલ છે.

**સાવરકુંડલા:** ફજલેહુસેન ફકરુદીનભાઈ હિરાણી (કાપડવાલા) ગાધકડા વાલા જેહરાબેનના પુત્ર, કનીજાબેનના શોહર અલીઅસગરભાઈ અને તેહસીનબેન (ભાવનગર)ના પિતા અને સિરાજભાઈ, ખોજેમાભાઈ, ફાતેમાબેન (મહુવા) દુરૈયાબેન (લખનૌ), મુનીરાબેન (બરવાળા), જુમાનાબેન (મુંબઈ)ના ભાઈ તા.૧૬ મંગળવારના રોજ વકાત થયેલ છે. તેમના જિયારતના સિપારા તા.૧૮ ગુરૂવારના રોજ ૧૧.૦૦ વાગ્યે ઈઝઝી મસ્જિદમાં સાવરકુંડલા મુકામે રાખેલ છે.

**રાજકોટ:** મૂળ કરાંચી હાલ રાજકોટ ગં. સ્વ. પાર્વતીબેન હીરાલાલ ચંદારાણા (ઉ. ૮૬) તે સ્વ. હીરાલાલ દેવજી ચંદારાણા (રેલવે)ના ધર્મપત્ની તે સ્વ. મગનલાલ ભવાનજી અનડકટ (કરાંચી) ના પુત્રી તે વિજયભાઈ (PGVCL) તથા પ્રીતિબેનના માતૃશ્રી તે ઉષાબેન તથા ચંદ્રેશકુમાર બુદ્ધદેવ (મુંબઈ) ના સાસુ તે પાર્થ તથા નિધિ દિવ્યેશકુમાર મશરૂના દાદી તેમજ યશના નાની મંગળવાર તા. ૧૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા પિયર પક્ષની સાદડી તા. ૧૮ ને ગુરૂવારના રોજ ગુરુ ગોવિંદસિંહ હોલ, આમ્રપાલી પોલીસ ચોકીની બાજુમાં, રૈયા રોડ, રાજકોટ ખાતે સાંજના ૫ થી ૬ કલાકે રાખેલ છે.

**ગોંડલ:** ગૌ.વા સ્વ. નાથાલાલ ગોવિંદજી છાટબાર ના ધર્મપત્ની ગં. સ્વ.ધનકુવરબેન છાટબાર (ઉ.વ.૯૮) તે ભરતભાઈ.પ્રદિપભાઈ.પ્રતાપભાઈ. અજયભાઈ.લલીતભાઈના માતા તેમજ ચત્રભુજ કુરજીભાઈ.જાજલના પુત્રીનું તા.૧૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે પ્રાર્થનાસભા તા.૧૮ ને ગુરૂવાર ના રોજ સાંજે ૫ થી ૬ બ્રાહ્મ ક્ષત્રિય જ્ઞાતિ પંચની વાડી મોટી બજાર વેરી દરવાજા પાસે ત્રણ બત્તી ચોક ગોંડલ ખાતે રાખેલ છે

**રાજકોટ:** ઔદિત્ય ઝાલાવાડી બ્રાહ્મણ સ્વ.અ.સૌ. રૂપલબેન દીપેનભાઈ વ્યાસ તે દીપેનભાઈના પત્ની તેમજ નીશિતનાં મમ્મી તથા અનસૂયાબેન અરવિંદભાઈ વ્યાસની પુત્રવધૂ તથા ઇન્દુબેન જયેશભાઈ રાવલની પુત્રી તથા દિવ્યેશભાઈ, મનીષભાઈ (રામ), સત્યમભાઈ, રવિભાઈ (બ્લુસેરા), શિવભાઈ, અભિજિતભાઈ, રાહુલભાઈના ભાભી તથા કૌશિકભાઈ, જીતેન્દ્રભાઈની બહેનનું તા.૧૬ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.સદ્દગતનું બેસણું તા.૧૮ ગુરુવાર બપોરે ૪.૩૦ થી ૬ બાલકુંજ,હોબી સેન્ટર, વિવેકાનંદ સોસાયટી, એરપોર્ટ ફાટક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.દીપેનભાઈ વ્યાસ (મો.૯૫૮૬૧૦૦૭૦૦)

**ગોંડલ:** ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ સ્વ. મગનલાલ હેમતલાલ વ્યાસના ધર્મપત્નિ હસુમતીબેન (ઉ.વ.૭૫) તે અરવિંદભાઈ વ્યાસના કાકી, બકુલભાઈ (નગરપાલીકા ગોંડલ) મુકેશભાઈ, ડિમ્પલબેન (એડવોકેટ) પલ્લવીબેન (એડવોકેટ) સિમ્પલબેન વ્યાસના માતુશ્રીનું તા.૧૫ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૮ને ગુરૂવારે સાંજે ૫થી ૭ કલાકે ૧૨/૧૫ ભગવતપરા ગોંડલ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.સુશિલાબેન ચીમનલાલ દેવડા (ડબંગર)(ઉ.વ.૭૫)નું તા.૧૫ સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમજ આશાપુરા પ્રિન્ટ્રિગ પ્રેસવાળા ચીમનભાઈ દેવડાના ધર્મપત્ની અને અજયભાઈ દેવડાના માતૃશ્રી થાય બેસણું તા.૧૮ ગુરૂવારના રોજ સમય સાંજે ૪ થી ૬ અલ્કેશ્વર મહાદેવ મંદિર, અલ્કાપુરી સોસાયટી રૈયા રોડમાં રાખેલ છે.

**રાજકોટ:** ચા.મ.કા.મોઢ બ્રાહ્મણ મુ.મોરબી હાલ ગો.આ.કાંતાબેન કાતીલાલ પંડયા (ઉ.વ.૮૮) તે સ્વ.કાંતિલાલ નાનાલાલ પંડયાના ધર્મપત્ની તેમજ સ્વ.બાબુભાઈ, સ્વ.ધીરજલાલ, પ્રાણલાલ, સ્વ.નવલશંકર, સ્વ.નટવરલાલ, નૌતમ લાલના ભાભી તેમજ દીપકભાઈ, નીરૂબેન, કુસુમબેન નલીનીબેન, નયનાબેનના માતૃશ્રી અને મુખ્યાજી સુરેન્દ્રનગર નિવાસી સ્વ.દયારામભાઈ વાલજીભાઈ ત્રિવેદીના પુત્રી તેમજ સ્વ.દ્વારકાદાસ, સ્વ.પરમાનંદભાઈ, સ્વ.કિશનભાઈ સ્વ.ઈન્દુભાઈના બહેનનું તા.૨૨ ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદ્દગત ઉઠમણું તેમજ પિયર પક્ષનું બેસણુ તા.૧૮ ગુરૂવારના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાકે ચા.મ.કા. મોઢ બ્રાહ્મણ જ્ઞાતીનીવાડી ૧૦/૧૧ સાવસર પ્લોટ મોરબી મુકામે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.પ્રભુદાસભાઈ પીતાંબરભાઈ વિઠલાણી (ઉ.વ.૮૫) તેઓ સ્વ. પીતાંબરભાઈ વિઠલાણીના સુપુત્ર, દિપેશભાઈ , ચિરાગભાઈ તથા જલ્પાબેનના પિતાશ્રી તથા આરતીબેન, નેહાબેન અને પરેશભાઇ વાઘાણીના સસરાનું તા.૧૫ના રોજ અવસાન થયેલ છે. સદગત ની બન્ને પક્ષની પ્રાથનાસભા તા.૧૮ ગુરૂવાર સાંજે ૪ થી ૫ કલાકે રોટરી હોલ, ગાંધીધામ નગરપાલિકા ઓફિસની સામે, અગ્રવાલ સમાજ ની બાજુમાં ગાંધીધામ ખાતે રાખેલ છે.


## શ્રધ્ધાંજલિ



**સ્વ.ચંદુભાઈ ચકુભાઈ કલોલા**
**સ્વ.તા.૧૦-૦૪-૨૦૨૪, બુધવાર**

સમય જીંદગીનો ઓછો હશે, કયાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે,
કયાં ખબર હતી મહેનતુ જીવન વ્યતીત કરી, સ્નેહની સૌરભ મુકી,
જનારા તમે આજે પણ અમારી વચ્ચેજ છો.
અમારા સૌના હૃદયમાં તમે આજે પણ જીવંત છો.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

**દિલીપભાઈ ચંદુભાઈ કલોલા | પારૂલબેન દિલીપભાઈ કલોલા**
**વિજયભાઈ ચંદુભાઈ કલોલા | મીરલબેન વિજયભાઈ કલોલા**
**દિવ્યાંશુ - કેવિન**
**તથા કલોલા પરિવારના જય શ્રી કૃષ્ણ...**

Samrat-97129 95133



**સ્વ. રૂડીબેન લક્ષ્મણભાઇ ધામા**
સ્વ. તા. ૩૦-૩-૨૦૨૩
(રામનવમી)

## પ્રથમ પુણ્યતિથી શ્રધ્ધાંજલી -માંગરોળ

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી જે નાશ પામે છે તે શરીર છે, આત્મા આજીવન શાશ્વત અને અમર છે ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુ પાસે પ્રાર્થના

**લી.જેઠાભાઇ લક્ષ્મણભાઇ ધામા**
**વિક્રમ જેઠાભાઇ ધામા**
**માંગરોળ**



**સ્વ.જગદીશભાઈ કાન્તીભાઈ વૈશ્રવ (પરમાર)**
**સ્વ.તા.૧૬-૪-૨૦૨૪**
**મંગળવાર, રાજકોટ**

## દુ:ખદ અવસાન-બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી જગદીશભાઈ કાન્તીભાઈ વૈશ્નવ (પરમાર) (ઉ.વ.૬૫) તા.૧૬-૪-૨૦૨૪ને મંગળવારના રોજ શ્રી રામચરણ પામેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારી પ્રભુને પ્રાર્થના... ૐ શાંતિ...શાંતિ...શાંતિ... સદગતનું બેસણું તા.૧૮-૪-૨૦૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૪થી૬, વાણંદ સમાજની વાડી, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે રાખેલ છે.

**લી. મનિષભાઈ જગદીશભાઈ પરમાર ૯૭૨૭૯ ૯૯૦૦૧**
**સંજયભાઈ જગદીશભાઈ પરમાર**
**ચિરાગભાઈ દિપકભાઈ પરમાર-૮૨૦૦૧ ૨૫૨૪૭**
**તથા પરમાર પરિવારના જય શ્રીકૃષ્ણ**

## પ્રાર્થના સભા



**સ્વ. પાર્વતીબેન હીરાલાલ ચંદારાણા**
સ્વ.તા. ૧૬-૪-૨૦૨૪, મંગળવાર

મુળ કરાંચી હાલ રાજકોટ ગં.સ્વ. પાર્વતીબેન હીરાલાલ ચંદારાણા (ઉ.વ.૮૬) તે સ્વ. હીરાલાલ દેવજી ચંદારાણા (રેલ્વે)ના ધર્મપત્ની તે સ્વ. મગનલાલ ભવાનજી ઉનડકટ (કરાંચી) ના પુત્રી તે વિજયભાઇ (PGVCL) તથા પ્રીતીબેનના માતુશ્રી તે ઉષાબેન તથા ચંદ્રેશકુમાર બુધ્ધદેવ (મુંબઇ) ના સાસુ તે પાર્થ તથા નિધિ દિવ્યેશકુમાર મશરૂના દાદી તેમજ યશના નાની તે સ્વ. કાંતિભાઇ, સ્વ. કેશવભાઇ, સ્વ. પ્રતાપભાઇ તથા અનંતરાય મગનલાલ ઉનડકટ (ચા વાળા) સ્વ. વિજયાબેન (મુંબઇ), પ્રભાબેન (નાગપુર)ના બહેન તા. ૧૬-૪-૨૦૨૪ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

**સદ્ગતની પ્રાર્થનાસભા તથા પિયર પક્ષની સાદડી**

તા.૧૮-૪-૨૦૨૪, ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ દરમ્યાન ગુરુ ગોવિંદસિંહ હૉલ, આમ્રપાલી પોલીસ ચોકીની બાજુમાં, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાન: સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોન: ન્યુઝ રૂમ: ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબર: ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશન: ૨૪૭૩૯૧૮, ફેક્સ: ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

રેસકોર્સ રીંગ રોડ પરથી ભાજપના બેનરો ધડાધડ હટાવાયા

# રૂપાલાના હોર્ડિંગ્સ વિરૂધ્ધ ફરિયાદ કરતો ક્ષત્રિય સમાજ : તાબડતોબ બેનરો ઉતારાયા

## આચારસંહિતામાં હોર્ડિંગ્સમાં મુદ્રક-પ્રકાશકના નામનો છેદ ઉડાડાતા સી-વીઝીલ એપ્લીકિશનમાં ફરિયાદ બાદ કાર્યવાહી

રાજકોટ, તા. ૧૭

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ભાજપ દ્વારા આચારસંહિતાનો ભંગ કરાઇ રહ્યાની રાજપૂત-ક્ષત્રિય સમાજની ફરિયાદ બાદ આજે શહેરના રેસકોર્ષ રીંગ રોડ પરથી તાબડતોબ ભાજપના હોર્ડિંગ્સ ચૂંટણી પંચ દ્વારા ઉતારી લેવામાં આવેલ હતા.

આ મામલે ક્ષત્રિય-રાજપૂત સમાજના શૈલેન્દ્રસિંહ જાડેજા સહિતના આગેવાનો દ્વારા ગઇકાલે સી-વીઝીલ એપમાં ઓનલાઇન ફરિયાદ દાખલ કરાયા બાદ આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે આગેવાનોએ રૂબરૂ દોડી આવી અધિક કલેકટર (ચૂંટણી)ને રજૂઆત કરી હતી.

જે બાદ શહેરના રેસકોર્સ રીંગ રોડ પરથી ભાજપના હોર્ડિંગ્સ તાબડતોબ ઉતારી લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

દરમ્યાન શૈલેન્દ્રસિંહ જાડેજાએ 'સાંજ સમાચાર' સાથે આ અંગે કરેલી વાતચીતમાં જણાવ્યું હતું કે ભાજપ દ્વારા શહેરમાં જે હોર્ડિંગ્સ લગાડવામાં આવેલ તેમાં મુદ્રક-પ્રકાશકનું નામ લખવું અનિવાર્ય છે. પરંતુ ભાજપના આ હોર્ડિંગ્સમાં મુદ્રક-પ્રકાશકનું નામ નહીં લખી આચારસંહિતાનો ખુલ્લેખુલ્લો ભંગ કરાયો છે. આ બાબતે તાબડતોબ પગલા લેવા તેઓએ લોકપ્રતિનિધિ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૭-એ મુજબ પગલા લેવા તેઓએ ફરિયાદ કરી હતી.



જે બાદ ચૂંટણી પંચ દ્વારા તાબડતોબ શહેરના રેસકોર્સ રીંગ રોડ પરથી ભાજપના હોર્ડિંગ્સ હટાવવામાં આવેલ છે. પરંતુ આ હોર્ડિંગ્સ હટાવવાની સાથે ભાજપ દ્વારા નવા હોર્ડિંગ્સ લગાવવાની પણ સાથે સાથે કામગીરી થઇ રહી છે તેવું શૈલેન્દ્રસિંહ જાડેજાએ જણાવી ઉમેર્યુ હતું કે આ નવા હોર્ડિંગની સૂચના કોને આપી ? તે એક પ્રશ્ન છે. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા એક બાજુ આદર્શ આચારસંહિતાનું પાલન થઇ રહ્યાનું ગાણુ ગવાઇ રહ્યું છે જયારે બીજી તરફ સતાધારી ભાજપ પક્ષ દ્વારા ખુલ્લેઆમ આચારસંહિતાનો ભંગ કરવામાં આવી રહ્યો છે. આ બાબતે ચૂંટણી પંચે યોગ્ય પગલા લેવા આવશ્યક છે. શહેરમાં મુદ્રક-પ્રકાશક લખ્યા વગરના ભાજપ દ્વારા જયાં જયાં હોર્ડિંગ્સ લગાવેલ છે તે તમામ હોર્ડિંગ્સ તાબડતોબ દુર કરવામાં આવે તેવી પણ તેઓએ માંગ ઉઠાવી છે. સાથોસાથ તેઓએ ખુલ્લેઆમ આચારસંહિતાનો ભંગ કરતા રાજકીય પક્ષો સામે કાર્યવાહી કરવામાં આવે તેમ પણ જણાવાયું છે.

### હોર્ડિંગ્સ ઉતારવા તંત્ર પાસે માણસો ખૂટી પડ્યા, જે-તે એજન્સી કાર્ય કરવા લાગતા ક્ષત્રિય અગ્રણીઓએ પોલીસ બોલાવી

રાજકોટ: રેસકોર્ષ રોડ ફરતે પ્રકાશક-મુદ્રકનો ઉલ્લેખ કર્યા વગરના પોસ્ટરો ભાજપે લગાવ્યા હતા. ક્ષત્રિય સમાજના અગ્રણી વકીલોએ આ અંગે બૌદ્ધિક લડાઈ શરૂ કરી છે. આ તમામ બોર્ડ ઉતારી લેવા ચૂંટણી પંચને ઓનલાઈન એપ્લિકેશન મારફત ફરિયાદ કરી હતી. જેથી ભર બપોરે તંત્ર દોડતું થઈ ગયું હતું. આ અંગે એડવોકેટ શૈલેન્દ્રસિંહ જાડેજાએ સાંજ સમાચારને જણાવ્યું કે, બોર્ડની સંખ્યા વધુ છે એટલે તંત્રના અધિકારીઓએ કહ્યું કે, અમારી પાસે માણસો નથી. અમે ફરિયાદ ચૂંટણી પંચને કરી હતી પણ અહીં હોર્ડિંગ્સ લગાવનાર ખાનગી હોર્ડિંગ્સ એજન્સીને જાણ થઈ જતા તે એજન્સીના માણસો આવી હોર્ડિંગ્સ ઉતારવા લગતા અમે તે અંગે વિરોધ દર્શાવ્યો છે. તંત્રના માણસોએ જ આ હોર્ડિંગ્સ ઉતારવા જોઈએ. જોકે એમ ન થતા અમે પોલીસ બોલાવી છે.

# ઘરેથી હોસ્પિટલે જવાનું કહીં નીકળેલી પરિણીતા ભેદી રીતે ગુમ

## પતિને ફોન કરી આંબેડકરનગર વિસ્તારમાંથી નીકળેલી પરિણીતાની ભાળ ન મળતાં પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૧૭

ગઈકાલે આંબેડકરનગર વિસ્તારમાંથી પતિને ફોન કરી ઘરેથી હોસ્પિટલે જવાનું કહીં નીકળેલી પરિણીતા ભેદી રીતે ગુમ થતાં માલવીયાનગર પોલીસે ગુમ નોંધ કરી તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, ગોંડલ રોડ પર આંબેડકરનગર વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતાએ કામ પર ગયેલાં તેના પતિને ફોન કરી હું હોસ્પિટલે પેટના દુખાવાની દવા લેવાં જાવ છું કહીં ઘરેથી નીકળી ગઈ હતી. જે બાદ યુવક ઘરે આવતાં તેમની પત્ની ઘરે હાજર ન મળતાં તપાસ હાથ ધરતાં તેણીનો કોઈ પત્તો ન લાગતાં યુવાન માલવીયાનગર પોલીસ મથકે દોડી આવ્યો હતો અને પોલીસને બનાવ અંગે જાણ કરતાં માલવીયનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ હિરેન પરમાર અને ટીમે ગુમનોંધ નોંધી પરિણીતાના મોબાઈલ નંબર પરથી તેની શોધખોળ હાથ ધરી હતી. પરિણીતાએ કોફી કલરનો પંજાબી ડ્રેસ અને બંને હાથે અંગૂઠા પર p ત્રોફાવેલ છે.

# આખરે એક માસ બાદ રેલવે કોલોનીની તરસ છીપાઈ: મનપાએ કપાત કરેલા જોડાણો ફરી જોડી આપ્યા

## કોઠી કમ્પાઉન્ડ, લોકો કોલોની, રૂખડીયા કોલોનીનું પાણી જોડાણ જોઇન્ટ થતાં ૨૦૦૦ પરિવારોએ રાહતનો શ્વાસ લીધો

રાજકોટ, તા.૧૭

એકાદ માસ પૂર્વે રાજકોટ મ્યુ. કોર્પોરેશન વેરા શાખાએ રેલ્વે તંત્ર પાસે પાણી વેરા સહિતની વેરા વસુલાતમાં વેરો ભરપાઇ નહીં થયાનું જણાવી રેલવે કોલોનીને સપ્લાય થતો પાણી પુરવઠો (નળ જોડાણો) કાપી નાખતા ઉનાળાની ઋતુમાં રેલ્વે કર્મચારીઓના પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા હતા. રેલવે તંત્રએ વેરાની રકમ ભરપાઇ કરી દીધી હોવા છતાં કોર્પોરેશન તંત્રએ મુખ્ય ત્રણ પાણીનાં જોડાણો કાપી નાખ્યા હતા. અંદાજે ૨૦૦૦ રેલ કર્મચારી પરિવારજનો પાણી માટે એક માસ સુધી વલખા માર્યા હતા આખરે મ્યુ. કોર્પોરેશન તંત્રએ કોઠી કમ્પાઉન્ડ, લોકો કોલોની અને રૂખડીયા કોલોનીનાં જોડાણો ફરી જોડી



આપતા પરિવારજનોએ હાશકારો અનુભવ્યો છે. મ્યુ. કોર્પોરેશન તંત્રએ રેલ્વેને વેરાની લ્હેણી રકમનું લાંબુ લચક બીલ આપી વેરાની પઠાણી ઉઘરાણી સાથે ગત તા.૧૬મી માર્ચે રેલ્વે કોલોનીમાં કોઠી કમ્પાઉન્ડ, લોકો કોલોની અને રૂખડીયા કોલોનીમાં સપ્લાય થતી પાણીની મુખ્ય પાઇપ લાઇનોના જોડાણ કપાત કરી નાખતા રેલવે તંત્રએ બીજા દિવસે જ વેરાની રકમ ભરપાઇ કરી સાથે મ્યુ. કમિશનરને લેખીત જાણ કરી હોવા છતાં પાલિકાએ જોડાણ નહીં કરતા આ ત્રણેય કોલોનીમાં રેલ્વે તંત્રએ ટેન્શનથી પાણી વિતરણ શરુ કર્યું હતું. ટેન્કર સમયે પરિવારજનો વચ્ચે ઝઘડાઓ શરુ થયા હતા. ઉનાળામાં પાણીની અછતથી કર્મચારીઓ અને તેના પરિવારજનો બે તંત્રની લડાઇમાં ભીસાઇ ગયા હતા. લોકોને પ્રાથમિક સુવિધા પુરી પાડવી એ મ્યુ. કોર્પો.ની ફરજ હોવા છતાં કોર્પોરેશને નાહકનો રેલ્વે કર્મચારી-પરિવારોનો ભરઉનાળે વારો કાઢી નાખ્યો હતો. આખરે એક માસ બાદ કોર્પોરેશન તંત્રનાં અધિકારીઓને હૈયે લાગણી જન્મી હોય તેમ ત્રણેય મુખ્ય લાઇનોનાં નળ જોડાણ પુનઃ જોડી આપતા રેલવે કોલોનીમાં પાણી પુરવઠો પુર્વવત થતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

# સરધાર નજીક કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપાયોઃ ચાલક ફરાર

## ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી ૮૦૦ લીટર દેશી દારૂ મળી રૂ.૫.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કારચાલકની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૧૭

સરધાર નજીક મકનપર -બોડપર ગામના રસ્તા પરથી કારમાંથી દેશી દારૂનો જથ્થો ક્રાઈમ બ્રાન્ચે ઝડપી રૂ.૫.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી છૂટેલા કારચાલકની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ મેહુલ ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે રાજકોટ ભાવનગર હાઈવે નજીકમાં આવેલ સરધારથી આગળ મકનપર -બોડપર ગામના રસ્તા પરથી દેશી દારૂના જથ્થા સાથે એક પીકઅપ ગાડી પસાર થવાની છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ મકનપર - બાડપર રોડ પર વોચમાં હતાં ત્યારે પસાર થયેલ કાર અટકાવવાનો પ્રયાસ કરતાં કારચાલકે કાર ભગાડી મૂકી થોડે આગળ કાર રેઢી મૂકી નાસી છૂટ્યો હતો. બાદમાં સ્ટાફે કાર નં. જીજે-૧૩-એ ડબ્લ્યુ-૫૮૩૮ માં તપાસ કરતાં તેમાંથી પ્લાસ્ટીકના ૩૫ બાચકામાં ભરેલો દેશી દારૂ ૮૭૫ લીટરનો જથ્થો મળી આવતાં કુલ રૂ. ૫.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

# લેટરપેડનો દુરુપયોગ કરાયાની જાણ કરી એડવોકેટ દિલીપ પટેલ સામે પગલાં લેવા હાઈકોર્ટની સમિતિએ બીસીઆઈને નિર્દેશ કર્યો

## ડી.કે. પટેલ દ્વારા ઉઠાવવામાં આવેલી ફરિયાદો વ્યક્તિગત વધુ હતી : ચીફ જસ્ટિસ અને અન્ય ન્યાયાધીશોના નિર્દેશથી વડી અદાલતના રજિસ્ટ્રારે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને પત્ર લખ્યો

રાજકોટ, તા.૧૭

બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના મેમ્બર અને રાજકોટના સિનિયર એડવોકેટ દિલીપ પટેલે બીસીઆઈના લેટરપેડનો દુરુપયોગ કર્યાની જાણ કરી તેમની સામે પગલાં લેવા હાઇકોર્ટની સમિતિએ બીસીઆઈને નિર્દેશ કર્યો છે. એડવોકેટ ડી. કે. પટેલ દ્વારા ઉઠાવવામાં આવેલી ફરિયાદો વ્યક્તિગત વધુ હતી તેવું માની ચીફ જસ્ટિસ અને અન્ય ન્યાયાધીશોના નિર્દેશથી વડી અદાલતના રજિસ્ટ્રારે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને પત્ર લખ્યો છે.

વિસ્તૃત વિગત મુજબ, જામનગર રોડ પર નવી કોર્ટ બિલ્ડિંગમાં સુવિધાઓને લઈ રજુઆતો થતી રહી છે, ત્યારે નવી કોર્ટમાં વકીલોને પ્રાથમિક સુવિધાઓ આપવા માટે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના મેમ્બર દિલીપભાઈ પટેલે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયાને બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના લેટરપેડ પર પત્ર લખ્યો હતો. આ પત્રમાં નવી કોર્ટનું ઉદઘાટન ઉતાવળે થયાનું લખાયું હતું. કોર્ટના નવા બિલ્ડીંગમાં બે હજાર વકીલોને બેસવા માટે ટેબલ વ્યવસ્થા કરવા રજૂઆત કરી હતી. ઉપરાંત નવી બિલ્ડિંગમાં ચાર દિવસમાં લિફ્ટ બંધ થઇ ગઇ, વકીલો અને અસીલો લિફ્ટમાં ફસાઈ ગયા, વકીલોને બેસવા ટેબલ ખુરશી કોર્ટે ફાળવવા માટે વચન આપ્યું હતું પણ શું થયું તે ધ્યાને લેવું જોઇએ અને વડોદરા કોર્ટનું આંદોલન ભુલાવું ન જોઇએ વગેરે લખાયું હતું. આ અંગે હાઇકોર્ટમાં ન્યાયાધીશોની કમિટીએ એડવોકેટ ડી.કે. પટેલ આવા કોઈ પત્ર લખવા માટે અધિકૃત નથી. તેઓ રાજકોટ બારમાં પ્રતિનિધિત્વ કરતા નથી કે તે કરવા માટે પણ અધિકૃત ન હોવાનો ઉલ્લેખ કરી, દિલીપ પટેલે કરેલી ફરિયાદો વ્યક્તિગત પ્રકારની હોવાનું અને પોતાની જાતને ખોટી રીતે રજૂ કરી, બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની એડવોકેટ વેલ્ફેર કમિટીના ચેરમેન તરીકે પત્ર લખતા હોય તેવી છાપ ઊભી કરી છે. લેટરપેડનો દુરુપયોગ કર્યો હોવાનું માની આ બાબતે પગલાં લેવા બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને નિર્દેશ કરાયો છે. આ નિર્દેશમાં એવું પણ લખાયું છે કે, બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ દિલીપ પટેલને આ માટે કોઈ સત્તા આપી નહોતી. જેથી તેની સામે યોગ્ય પગલાં લેવા બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના ચેરમેનને સંબોધી હાઇકોર્ટના રજિસ્ટ્રાર દ્વારા પત્ર લખાયો છે.

### મેં વકીલોના પ્રશ્નો ઉઠાવ્યા હતા : દિલીપ પટેલ

આ અંગે દિલીપ પટેલે સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, હું બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનો પ્રતિનિધિ છું. એ ઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયામાં મેમ્બર છું. એ દ્રષ્ટિએ હું ગુજરાતભરના વકીલોનું પ્રતિનિધિત્વ કરું છું. જેથી વકીલોના કોઈ પણ પ્રશ્નો હું રજુઆત કરું છું. અહીં પણ મેં વકીલોના પ્રશ્નોને લઈ રજુઆત કરી હતી.



### યાત્રાધામ વિરપુર અને ખોડલધામથી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ પ્રચાર શરૂ કર્યો :નરેશ પટેલ સાથે બેઠક યોજી

રાજકોટ લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણી ખોડલધામ ખાતે પહોંચ્યા હતા, પરેશ ધાનાણી ખોડલધામ ખાતે માં ખોડલના દર્શન કર્યા હતા. ત્યાર બાદ વીરપુર પૂજ્ય જલારામ બાપાના દર્શન કર્યા હતા, પરેશ ધાનાણી સાથે અનેક કોંગ્રેસ પક્ષના નેતાઓ.તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં અમરેલી લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર, તેમજ જુનાગઢ લોકસભાના ઉમેદવાર હીરાભાઈ જોટવા, અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.ખોડલધામ ધામના ટ્રસ્ટી ખેસ પહેરાવીને સ્વાગત કર્યું હતું. કોંગ્રેસના નેતાઓ ખોડલધામ ખાતે પહોંચતા ચેરમેન નરેશ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. માં ખોડલના દર્શન કરી લોકસભામાં જવલંત વિજય મેળવવા આશીર્વાદ લીધા હતા, ખોડલધામ ખાતે પરેશ ધાનાણી અને નરેશ પટેલ સાથે બંધ બારણે બેઠક યોજી મંત્રણા કરી હતી.

# જેલમાં રામધૂનની ધૂમ મચી : રામનવમીની હર્ષોલ્લાસ સાથે



રાજકોટ, તા.૧૭

અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા બાદ દેશભરમાં રામમય વાતાવરણ સર્જાયું છે. ત્યારે આજે રામ નવમીના પાવન પર્વ નિમિતે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રામધુનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં જેલના તમામ બંદીવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેલના કેદીઓએ ભજન મંડળી દ્વારા શ્રી રામ ભગવાનના ભજન અને ધુન ગાઈ ભાવભેર ઉજવણી કરી હતી. આ તબ્બકે સમગ્ર જેલનુ વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. અને જયશ્રી રામના નાદથી જેલ પરીસર ગુંજી ઉઠ્યું હતું.આ પ્રસંગે જેલના અધિકારી/કર્મચારીઓ દ્વારા દીપ પ્રગટાવી રામનવમીના પાવન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# જીએસટી કૌભાંડમાં આરોપી પિતા, પુત્રની રેગ્યુલર જામીન અરજી રદ

## ભંગાર સ્કેપ માલની ડીવરી પેટે બિલો આપી રૂ.૧.૩૫ કરોડનું જીએસટી કૌભાંડ કર્યાની ફરિયાદ થઈ હતી

રાજકોટ, તા.૧૭

જી.એસ.ટી. કૌભાંડમાં આરોપીઓ જીત કિશોરભાઈ સખીયા તથા કિશોરભાઈ પોપટભાઈ સખીયાની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે રદ કરેલ છે.



પરાગ શાહ
સરકારી વકીલ

કેસની વિગત મુજબ, હકીકત એવી છે કે, ફરીયાદી રઘુભાઈ ડોબરીયાએ તા. ૧૪/૩/૨૦૨૪ ના રોજ આરોપીઓ જીત તથા કિશોરભાઈ વિરુદ્ધ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ- ૪૦૬, ૪૨૦ મુજબ ફરીયાદ નોંધાવેલી હતી. ધરપકડ બાદ આરોપીઓએ રેગ્યુલર જામીન પર છુટવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરેલ હતી. જેમાં સરકાર તરફે સરકારી વકીલ પરાગ શાહ હાજર થયેલા અને તેઓએ પોલીસ પેપર્સ તથા સોગંદનામું રજુ રાખેલુ અને એ રીતની દલીલો કરેલી કે બંને આરોપીઓએ ભેગા મળી ફરીયાદી તથા અન્ય નવેક લોકો સાથે ભંગાર સ્કેપ માલનો ધંધો કરતા હતા અને તે માલની ડીવરી પેટે મેસર્સ હેન્ટેક ઈન્ડસ્ટ્રીઝ તથા ગ્લોરીયસ ટ્રેડલીંક નામની પેઢીના જી.એસ.ટી.વાળા બીલ આપતા હતા અને તે પેટે કુલ રૂ. ૧,૩૫, ૯૭, ૬૧૫/- જી.એસ.ટી. થતો હતો જે નહી ભરી જી.એસ.ટી.ની પુરેપુરી રકમ ઓળવી ગયેલા હતા. જી.એસ.ટી. ડીપાર્ટમેન્ટ દ્વારા જયારે ગ્લોરીયસ ટ્રેડલીંક નામની પેઢીમાં સ્થાનિક પંચનામું કરેલુ ત્યારે હકીકત બહાર આવેલી કે આ નામની પેઢી ત્યા અસ્તિત્વ જ ધરાવતી નથી અને આ બંને પેઢીમાંથી કોઈપણ પેઢી રેગ્યુલર ટેક્ષપેયર નથી. ગુનાની ગંભીરતા ધ્યાને લઈ કોર્ટે આરોપી જીત સખીયા તથા કિશોરભાઈ સખીયાની જામીન અરજી નામંજુર કરેલ હતી. આ કેસમાં સરકારી વકીલ પરાગ એન.શાહ રોકાયેલ હતા.

### અવસાન નોંધ

**રાજકોટ:** સ્વ. પરસોતમદાસ તુલસીદાસ નથવાણી (ખંઢેરા વાળા)ના પુત્ર સ્વ. કિશોરભાઈ પરસોતમદાસ નથવાણી (ઉ.વ.૮૮) (જમીન વિકાસ બેંક) તે સ્વ. કાનજીભાઈ લાલજીભાઈ ઠક્કર (કોટક)ના જમાઈ તા.૧૬ને મંગળવારના રોજ અવસાન પામેલ છે. સદ્ગતની પિયર પક્ષની સાદડી તથા બેસણું તા.૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૫થી ૬-૩૦ કલાકે યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** દલસુખભાઈ ગોપાલદાસ ચોલેરા (બીએસએનએલ) તે ચિરાગ દલસુખભાઈ ચોલેરા તથા શીતલબેન અમૂલભાઈ અખાણીના પિતાશ્રી તથા છાયાબેન ચિરાગભાઈ ચોલેરાના સસરા તેમજ દુર્લભજી મોહનલાલ કોટકના બનેવી તા.૧૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૧૮ના રોજ ઓમકારેશ્વર મહાદેવ મંદિર, શ્રીજી પાર્ક મેઈન રોડ, રૈયા રોડ, નાયરા પેટ્રોલ પંપ પહેલા, રાજકોટ ખાતે ૫.૦૦ થી

રામનવમીના પવિત્ર દિને

# રાજકોટના સીંગર ડો. પ્રીતિ ભટ્ટની નવી યુ-ટયુબ ચેનલ પર રામ સ્તુતિનું લોન્ચીંગ

રાજકોટ તા.૧૭

રાજકોટના સીંગર, એન્કર, રાઈટર, એકટર અને ડયુઅલ વોઈસ કિવન ડો. પ્રીતિ ભટ્ટ દ્વારા આજરોજ રામનવમીના પવિત્ર દિને પોતાની નવી યુ-ટયુબ ચેનલ 'સિધ્ધ મ્યુઝિક' પર શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન.. રામ સ્તુતિ લોન્ચ કરવામાં આવી છે. જેમાં ડો. પ્રીતિ ભટ્ટે પોતાના સુમધુર અવાજમાં ગીતની પ્રસ્તુતિ કરી છે.

યુવા સંગીતકાર ઓમ દવેએ મ્યુઝીક આપ્યું છે. અને નીરજ વ્યાસે અદભૂત એનીમેશન કર્યું છે. એક ફિલ્મી રૂપે શ્રીરામજીની સ્તુતીનો વિડીયો તૈયાર કરાયો છે. આજની પેઢીને આકર્ષે તથા તમામ પરિબળોને ધ્યાનમાં રાખી ૫ મીનીટનું ગીત તૈયાર કરાયું છે. આ ગીત તમામ ઓડિયો ઓટીટી પ્લેટફોર્મ પર સાંભળી શકાશે.



(તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

જૈનાચાર્ય શ્રી અજિતયશસૂરિજી મ. તથા આ.શ્રી સંસ્કારયશસૂરિજી મ.ની નિશ્રામાં

# મણિયાર દેરાસરના આંગણે ચૈત્ર માસની શાશ્વતી આયંબીલ ઓળીની આરાધનાનો શાનદાર પ્રારંભ



રાજકોટ તા.૧૭

સાધના મનીષી, પ્રભાવી જૈનાચાર્ય શ્રી અજિતયશ સૂરીધરજી મહારાજા તથા પ્રવચન પ્રભાવક જૈનાચાર્ય શ્રી સંસ્કારયશસૂરીધરજી મ.સા. આદિ વિશાળ શ્રમણ તથા પ્રવચન પ્રભાવિકા સા.વર્યા શ્રી વિરતિમાલાશ્રીજી આદી શ્રમણી ભગવંતોનો તા.૧૪ એપ્રિલના માણીયાર સંઘમાં ભવ્ય પ્રવેશ થયો ત્યારે સકલ સંઘોએ પૂજ્યશ્રીને અંતરના હર્ષનાદથી વધાવ્યા હતા.

પૂજ્ય આચાર્યશ્રીના આગમ પ્રસંગને જૈનોએ પર્યુષાણ પર્વના આગમન સમાન ગણાવ્યો હતો. આચાર્યશ્રીની પ્રભાવક, પ્રેરક જીવન પરિવર્તક વાણીનો લાભ લેવા જૈન અગ્રણીઓએ પણ પ્રતિદિન આપવાનો સંકલ્પ કર્યો હતો.

જીવનને સ્પીરીચ્યુલ ઉંચાઈથી લઈને પ્રેકિટકલ સચ્ચાઈ સુધીની સોલીડ પ્રેરણાઓના ધોધ એટલે પૂજયશ્રીનું પ્રવચનધારા છે. પોતાના સંયમ સુવર્ણ વર્ષમાં દીક્ષા જીવનના ૫૦/૫૦ વર્ષે સૌ પ્રથમવાર જ રાજકોટમાં પદાર્પણ કરનારા જૈનાચાર્યશ્રી અજિતયશસૂરીધરજી, સાધના, માર્મિકતા, ભકિત, અને પ્રભાવક પ્રેરણા સૌ પુણ્યવાનો માટે આનંદદાયક બની ગઈ છે. મણિયાર સંઘમાં પ્રતિદિન સવારે ૭થી ૮-૧૫ના પ્રવચનો તથા બહેનોમાં ૧૦-૧૫થી ૧૧-૧૫ના પ્રવચનો તથા સાંજની સંધ્યા ભકિતમાં સૌને લાભ લેવાનો સમસ્ત માણીયાર સંઘનો રાજકોટની જૈન જનતાને હાર્દિક અનુરોધ છે.

પૂજયશ્રીની નિશ્રામાં ભાવિકો ચૈત્ર માસની શાશ્વતી આયંબીલ ઓળીની આરાધના કરી રહ્યા છે અને પૂજયશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લઈ રહ્યા છે તેમ અરૂણભાઈ દોશી, જીતુભાઈ મારવાડીએ જણાવેલ છે.

# શું રાજકુમાર રાવે પ્લાસ્ટિક સર્જરી કરાવી હતી?

મુંબઇ : રાજકુમાર રાવ તાજેતરમાં દિલજીત દોસાંજના કોન્સર્ટમાં ગયો હતો, જ્યાં તે થોડો બદલાયેલો દેખાતો હતો. તેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી, જેને જોઈને યુઝર્સ દાવો કરી રહ્યા છે કે તેણે પ્લાસ્ટિક સર્જરી ગાલને ઈમ્પ્લાન્ટ કરાવ્યું છે! જોકે, ચાહકો આ લુકથી બિલકુલ ખુશ નથી. તેઓ કહે છે કે રાજકુમારે તેનું આકર્ષણ ગુમાવ્યું છે. પરંતુ અત્યાર સુધી અભિનેતાએ આ અંગે કોઇ પ્રતિભાવ આપેલ નથી.



યુઝર્સ સોશિયલ મીડિયા પર રાજકુમાર રાવની જૂની અને હાલની તસ્વીરોની સરખામણી કરી રહ્યા છે. કેટલાક લોકો તેની સરખામણી 'ફાઇટર' વિલન રિષભ સાહની સાથે કરી રહ્યા છે, તો કેટલાક તેને અનુષ્કા શર્માનું 'પુરૂષ' વર્ઝન પણ કહી રહ્યા છે. યુઝર્સ એક્ટરને પૂછી રહ્યા છે કે આની શું જરૂર હતી! તમને જણાવી દઈએ કે હાલમાં અભિનેતા તેની ફિલ્મ 'શ્રીકાંત' અને 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' માટે ચર્ચામાં છે. 'શ્રીકાંત' ફિલ્મ ૩૧ મે ૨૦૨૪ના રોજ રીલિઝ થશે. જહાન્વી કપૂર તેની સાથે 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'માં જોવા મળશે. આ ફિલ્મ ૩૧મી મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે.

### વીમા

(છેલ્લા પાનાનું ચાલુ)

કરે છે તો તે ઓછી રકમવાળી વીમા પોલીસી ખરીદી શકશે. જેની કિંમત સામાન્ય પોલીસીથી ઓછી હશે.

**વીમા ખર્ચમાં ઘટાડો થશે**

જાણકારોનું કહેવુ છે કે આ સિવાય એવા ચાલકોને પણ રાહત મળશે. જે માત્ર વાહનને થનારા મોટા નુકશાન માટે વીમા કવર ઈચ્છે છે. પોતાના પૈસાથી નાના નુકશાનનો સામનો ખુદ ગ્રાહક કરી શકે છે. આ સ્થિતિમાં વીમાના ખર્ચમાં ઘટાડો આવશે.કંપનીઓ ઝડપથી આવા વીમા લાવી શકે છે.

**દુકાનદારોને લાભઃ**

દુકાનદારો અને વેપારીઓ માટે પોતાના વ્યવસાય માટે ૧૨ જુદા જુદા પ્રકારના જોખમ કવર કરનારી વીમા પોલીસી આપવામાં આવે છે. જેની કિંમત પણ વધુ હોય છે. જયારે નવી વ્યવસ્થામાં દુકાનદાર કે વેપારી પોતાની જરૂરીયાત મુજબ માત્ર આગ પૂર કે ભૂકંપ જેવી આપતિઓનાં કવર માટે વીમા પોલીસી ખરીદી શકશે.

**બોર્ડની મંજુરી જરૂરીઃ** આ બારામાં ઈરડા દ્વારા જાહેર સુચનામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે નવા વીમા ઉત્પાદન તેમાં કવર થનાર બધા ક્ષેત્ર અને તેની સાથે જોડાયેલ વિજ્ઞાપન વીમા કંપનીમાં બોર્ડ દ્વારા અનુમોદીત હોવા જોઈએ બોર્ડ પર નીતિઓનાં કાર્યાન્વયનની જવાબદારી હશે.

### અનેક બેઠકો પર ઉમેદવાર સામે અસંતોષમાં ભાજપે ડેમેજ કંટ્રોલ કર્યાનો સંકેતઃ રાજકોટ હજું ચિંતા

# વિવાદના વાવાઝોડા શમી ગયા! ભાજપને વિશ્વાસ; કોંગ્રેસને હજુ લાભની આશા

**ક્ષત્રિય સમાજના તા.૧૯ના પ્લાન-બી પર નજરઃ અગાઉ જેટલું જ 'જોર' બતાવી શકશે! વધશે કે વિરોધ ઢીલો પડી જશે? મિક્સ સંકેતઃ ભાજપ ભાગલાની ફિરાકમાં**

**રાજકોટ બેઠક લડવા આવેલા ધાનાણી 'સ્વાભીમાન-યુદ્ધ' દર્શાવી મુદો જીવંત રાખવા પ્રયાસ કરે છેઃ કેટલુ ખેંચી શકાશે તે સૌથી મોટો પ્રશ્ન**

**ધાનાણીને લેઉવા ફેકટર કેટલું મદદ કરશે! ભાજપની સંગઠન-નાણા ઉપરાંત અનેક છૂપી તાકાત સામે કોંગ્રેસનું નબળું સંગઠન અને અપુરતા સાધનો તેમજ નેતાઓમાં જૂથવાદ ધાનાણીના માઈનસ પોઈન્ટ**

રાજકોટઃ લોકસભા ચૂંટણીમાં અચાનક જ એક આવેલા કરન્ટમાં એક તબકકે ભાજપે જાહેર કરેલા ઉમેદવારો સામે સ્થાનિક સ્તરે વિરોધ અને વિવાદ બાદ વડોદરા અને સાબરકાંઠાના ઉમેદવારોને ભાજપે બદલીને નવા ચહેરાને ચુંટણી લડાવીને રોષ શાંત પાડવા કોશીશ કરી હતી ત્યાંજ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ અચાનક જ એક વિવાદનું વાવાઝોડું સર્જી દીધું. તેઓએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિધાનો ભારતને બુમરેંગ થશે તેવા સંકેત મળતા જ ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા રૂપાલા પાસે એક નહી બે-બે વખત માફી મંગાવી છતાં પણ તેમની ઉમેદવારી રદ કરવાની અને તેમના સ્થાને નવા ચહેરાને મુકવા ક્ષત્રિય સમાજની માંગણી નહી સ્વીકારી ભાજપે તેના વિરુદ્ધ આ સમુદાય જાય તો પણ સર્જનારી રાજકીય ચેલેન્જ ઉપાડી લીધી છે તો બીજી તરફ હવે ક્ષત્રિય સમુદાયે 'રૂપાલા-હટાવ' માંગણી નહી સ્વીકારાતા ફકત રાજકોટ જ નહી. રાજયભરમાં ભાજપના ઉમેદવાર સામે વિરોધ કરવાનો જે નિર્ણય કર્યો પણ હજુ સમાજનો પ્લાન 'બી' જાહેર નહી કરીને તા.૧૯ની મુદત પાડી છે તે બાદ હવે આ વિવાદનું વાવાઝોડું પણ શમી ગયુ હોવાના સંકેત છે. સૂત્રોના જણાવ્યા મુજબ તા.૧૯ બાદ ક્ષત્રિય સમાજનો વિરોધ કેટલો ઉગ્ર બની શકે છે તે પણ પ્રશ્ન છે અને એક તબકકે આ વિવાદી કોંગ્રેસ પક્ષને ચુંટણી લડવાનું 'બળ' મળ્યું છે ત્યાં જે સંકેત હતા તેમાં પણ કોંગ્રેસ કેટલો ફાયદો ઉઠાવી શકશે તેના પર ચર્ચા છે.

**રાજકોટ લડાઈ થોડી જીવંત બની શકે**

રાજકોટ લોકસભા બેઠક પર 'રૂપાલા હટાવ' નારાને ભાજપે ફગાવ્યો પછી આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે પરેશ ધાનાણી હવે આ લડાઈને 'સ્વાભિમાન-યુદ્ધ'માં પલટાવવા પ્રયાસ કર્યા છે અને તેઓ ક્ષત્રિય સમાજ ઉપરાંત લેઉવા પાટીદાર સમાજ જેમાં પણ જેઓ 'રૂપાલા' ફેકટરથી નારાજ છે. તેઓને સાથ મળી રહેશે તેવી આશા સાથે પ્રચાર કરશે. જો કે સમગ્ર ગુજરાતની જેમ જ રાજકોટ કોંગ્રેસનું સંગઠન નબળુ છે અને તે પણ વિભાજીત છે તેથી ધાનાણીને કેટલો બેકઅપ મળશે તે પણ પ્રશ્ન છે.

ચુંટણી પ્રચારના સંગઠનની નાણા અને આયોજનના મોરચે તો તેમાં ભાજપ કે પરસોતમ રૂપાલાને પહોંચી જ શકે નહી તે નિશ્ચિત છે.

રૂપાલાએ અગાઉ જ વિવિધ સમાજ- વ્યાપારી સંગઠનો અને સમાજની સાથે 'સ્નેહ-મિલન' કરીને બાજી સુધારવાનો પ્રયાસ કર્યો છે પણ હજું આંતરિક રીતે રહેલો ક્ષત્રિય આક્રોશ કેટલો સપાટી પર આવે છે અને તે કેટલી અસર કરે છે તેના પર નજર છે. ક્ષત્રિય આંદોલનના પ્લાન-બી પર ભાજપની પણ નજર છે અને પક્ષ દ્વારા હવે આ આંદોલનમાં ભાગલા પડાવવાની કોશિશ થાય તેવી પણ શકયતા છે. ખાસ કરીને જો ક્ષત્રિય સમાજ એક રહી શકશે તો ચોકકસપણે ભાજપને ચિંતા થઈ શકે છે.

## બે-પાંચ-દસ મુઠ્ઠીભર લોકો સિવાય... રૂપાલાના ખાસ ગણાતા મનિષ ભટ્ટે કરેલા નિવેદનથી ભારેલા અગ્નિમાં ઘી હોંમ્યું!

**ક્ષત્રિય સમાજના વિશાળ સંમેલનને મુઠ્ઠીભરનું કામ ગણાવતા હવે નવો વિવાદ સર્જાવાની ધારણા**

રાજકોટ તા.૧૭

રાજકોટ લોકસભા બેઠક પર ચુંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાની નજીક ગણાતા શહેર ભાજપના પુર્વ મંત્રી મનીષ ભટ્ટે ગઈકાલે આપેલી એક 'બાઈટ' વિવાદાસ્પદ બની છે. ગઈકાલે નોમીનેશન બાદ તેઓએ એક વાતચીતમાં કહ્યું કે બે-પાંચ-દશ મુઠ્ઠીભર લોકો સિવાય ક્ષત્રિય સમાજ રૂપાલા સાથે છે અને તે તમે જોઈ શકો છો. આમ કહીને તેણે ગત રવિવારે રાજકોટમાં ક્ષત્રિય સમાજનું જે સંમેલન મળ્યું હતું તેમાં હાજરી અંગે ખુદ સરકારી તંત્ર પણ લાખોની વાત કરે છે તે સમયે રૂપાલા સામે વિરોધમાં બે-પાંચ-દશ મુઠ્ઠીભરની વાત મનીષ ભટ્ટે કરતા જ હવે ક્ષત્રિય સમાજમાં તે વિધાન વાયરલ થતા નવી મુસીબત બન્યુ છે. જો કે બાદમાં ભટ્ટે સોરી સોરી કહી દીધુ હતું પણ રૂપાલાના વિધાનો ચગી રહ્યા છે તેવું જ હવે મનીષ ભટ્ટ માટે થયું છે.

## ભાજપના ક્ષત્રિય અગ્રણીઓ પાર્ટી લાઈનમાં આવવા લાગ્યા

રાજકોટ તા.૧૭

રાજકોટ લોકસભા બેઠક પર ક્ષત્રિય સમાજ અંગેના વિધાનોથી ભાજપના ક્ષત્રિય નેતાઓ માટે પણ બચાવ કરવો મુશ્કેલ બની ગયો હતો અને સમાધાનમાં જોડાયેલા અનેક નેતાઓ ખુદ કચવાટ અનુભવતા હતા તેમાં જાહેરમાં સૌપ્રથમ બોલનાર ગુજરાત ભાજપના પુર્વ પ્રમુખ અને પુર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણા પણ હવે પક્ષની લાઈન બોલવા લાગ્યા છે. તેઓએ અગાઉ ક્ષત્રિય સમાજના સંમેલનમાં રૂપાલાના વિધાનો હ્રદય સોસરવા ઉતરી ગયા હોવાનું જણાવ્યું હતું અને સંકલન સમીતી જે કાંઈ નિર્ણય લેશે તે માન્ય રાખવાની પણ જાહેરાત ક્ષત્રિય સભામાં જ કરી હતી પરંતુ હવે તેઓ ભાવનગર સંસદીય બેઠક પર ભાજપના પ્રચારમાં જોડાઈ ગયા છે અને તેઓને ભાજપે મંચ પર બેસાડીને ક્ષત્રિય સમાજને પણ સંદેશો આપવાની કોશિશ કરી હોવાની ચર્ચા ભાવનગર ભાજપમાં છે.

### ગુજરાતમાં સફળ ઉમેદવારોની સંખ્યા વધીઃ ગત વર્ષે ૧૬, આ વખતે ૨૫

# UPSCમાં ઉત્તિર્ણ ટોપ-૧૦૦માંથી ગુજરાતના ૩

**૧૧૪૩ પોસ્ટ માટે ૧૦૧૬ ઉમેદવારોનું મેરીટલિસ્ટ**



જૈનિલ દેસાઇ | ચંદ્રેશ શાંખલા | અંકિત પટેલ | રાજ પટોળિયા | ગઝાલા ઘાંચી

અમદાવાદઃ યુનિયન પબ્લીક સર્વિસ કમીશન (યુપીએસસી) દ્વારા લેવાયેલી સિવિલ સર્વિસીસ (મેઈન) એકઝામમાં મેઈન પાસ કરનારા ઉમેદવારોના પર્સનલ ઈન્ટરવ્યુની પ્રક્રિયા પુર્ણ કર્યા બાદ આજે ફાઈનલ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જાહેર કરાયેલા મેરિટમાં સમાવેશ કરાયો છે તેવા ઓલ ઈન્ડીયા રેન્કમાં ૧૦૧૬ ઉમેદવારોમાં ગુજરાતના કુલ ૨૫ ઉમેદવારોનો સમાવેશ થાય છે. ઓલ ઈન્ડીયાના પ્રથમ ૧૦૦ રેન્કમાં રાજયના ત્રણ ઉમેદવારોએ સ્થાન મેળવ્યું છે. રાજયમાં પ્રથમ ક્રમે વિશ્નુ શશીકુમારે ઓલ ઈન્ડિયામાં ૩૧માં ક્રમે સ્થાન મેળવ્યું છે.

યુપીએસસી દ્વારા ભારતીય વહીવટ સેવા, ભારતીય વિદેશ સેવા, ભારતીય પોલીસ સેવા અને કેન્દ્રીય સેવા ગ્રુપ એ અને ગ્રુપ બીની ૧૧૪૩ જગ્યાઓ માટે અગાઉ લેવાયેલી પ્રિલિમિનરી પરીક્ષામાં રાજયમાંથી ૫૩૦ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૨૧૯ ઉમેદવારો પાસ થયા હતા. આ ઉમેદવારોએ મેઈન આપી હતી, જેમાંથી ૬૦ ઉમેદવારો મેઈન પરીક્ષા પાસ કરવામાં સફળ રહ્યા હતા. મેઈન પાસ કરનારા ઉમેદવારોના પર્સનલ ઈન્ટરવ્યુ અને પર્સનાલીટી ટેસ્ટ લેવામાં આવ્યો હતો. યુપીએસસી દ્વારા આજે જાહેર કરવામાં આવેલા ફાઈનલ પરિણામમાં ગુજરાતમાંથી ૨૫ ઉમેદવારો તમામ તબકકા પસાર કરવામાં સફળ રહ્યા હતા. 'સ્પીપા'ની આંકડાકીય વિગતો પ્રમાણે, ગત વર્ષે ગુજરાતમાંથી ૧૬ ઉમેદવારો તમામ તબકકાની પરીક્ષા પાસ કરવામાં સફળ રહ્યા હતા. આમ, ચાલુ વર્ષે આઠ વધુ ઉમેદવારો ફાઈનલ પરીક્ષા પાસ કરવામાં સફળ રહ્યા છે. આગામી દિવસોમાં યુપીએસસી દ્વારા મેરિટ અને ઓલ ઈન્ડીયા રેન્કના આધારે જુદા જુદા કેડરની ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. યુપીએસસી દ્વારા કુલ ૧૧૪૩ જગ્યા માટે ૧૦૧૬ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં આઈએએસ માટે ૧૮૦, આઈએફએસ માટે ૩૭, આઈપીએસ માટે ૨૦૦, સેન્ટ્રલ સર્વિસ ગ્રુપ એ ૬૧૩, ગ્રુપ સર્વિસ બી ૧૧૩ મળીને કુલ જનરલ કેટેગરીમાં ૪૭૪, ઈડબલ્યુએસ કેટેગરીમાં ૧૧૫, ઓબીસીમાં ૩૦૩૦, એસસીમાં ૧૬૫, એસટી ૮૬ બેઠકોનો સમાવેશ થાય છે.

### અભ્યાસ માટે સરકારે આપેલી સ્કોલરશીપનું વળતર પાછું આપવાની તક મળીઃ મિતુલ પટેલ (ઓલ ઈન્ડીયા ૧૩૯)



મારા પિતા ચોટીલામાં પ્રાયમરી શિક્ષક હતા. તેમને મેં લોકો માટે પ્રમાણીકતાથી કામ કરતાં જોયા ત્યારથી જ મારા મનમાં સારી સરકારી નોકરી હોય અને પાવર હોય તો સારી રીતે સેવા કરી શકાય તેવા બીજ રોપાયાં હતાં. મેં પ્રાયમરી શિક્ષણ ચોટીલા અને અમદાવાદ-ગાંધીનગરમાં લીધુ હતું. મેં ગ્રેજયુએશન આઈઆઈટી કાનપુરમાંથી ફિઝીકસ સાથે કર્યુ છે. હું માનું છું કે, પ્રમાણીકતાથી મહેનત અને સેવા કરવાની ઈચ્છા હોય તો વ્યવસ્થા મળી રહે છે. મારી આર્થિક સ્થિતિ સારી નહોતી ત્યારે આઈઆઈટીમાં મને સ્કોલરશીપ મળતા તમામ ફી માફી થઈ ગઈ હતી. હવે મને આ સ્કોલરશીપનું વળતર આપવાની તક મળી છે.

### સૌથી પહેલા નિષ્ફળતા પચાવતાં શીખવું પડેઃ સ્મિત પટેલ (ઓલ ઈન્ડિયામાં ૫૬૨)



મારા દાદા સહકારી ક્ષેત્રમાં હતા ત્યારે તેઓ કહેતા કે અધિકારી હોય તો વધારે સારી પ્રવૃતિઓ કરી શકાય. નાનપણથી જ આ વાત મનમાં હતી. મુંબઈમાં મારા પિતાનો બિઝનેસ હોવાથી અભ્યાસ પણ ત્યાં જ કર્યો. બી.ટેક કરતી વખતે કોલેજમાં મારી સાથે બે-ત્રણ ઘટના એવી બની કે જે તે સમયે જ મેં યુપીએસસી પાસ કરવાનું નકકી કર્યુ હતું. મારો આ પાંચમો પ્રયાસ છે. જે તે સમયે ચોકકસ માર્ગદર્શન ન મળતાં પણ મુશ્કેલી નડી હતી. હું માનું છું કે યુપીએસસી પાસ કરવી તે સ્માર્ટનેસની સાથે મેન્ટલી ગેમ છે. તમારે બન્ને પ્રકારની તૈયારી રાખવી પડે છે. સૌથી પહેલા નિષ્ફળતાં પચાવતા શીખવુ પડે છે. આઈએએસની ઈચ્છા હતી. પરંતુ હાલ એફઆઈએસ લેવું પડશે. આગળ ફરિવાર પ્રયાસ કરીશ પણ સકસેસ કે ફેલ્યોરની તૈયારી રાખવી પડે છે.

### તમે હોશિયાર હો તો પણ સાતત્યપૂર્ણ મહેનત જરૂરીઃ દિપ પટેલ (ઓલ ઈન્ડિયા (૭૭૬ રેન્ક)



હું હાલમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવું છું. મારા પિતા પ્રાઈવેટ જોબ કરતા હતા. પ્રાથમીક શિક્ષણ મેં નરોડા વિસ્તારમાં પુરુ કર્યા બાદ મિકેનીકલ ઈજનેર બન્યો હતો. પેપર વાંચવાની ટેવ અને સરદાર પટેલ જેવી સંસ્થાઓમાંથી માહિતી મળી કે, યુપીએસસી આપીએ તો વધારે સારી પોઝીશન મળી શકે તેમ છે. મારું કોઈ બેકગ્રાઉન્ડ નથી, પણ મહેનત કરી તો સફળતા મળી છે. યુપીએસસી આપતા ઉમેદવારોને હું કહેવા માગું છું કે, તમે હોશિયાર હો તો પણ સાતત્યપૂર્ણ મહેનત જરૂરી છે. હાલના મારા રેન્ક પ્રમાણે મને આઈપીએસ મળી શકે તેમ નથી, એફઆઈએસ કે જે મળે તે સ્વીકારીને આગળ પ્રયાસ ચાલુ રાખીશ તે નકકી છે.

### ગ્રેજયુએશન દરમિયાન જ UPSC કરવાનું નકકી કર્યુંઃ હર્ષ પટેલ (ઓલ ઈન્ડિયામાં ૩૯૨ રેન્ક)



વડોદરામાંથી શિક્ષણ પુર્ણ કરીને બીટસ પૌલાની ગોવામાંથી બીટેક કર્યુ છે. મારા પિતા એલ એન્ડ ટીમાં કામ કરે છે. ગ્રેજયુએશન વખતે જ નકકી કર્યુ હતું કે યુપીએસસી પણ કરવી છે. ત્યારથી ધીમે ધીમે વાંચવાનું શરૂ કર્યુ હતું. ચોથા પ્રયાસે યુપીએસસી કિલયર કરી છે. હાલનો મારો રેન્ક જોતા રેવન્યુ કે રેલવે પૈકી કોઈપણ એક સેકશનમાં તક મળે તેમ છે. હજુ આગળ વિચાર્યું નથી, પરંતુ રેલવે પસંદ કરીને આગળ ફરિવાર સારા રેન્કનો પ્રયાસ કરીશ.

**પાસ ઉમેદવારોની યાદી**

| નામ | ઓલ ઈન્ડિયા રેન્ક |
|---|---|
| વિશ્નુ શશિકુમાર | ૩૧ |
| ઠાકુર અંજલી | ૪૩ |
| અતુલ ત્યાગી | ૬૨ |
| ગરિમા મુંદ્રા | ૮૦ |
| મિતુલ પટેલ | ૧૩૯ |
| રમેશ વર્મા | ૧૫૬ |
| અંકિત પટેલ | ૧૮૩ |
| સમીક્ષા | ૩૬૨ |
| હર્ષ પટેલ | ૩૯૨ |
| ચંદ્રેશ શાંખલા | ૪૩૨ |
| કરનકુમાર પન્ના | ૪૮૬ |
| રાજ પટોલિયા | ૪૮૮ |
| જૈનિલ દેસાઈ | ૪૯૦ |
| કંચનબેન ગોહિલ | ૫૦૬ |
| સ્મીત પટેલ | ૫૬૨ |
| આદિત્ય અમરાની | ૭૦૨ |
| દિપ પટેલ | ૭૭૬ |
| નિતીશકુમાર | ૭૯૭ |
| ઘાંચી ગઝાલા | ૮૨૫ |
| અક્ષર લાંબે | ૯૦૮ |
| કિશનકુમાર જાદવ | ૯૨૩ |
| પાર્થ ચાવડા | ૯૩૨ |
| કેયુર પારગી | ૯૩૬ |
| મીના માનસી આર | ૯૪૬ |
| કેયુર ભોજ | ૧૦૦૫ |
| આકાશ ચાવડા | ૧૦૦૭ |

**સરદારધામમાં તાલીમ લેનારા આઠ ઉમેદવારો સફળ થયા**

| નામ | રેન્ક |
|---|---|
| મિતુલ પટેલ | ૧૩૯ |
| અનિકેત પટેલ | ૧૮૩ |
| હર્ષ પટેલ | ૩૯૨ |
| ચંદ્રેશ શાંખલા | ૪૩૨ |
| રાજ પટોળીયા | ૪૮૮ |
| જૈનિક દેસાઈ | ૪૯૦ |
| સ્મિત પટેલ | ૫૬૨ |
| દિપ પટેલ | ૭૭૬ |

## મુખ્યમંત્રીએ સફળ યુવાઓને અભિનંદન સાથે ઉજજવળ ભાવિ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી



ગાંધીનગરઃ ગુજરાતમાં યુવાનો યુનિયન પબ્લીક સર્વિસ કમીશન-યુપીએસસી દ્વારા લેવામાં આવતી આઈએએસ, આઈપીએસ, આઈએફએસ સહિતની વિવિધ અખિલ ભારતીય સેવાઓની પરીક્ષામાં ઉજજવળ દેખાવ કરીને આ ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડતર કરી શકે તે માટે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) કાર્યરત છે. આ વર્ષે યુપીએસસી સિવિલ સર્વિસીસ પરીક્ષા-૨૦૨૩ના જાહેર થયેલા અંતિમ પરિણામમાં સ્પીપાના ૨૫ ઉમેદવારોએ જવલંત સફળતા મેળવી છે. આ ઉમેદવારો સિવિલ સર્વિસીસની આઈએએસ, આઈપીએસ, આઈએફએસ જેવી વિવિધ સેવાઓમાં અંતિમ પસંદગી પામ્યા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે, પસંદગી પામેલા આ યુવાઓને હ્રદયપૂર્વકના અભિનંદન પાઠવવા સાથે ઉજજવળ ભાવિ કારકિર્દીની શુભેચ્છાઓ પણ આપી છે. સ્પીપા ખાતે યુપીએસસી સ્ટડી સેન્ટર ૧૯૯૨થી કાર્યરત છે ત્યારથી લઈને અત્યાર સુધીમાં કુલ ૨૮૫ ઉમેદવારો યુપીએસસી સિવિલ સર્વિસીસની પરીક્ષામાં અંતિમ પસંદગી પામ્યા છે. જેમાં આ વર્ષે સૌથી વધુ એટલે કે ૨૫ ઉમેદવારો પસંદ થયા છે.

## નૈઋત્યના ચોમાસામાં દેશના અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ પણ સર્જાશે : હવામાન વિભાગ

**હિમાચલ અને ઉત્તરાખંડ પર ફરી આફત : ચોમાસામાં ભારે વરસાદની શકયતા : જયારે ઓડિસા અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં ઓછા વરસાદનો ભય**





નવી દિલ્હી, તા. ૧૭

દેશમાં આગામી ચોમાસુ સામાન્ય અને સરેરાશથી વધુ વરસાદ પડવાની શકયતા હવામાન વિભાગે દર્શાવી છે તે સમયે નૈઋત્યના ચોમાસા સમયે દેશના અનેક વિસ્તારોમાં ભારે પૂરની શકયતા પણ દર્શાવાઇ રહી છે.

હવામાન ખાતાના ડિરેકટર મૃત્યુંજય મોહાપાત્રાએ જણાવ્યું કે ૨૦૨૪નું ચોમાસુ સામાન્યથી વધુ હશે અને લા-નીનોની પૂરેપૂરી અસર ભારતીય ચોમાસા પર જશે ખાસ કરીને દેશના હિમાચલ અને ઉતરાખંડ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની શકયતા દર્શાવાઇ છે જેના કારણે આ રાજયોમાં અગાઉથી ભારે વરસાદના કારણે ગત વર્ષે જે રીતે વ્યાપક ખાનાખરાબી સર્જાઇ હતી તેવી શકયતા ફરી આ વર્ષે થઇ શકે છે.

તેઓએ જણાવ્યું કે દેશના પૂર્વ અને ઉત્તર પૂર્વ ભાગમાં વરસાદી ખાધ પડી શકે છે. જેમાં ઓડિસા અને તેની સાથે જોડાયેલા પશ્ચિમ બંગાળના વિસ્તારો અને ઝારખંડમાં ઓછા વરસાદની શકયતા છે અને છત્તીસગઢમાં પણ સામાન્યથી ઓછો વરસાદ પડશે. તેઓએ જણાવ્યું કે આ અંગે સરકારને પણ વિસ્તૃત અહેવાલ આપી દેવાયો છે.

## આ સુકાનીપદ સરળ નથીઃ ચાર હાર બાદ દિગ્ગજોના નિશાના પર હાર્દિક



નવી દિલ્હી : વર્તમાન IPLમાં મુંબઈ ઈન્ડિયન્સના નિરાશાજનક પ્રદર્શનને કારણે ટીકાકારો ટીમની રણનીતિ અને નવા કેપ્ટન હાર્દિક પંડ્યાના નેતૃત્વ પર પણ સવાલો ઉઠાવી રહ્યા છે. IPLની ૧૬ સીઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ પાંચ વખત વિજેતા અને એક વખત રનર્સ અપ રહી છે. ટીમ ૨૦૧૯ અને ૨૦૨૦માં સતત બે વખત ચેમ્પિયન બની હતી, જ્યારે તે પછી ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩માં તેનું પ્રદર્શન ઘટ્યું હતું. છેલ્લી સિઝનમાં, આ ટીમ પ્લેઓફમાં જગ્યા બનાવવામાં સફળ રહી હતી અને એકંદરે ચોથા સ્થાને રહી હતી. આ સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ છમાંથી ચાર મેચ હાર્યા બાદ પોઈન્ટ ટેબલમાં આઠમા સ્થાને છે.

CSKના હાથે ટીમની ચોથી હાર બાદ ભૂતપૂર્વ મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કર અને ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન કેવિન પીટરસને હાર્દિક પંડ્યાની ટીકા કરી હતી. ગાવસ્કરે કહ્યું, 'ઓહ, ખૂબ જ સામાન્ય બોલિંગ, સામાન્ય કેપ્ટનસી. ઋતુરાજ ગાયકવાડે શિવમ ડુવે સાથે સારી બેટિંગ કરી હોવા છતાં, તેને ઓછા સ્કોર પર રોકવો જોઈતો હતો. મારું માનવું છે કે, તેને ૧૮૫-૧૯૦ રન સુધી સીમિત રાખવો જોઈતો હતો. કદાચ મેં લાંબા સમયથી જોયેલી સૌથી ખરાબ બોલિંગ, પંડ્યાએ ત્રણ ઓવરમાં ૪૩ રન આપીને બે વિકેટ લીધી હતી અને બેટિંગમાં છ બોલમાં માત્ર બે રન જ બનાવી શક્યો હતો.

પીટરસને કહ્યું, 'મને લાગે છે કે રમતની બહારની બાબતોની હાર્દિક પંડ્યા પર ભારે અસર પડી રહી છે. જ્યારે તે ટોસ માટે જાય છે ત્યારે તે ખૂબ સ્મિત કરે છે. તે એવી રીતે અભિનય કરવાનો પ્રયાસ કરી રહ્યો છે કે જાણે તે ખૂબ જ ખુશ હોય. છે. તે ખુશ નથી. આવું મારી સાથે પણ બન્યું હતું. મેં તેનો સામનો કર્યો છે અને હું તમને કહી શકું છું કે તે તમને અસર કરે છે. જ્યારે આવું થાય છે ત્યારે તેની અસર થાય છે. તેની અસર તેના ક્રિકેટ પર પડી રહી છે.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર ઈરફાન પઠાણએ કહ્યું કે, દરેક કાર્યમાં કુશળ હાર્દિક પંડ્યાને મુંબઈ ઈન્ડિયન્સની સારી કેપ્ટનશીપ કરવાની જરૂર છે. જ્યારે પણ મુંબઈ હાર્યું ત્યારે પંડ્યાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. મેચમાં તમારે પરિસ્થિતિને ઝડપથી સ્વીકારવાની જરૂર છે. કમનસીબે પંડ્યા હજુ સુધી આ કરી શક્યો નથી.

### હાર્દિક પંડ્યા ફરી ટ્રોલ થયો

હાર્દિક પંડયા જે દિવસથી રોહિત શર્માની જગ્યાએ મુંબઇ ઇન્ડિયન્સનો કેપ્ટન બન્યો ત્યારથી તે ક્રિકેટ પ્રેમીઓના નિશાના પર છે. મેદાન પર તેની સામે હટિંગ ચાલુ છે. હવે તે તેના કપડાને લઇને પણ સોશ્યલ મીડિયા પર ટ્રોલ થયો હતો. હાલમાં જ ચેન્નાઇ સામે હાર્યા બાદ તે મુંબઇ એરપોર્ટ પર બ્લેક બનિયાન પહેરીને જોવા મળ્યો હતો. આ તસ્વીર ઇન્ટાગ્રામ જેવા સોશ્યલ મીડિયા પર વાયરલ થઇ અને યુઝર્સ તેના પર અભદ્ર ટિપ્પણીઓ કરવા લાગ્યા. એકે લખ્યું શું ઓછામાં ઓછુંએક શર્ટ ખરીદી ન શકો ?

# જામનગરના વેપારી સાથે રાજકોટના ત્રણ ભેજાબાજોની ૧૧.૧૮ કરોડની છેતરપીંડી

## ખેતીની જણસોની લે-વેચની લેણી નિકળતી રકમ ચુકતે ન કરી બોગસ બિલ રજૂ કરી હાથ ઉંચા કરી દેતા સનસનાટીઃ ફરિયાદ થતા આરોપીઓનું પગેરૂ દબાવવા પોલીસની કવાયત

જામનગર. તા.૧૭

જામનગર બ્રાસનું હબ હોવાથી વેપારીઓ સાથે છેતરપીંડીના અવારનવાર કિસ્સાઓ સામે આવતા હોય છે. આમ વેપારીને ચુનો ચોપડવાની ઘટના કોઈ નવી નથી. પરંતુ જામનગરના એક વેપારી સાથે એક... બે નહિ ૧૧.૧૮ કરોડની રકમની છેતરપીંડીની ચોંકાવનારી ઘટના સામે આવતા વેપારી આલમમાં સોંપો પડી ગયો છે. રાજકોટના ભેજાબાજ ૩ આરોપીઓ સાથે જામનગરના વેપારી ખેતીની જણસોના લે, વહેંચ અંગેનો વ્યવહાર ધરાવતા હતા. આ દરમિયાન આશરે ૧ વર્ષના હિસાબ લેખે આરોપીઓ પાસેથી વેપારીને ૧૧.૧૮ કરોડ જેવી માતબાર રકમ લેવાની નીકળતી હતી. જે ચૂકતે ન કરી ઉપરાંત આરોપીએ રકમ આપી દીધી હોવાના બોગસ બિલ રજૂ કર્યાનો પણ ધડાકો થયો છે. આ સમગ્ર બનાવ પોલીસ સમક્ષ પહોંચતા સનસનાટી મચી ગઇ છે. ફરિયાદ બાદ પોલીસે આરોપીઓના પગેરૂ દબાવવા કવાયત હાથ ધરી છે.

આ ચોંકાવનારી ઘટનાની પંચકોશી બી. ડીવીઝન પોલીસ ચોપડે નોંધાયેલી વિગત એવી છે કે હિરેનભાઇ વિજયભાઇ કોટેચા જે જામનગરના પારસ સોસાયટી,બંગલા નં.બી/૬૭માં રહેતા ૩૯ વર્ષીય યુવાન ખેતીની જણસોના વેપાર સાથે સંકળાયેલ છે. જે જામનગર, હાપા માર્કેટીંગ યાર્ડ રોડ,સેન્ટ્રલ વેરહાઉસની સામે,પ્લોટ નં.૧/બી સર્વે નં.૧૯,માં ઓફિસ ધરાવે છે. આ યુવા વેપારીને રાજકોટના મેલી મુરાદવાળા કહેવાતા વેપારીનો ભેટો થઇ જતા તે મોટી છેતરપીંડીનો ભોગ બન્યા છે.


રાજકોટના જલારામ-૦૨,ઇન્દીરા સર્કલ,મોહન કુપામાં રહેતા હેમંતભાઇ મોહનભાઇ દાવડા અને રવીભાઇ હેમંતભાઇ દાવડાએ જામનગરના વેપારી હિરેનભાઇ વિજયભાઇ કોટેચા સાથે વર્ષ દરમિયાન અલગ અલગ સમયે ખેત ઉત્પાદનની જણસોની વહેંચાણ અને ખરીદીના સોદા કર્યા હતા અને આ લે-વહેંચના સોદાઓને પગલે હિરેનભાઇ વિજયભાઇ કોટેચાને આજદિન સુધી હેમંતભાઇ મોહનભાઇ દાવડા અને રવીભાઇ હેમંતભાઇ દાવડા પાસેથી કુલ રૂ.૧૧,૧૮,૨૮,૪૬૩ રૂપિયા લેવાના નીકળતા હતા. આ રૂપિયાની ચૂકવણીમા આરોપીઓએ ઠાગાઠૈયા કરતા જામનગરના વેપારીએ અવારનવાર રૂપિયાની ઉઘરાણી કરી હતી. છતાં પણ આ ઉઘરાણીને ન ગણકારી આરોપીઓએ લેણી રકમ ચુકવી ન હતી. વિશ્વાસઘાતના આ ફિલ્મી પ્રકરણમાં હવે એન્ટ્રી થાય છે.

પલકભાઇ કીરીટભાઇ રૂપારેલ રાજકોટના જ ઈન્દીરા સર્કલ પાસે જલારામ-૨માં લવ કુશ એપાર્ટ મેન્ટ,ફ્લેટ નં.૨૦૨માં રહેતા પલકભાઇ કીરીટભાઇ રૂપારેલના. આ વેપારીએ તો તમામ હદ વટાવી જામનગરના વેપારીને વોટ્સેપમા પાંચ કરોડ અઠ્યાવીસ લાખ છવીસ હજાર એકોતેર રૂપીયા ચૂકવી દીધા હોવાનું એટલે કે આર.ટી.જી.એસ. થી જમા કરાવ્યા હોવાની ત્રણ બનાવટી પહોચો અને ખોટું બેન્ક સ્ટેટમેન્ટ પણ મોકલી દીધું હતું. આમ રૂપિયા ચાઉ કરી જવાના ઇરાદે આરોપી હેમંતભાઇ મોહનભાઇ દાવડા અને રવીભાઇ હેમંતભાઇ દાવડા અને પલકભાઇએ જામનગરના વેપારી હિરેનભાઇ કોટેચાની લેણી નિકળતી રકમ તેણે ન ચુકવવાના ઇરાદે વિશ્વાસઘાત અને છેતરપિંડિ કરી હોવાનું ચકચારી પ્રકરણ સામે આવ્યું છે. એટલું જ નહીં ખોટા ડોક્યુમેન્ટ બનાવી અને બેન્ક ખાતામા નાણા મોકલ્યા અંગેની ખોટી પહોંચ બનાવી ત્રણે આરોપીઓએ રૂ.૧૧,૧૮,૨૮,૪૬૩ની છેતરપીંડી આચર્યાનો મામલો પોલીસ મથકે પહોંચતા ખળભળાટ મચી ગયો છે.

આ ફરિયાદના આધારે પોલીસે ત્રણેય આરોપીઓ સામે કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૦૬,૪૨૦,૧૧૪ હેઠળ ગુનો દાખલ કરી આરોપીઓ સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હાલ આ પ્રકરણની પંચકોશી બી ડિવિઝન પોલીસ મથકના પ્રો.આઇ.પી.એસ અજયકુમાર મીણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજકોટમાંથી ૪૮ કલાકમાં ચાર શખ્સોને પિસ્તોલ અને કાર્ટીસ સાથે પોલીસે દબોચ્યા

## માલીયાસણ ચોકડી પાસેથી મહમદ દલને તમંચા સાથે એલસીબી ઝોન-૧ ની ટીમે અને ભગવતીપરામાંથી નામચીન ગંજેરી દાઉદ ઉર્ફે ભયલોને પિસ્તોલ સાથે એસઓજીએ દબોચી લીધાંઃ બંનેએ પરપ્રાંતીય શખ્સો પાસેથી હથિયારની ખરીદી કર્યાનું ખુલ્યું



રાજકોટ. તા.૧૭

શહેર પોલીસે ગેરકાયદેસર હથિયાર રાખતાં શખ્સો પર ઘોંસ બોલાવી હોય તેમ અવિરત બીજા દિવસે પણ વધું બે શખ્સોને ગેરકાયદેસર હથિયાર સાથે દબોચી લીધાં હતાં. ૪૮ કલાકમાં ચાર શખ્સોને પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગઈ મોડી રાતે માલીયાસણ ચોકડી પાસેથી મહમદ દલને તમંચા સાથે એલસીબી ઝોન-૧ ની ટીમે અને ભગવતીપરામાંથી નામચીન ગંજેરી દાઉદ ઉર્ફે ભયલોને પિસ્તોલ સાથે એસઓજીએ દબોચી લીધો હતો. જ્યારે એક દિવસ પહેલાં ક્રાઇમ બ્રાન્ચે પીઠડ આઈ સોસાયટીમાંથી જયસુખ ઉર્ફે જશો અને સિધ્ધાર્થ સોસાયટીમાંથી શાપરના સોહિલ ઉર્ફે રેહાનને ભક્તિનગર પોલીસે પિસ્તોલ અને કાર્ટીસ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડાની વિગત અનુસાર, એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ બી.વી.બોરીસાગર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ વિજેન્દ્રસિંહ ઝાલા, જિતેન્દ્રસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ હિતેષ પરમારને માલીયાસણ ચોકડી ઓવર બ્રિજ નીચે એક શખ્સ ટ્રેક પેન્ટના નેફામા ગેરકાયદેસર હથિયાર રાખી ઉભો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે બાતમીના સ્થળેથી શખ્સને પકડી તેનું નામ પૂછતાં મહમદ હાસમ દલ (ઉ.વ.૩૩),(રહે. ભગવતીપરા આશાબાપીરની દરગાહ પાસે, નદીના કાંઠે) હોવાનું જણાવ્યું હતું. પોલીસની ટીમે શખ્સની તપાસ કરતાં તેની પાસેથી એક લોખંડના બેરલવાળી દેશી બનાવટનો તમંચો મળી આવતાં આરોપીનો ધરપકડ કરી રૂ.૧૦ હજારનો તમંચો કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી.

પૂછતાછમાં આરોપી મહમદ દલ પોતાના શોખ માટે થોડાં સમય પહેલાં ચોટીલામાંથી પરપ્રાંતીય શખ્સ પાસેથી તમંચો મેળવ્યાની પ્રાથમિક કબુલાત આપતાં વધું પૂછપરછ માટે આરોપીના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

બીજા દરોડામાં એસઓજી પીઆઈ જે.એમ.કૈલાની રાહબરીમાં એએસઆઈ ફીરોજ શેખ, ધર્મેશ ખેર, હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલાને દાઉદ ઉર્ફે ભઈલો કદીર શાહમદાર નામનો શખ્સ ભગવતીપરા, ભગવતીપરા નદીના કાઠે સૌચાલય સામેના રોડ પર ગેરકાયેદસર હથીયાર સાથે ઉભો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે બાતમીના સ્થળેથી દાઉદ ઉર્ફે ભઇલો કદીરભાઇ શાહમદાર (ઉ.વ.૩૪),(રહે. ભગવતીપરા, આશાબાપીરની દરગાહ પાસે, ભરત પાનની સામે) ને પકડી તેની તપાસ કરતાં પેન્ટના નેફામાંથી એક દેશી બનાવટની પીસ્ટલ અને ૨ જીવતા કારતુસ મળી આવતાં આરોપીની ધરપકડ કરી પિસ્તોલ અને જીવતા કારતુસ મળી રૂ.૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછતાછ હાથ ધરી હતી.

પુછતાછમાં પકડાયેલો દાઉદ ઉર્ફે ભયલો પિસ્તોલ અને કારતુસ થોડાં દિવસ પહેલાં એક પરપ્રાંતીય શખ્સ પાસેથી મેળવ્યા હોવાની પ્રાથમિક કબુલાત આપી હતી. પોલીસ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, આરોપી ગંજેડી છે અને છ મહિના પહેલાં અમદાવાદ પોલીસે તેને એનડીપીએસ ગુનામાં પકડ્યા બાદ તે પાંચ માસ પહેલાં છૂટીને પરત આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી વિરૂદ્ધ અગાઉ અલગ અલગ પોલીસ મથકમાં દારૂ, હથિયાર, એનડીપીએસ ગુના નોંધાયેલ છે.

ઉલ્લેખનીય છે કે, એક દિવસ પહેલાં ક્રાઇમ બ્રાન્ચની ટીમે પીઠડ આઈ સોસાયટીમાં આવેલ હિંગળાજ પાન પાસેથી જયસુખ ઉર્ફે જશો વલ્લભ વાઘેલા (રહે. નકલંક સોસાયટી શેરી નં.૧, માંડાડુંગર) ને પિસ્તોલ અને કારતુસ સાથે પકડી લીધો હતો. જ્યારે ભક્તિનગર પોલીસે સિધ્ધાર્થ સોસાયટીમાંથી શાપરના મચ્છીના ધંધાર્થી સોહિલ ઉર્ફે રેહાન નામના શખ્સને પિસ્તોલ અને કાર્ટીસ સાથે દબોચી કાર્યવાહી હાથ ધરી હતી.

**અગાઉ ક્રાઇમ બ્રાન્ચે પીઠડ આઈ સોસાયટીમાંથી જયસુખ ઉર્ફે જશો અને સિધ્ધાર્થ સોસાયટીમાંથી શાપરના સોહિલ ઉર્ફે રેહાનને ભક્તિનગર પોલીસે પિસ્તોલ અને કાર્ટીસ સાથે દબોચ્યો 'તો**

# રાવકીમાં સમાધાનના જમણવાર બાદ બે પરિવાર વચ્ચે સશસ્ત્ર ધીંગાણુંઃ બે મહિલા સહિત ચાર ઘવાયા

## માતાજીના માંડવામાં દારૂ પી આવેલા શખ્સને કારણે થયેલ માથાકુટે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુંઃ સામસામી ધોકા, પાઈપ અને તલવારથી થયેલ મારામારીમાં ઘવાયેલા ઇજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયાઃ લોધિકા પોલીસે એક મહિલા સહિત ૧૪ શખ્સો સામે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ. તા.૧૭

લોધિકાના રાવકીમાં સમાધાનના જમણવાર બાદ બે પરિવાર વચ્ચે સશસ્ત્ર ધીંગાણું થતાં બે મહિલા સહિત ચાર લોકોને ગંભીર ઇજા પહોંચતા રાજકોટ સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે લોધિકા પોલીસે એક મહિલા સહિત ૧૪ શખ્સો સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે લોધિકાના રાવકીમાં રહેતાં દિપકભાઈ ભીમજીભાઈ બગડા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રવિ રસીક બગડા,મનસુખ ભીખા બગડા, મુકેશ મનસુખ બગડા, પ્રેમજી ભીખા બગડા, રમેશ હીદા બગડા, પારૂલબેન મુકેશ બગડા અને કિશન પ્રેમજી બગડાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ મજુરી કામ કરે છે. તેમને સંતાનમાં બે પુત્રી છે. ગઈકાલે સવારના તેમના કુટુંબીભાઈ હરેશભાઈ દાનાભાઈ બગડાએ માતાજી નો ૨૪ કલાક નો નવરંગો માંડવો કરેલ હોય અને તેઓ માતાજીના ભુવા હોય જેથી સવારના તેઓ માતાજીના માંડવામાં ગયેલ હતાં. માંડવામાં અગિયારેક વાગ્યે કુટુંબી રવિ બગડા દારૂ પીધેલ હાલતમાં આવેલ અને ત્યાં લોકોને ગાળો દેવા લાગેલ જેથી કુંટુંબના આગેવાનો દ્વારા સમજાવેલ અને રવિ બગડાના મોટા બાપુ મનસુખભાઈએ રવિને સમજાવેલ અને કહેલ કે, ફરીથી આવુ નહી થાય અને આ બાબતે કુટુંબ દ્વારા સમાધાન થઇ ગયેલ હતો.

બાદમાં રાજુ બગડાના ઘરે જમવાનુ હોય જેથી કુટુંબી જમવા માટે જતા હતા ત્યારે વાસમાં તેમના મોટા બાપુના પુત્ર કિશોરની પાછળ રવિ બગડા લાકડાનો ધોકો લઈ પાછળ થયેલ હતો. જેથી આ બાબતે મનસુખભાઇને કહેવા ગયેલ કે, રવિ બગડા તમે સમજાવેલ છે તો પણ કેમ ગાળો બોલે છે તેમ કહેલ જેથી રવિ બગડા ઉશ્કેરાઇ ગયેલ અને તલવાર અને મનસુખ બગડા તેમજ મુકેશ બગડા લોખંડનો પાઇપ લઇ આવેલ અને હુમલો કર્યો હતો. જેમાં યુવાનને ગંભીર ઇજા પહોંચી હતી. દરમિયાન તેઓને તેમના પત્ની મધુબેન અને કુટુંબી ભાભી મનીષાબેન, ભત્રીજો હરેશભાઈ લખમણભાઇ બગડાએ વધુ મારમાંથી બચાવવા જતા આરોપી જતા રહેલ હતાં. દરમિયાન તેઓની પત્ની સહિતનાઓને પણ મારમારી કહેલ કે, આ વખતે તો જીવતા જવા દીધેલ છે હવે આવ્યા તો જાનથી મારી નાંખવા છે તેવી ધમકી આપી હતી. બાદમાં ઇજાગ્રસ્તોને સારવારમાં ૧૦૮ મારફતે સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

જ્યારે સામાપક્ષે રાવકી ગામમાં નવા પ્લોટમાં રહેતાં મુકેશભાઈ મનસુખભાઇ બગડા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મુકેશ લાખા બગડા, છગન હમીર બગડા, ગોરા નારણ બગડા,દિપક ભીમજી બગડા, લખમણ દેવા બગડા, જયસુખ છગન બગડા અને લલીત ભલા નામના શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ કડીયાકામ કરે છે. ગઈકાલે સવારે તેમના કુટુંબીભાઇ રાજુભાઈ બગડાએ માતાજીનો નવરંગો માંડવો કરેલ હોય જેથી સવારના માતાજીના માંડવામાં ગયેલ હતો. માંડવામાં અગિયારેક વાગ્યે રવિ બગડા દારૂ પીધેલ હાલતમાં આવેલ અને ત્યાં કિશોરભાઈને ગાળો દેવા લાગેલ જેથી રવિને લઇ તેમના ઘરે આવતા રહેલ અને તેને સમજાવીને સામેવાળા સાથે સમાધાન થઇ ગયેલ હતું.

બાદમાં રાજુભાઈ બગડાના ઘરે જમવાનું હોય જેથી ત્યાં જમવા માટે ગયેલ અને જમીને તેઓ તેમના પિતા અને કાકા પ્રેમજીભાઇ રવિને ઘર પાસે બહાર બેસાડી સમજાવતા હતા ત્યારે ઘર પાસે મુકેશ બગડા, છગન બગડા, ગોરા બગડા અને દિપક બગડા હાથમાં ધોકા અને લોખડના પાઇપ લઇ આવેલ અને રવિને ગાળો આપી છગનએ ઉશ્કેરાઇ જઇ ધોકાથી હુમલો કર્યો હતો. રવીને તેઓ છોડાવવા જતા મને પણ મુકેશે ધોકા વડે ફટકાર્યા હતાં. તેમજ અન્ય શખ્સોએ પણ ફરિયાદી તેમજ તેના પિતા અને કાકા પર તલવાર, પાઈપ કડીયાકામ કરવાની પટ્ટી અને લાકડીથી હુમલો કર્યો હતો.

દરમિયાન તેમની પત્ની પાયલ સહિતના લોકો દોડી આવતાં આરોપીઓએ કહેલ કે, હવે પછી ક્યારેય સામે આવ્યા છો તો તમને બધાને મારી નાખીશ તેમ ધમકી આપી નાસી છૂટયા હતાં. બાદમાં ઇજાગ્રસ્તને સારવારમાં રાજકોટ ખસેડાયા હતાં. બનાવ અંગે લોધિકા પોલીસે સામસામી ફરીયાદ પરથી એક મહિલા સહિત ૧૪ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# વેપારી પાસેથી બાકીમાં ખરીદેલ માલની રકમ વ્યાજ સહિત પરત ચુકવવાનો હુકમ કરતી કોર્ટ

## યુ-ટર્ન ઈન્ટરનેશનલ પ્રા.લિ.એ ગોકુલ ઓપ્ટીકલ પાસેથી માલ ખરીદ કર્યો હતો



દુર્ગેશ ધનકાણી એડવોકેટ

રાજકોટ, તા.૧૭

રાજકોટ ખાતેના ગોકુલ ઓપ્ટીકલ પાસેથી માલ ખરીદી યુ-ટર્ન ઈન્ટરનેશનલ પ્રા.લિ. એ બાકી રકમ ન ચૂકવતા થયેલા કેસમાં કોર્ટે ૬ ટકા સાથે રકમ ચૂકવવા હુકમ કર્યો છે.

કેસની હકીકત મુજબ, રાજકોટ ખાતે યાજ્ઞિક રોડ પર રામકૃષ્ણ આશ્રમ પાસે ચશ્મા (ઓપ્ટીક)નો વેપાર કરતા યુ-ટર્ન ઈન્ટરનેશનલ પ્રા.લિ. (યુ-ટર્ન એન ઓપટીકલ મોલ)એ પોતાની જરૂરીયાત મુજબનો માલ ગોકુલ ઓપ્ટીકલમાંથી ખરીદ કર્યો હતો. દરમિયાન માલની બાકી રહેતી રકમ રૂ.૮૦,૯૧૨ ત્રણ માસમાં ચુકવવી આપવાની વાત યુ-ટર્નના પાર્ટનરોએ કરી હતી. જોકે વાયદા મુજબ, આ રકમ ન ચુકવતા ગોકુલ ઓપ્ટીકલના પાર્ટનરે ટેલીફોનીક વાતચીતો કરી રકમની માગણી કરતા યુ-ટર્ન દ્વારા ઉડાવ જવાબ મળતા ગોકુલ ઓપ્ટીકલના વિજયભાઈ છગનભાઈ સોરઠીયાએ યુ-ટર્નના ઉમેશભાઈ ચુનીલાલ શેઠ, પેઢીના વહીવટકર્તા, નિશાબેન ઉમેશભાઈ શેઠ, રાજવિરભાઈને એડવોકેટ મારફત નોટીસ પાઠવી હતી. છતાં રકમ ન ચૂકવતા રાજકોટની કોર્ટમાં લેણી રકમ પરત મેળવવા કેસ દાખલ કરેલ. કેસ ચાલવા ઉપર આવતા વાદી ગોકુલ ઓપ્ટીકલના એડવોકેટ દુર્ગેશ ધનકાણીએ જરૂરી દસ્તાવેજો રજૂ કરેલા. લેખિત મૌખિક દલીલો કરેલી. વિવિધ કોર્ટના ચુકાદા ટાંક્યા હતા. જે ધ્યાને લઇ રાજકોટના ન્યાયાધીશ એન.એન.દવેએ માલની રકમ લેણી રકમ કેસ દાખલ થયા તારીખથી ૬ ટકા વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. આ કેસમાં વાદી ગોકુલ ઓપ્ટીકલ વતી યુવા એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી, વિજય સીતાપરા, વિવેક સોજીત્રા, પ્રદીપ બોરીચા, દિવ્યાબા વાળા, તથા જેનીશ સરધારા, સંજયભાઈ કાટોળીયા રોકાયેલા હતા.

## અવસાન નોંધ

**રાજકોટઃ** લતેશ સોનુ તથા રાજાભાઈના પિતાશ્રી તથા સ્મિત, અંશ, ધ્રુવના દાદા સ્વ. કિશનચંદ ડિંગલદાસ ચંદનાણી (મીરા એજન્સી વાળા)નું તા.૧૬ને મંગળવારે અવસાન થયેલ છે. ઉઠમણું તા.૧૮ને ગુરૂવારે સાંજે ૬ કલાકે તેમના નિવાસસ્થાને રાખેલ છે. (લતેશ-૯૮૨૫૬ ૨૩૧૮૦).

**રાજકોટઃ** સ્વ. જગજીવનદાસ વશરામભાઈના પુત્રવધુ (જુનાગઢ વાળા) તથા સ્વ. હરિભાઈ જગજીવનદાસના નાનાભાઈ, વિનોદભાઈ જગજીવનદાસ રૂપારેલીયાના ધર્મપત્ની, અલ્પેશભાઈ તથા ચાંદનીબેન કેવલકુમાર શીંગાળા (જુનાગઢ)ના માતુશ્રી નીરૂબેન તે સ્વ. કાંતીલાલ નાનજીભાઈ લાખાણી (વેરાવળ)ના પુત્રી, તેમજ ચંદુભાઈ, કિશોરભાઈ, પ્રફુલભાઈ તથા ભાવનાબેન હિતેષભાઈ મશરૂના બહેન તા.૧૫ સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયર પક્ષની સાદડી સાથે તા.૧૮ને ગુરૂવાર સાંજે ૫થી ૬ કુવાવાળી ખોડીયાર માતાજીનું મંદિર, લક્ષ્મીવાડી ૧૧ ક્વાટર, રાજકોટ ખાતે રાખેલ છે. અલ્પેશભાઈ મો.૯૦૧૬૬ ૩૬૫૪૫, ચંદુભાઈ મો.૯૮૯૮૦ ૫૩૧૪૮.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી લુહાર અનિલભાઈ નંદલાલભાઈ કવા (ઉ.વ.૬૫) તે નૈમિષભાઈ તથા પ્રતિકભાઈના પિતાશ્રીનું તા.૧૬ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૮ ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે સ્થળ સ્વસ્તીક હોલ, શ્રેયસ સોસાયટી, શેરી નં.૮ એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# રાજકોટમાં વિધર્મી યુવાન ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો

## માલવીયાનગર પોલીસે અપહરણની ફરિયાદ દાખલ કરી, આ તરફ આરોપી સમીર સુમરાએ પોતાના પરિચિત વકીલની સલાહથી સગીરાને ભક્તિનગર પોલીસને સોંપી દીધી હતી

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં વિધર્મી યુવાન ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જતા ચકચાર મચી ગઇ છે. માલવીયાનગર પોલીસે અપહરણની ફરિયાદ દાખલ કરી છે. જોકે જંગલેશ્વર અંકુરનગરમાં રહેતા આરોપી સમીર સુમરાએ પોતાના પરિચિત વકીલની સલાહથી સગીરાને ભક્તિનગર પોલીસને સોંપી દીધી હતી.

ગોકુલધામ આર.એમ.સી. ક્વાર્ટર વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય માતાએ પોતાની ૧૫ વર્ષીય દીકરીના અપહરણની ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું મારા સંતાનો સાથે રહું છું. ઘરકામ કરું છું. મારા લગ્ન આજથી આશરે ત્રેવીસ વર્ષ પહેલા થયા હતા. સંતાનમાં એક દિકરો ૧૯ વર્ષનો છે. એક દિકરી ૧૫ વર્ષની છે. જે ધો.૧૦માં અભ્યાસ કરે છે. વર્ષ ૨૦૨૦ માં મારા પતિનું બીમારીથી મોત થયું હતું. ગત તા.૧૨/૪/૨૦૨૪ ના દિવસે હું મારા ભાઈ સાથે રાજસ્થાન ગઇ હતી. તા.૧૩ના રાત્રે ૧૧:૩૦ વાગ્યે મારી દિકરી પાસે ફોન પકડાવાથી તેના ભાઈએ તેને ઠપકો આપ્યો હતો. બાજુમાં રહેતા પાડોશી બહેનના ઘરે દીકરીને સુવા મોકલી આપેલ. ત્યાર બાદ તા ૧૪ના વહેલી સવારેના આશરે ત્રણેક વાગ્યે પાડોશી બહેને મારા દિકરાને જાણ કરી કે મારી દીકરી ક્યાંક જતી રહી છે.

જેની જાણ મને થયા પછી મારા દીકરાએ સગા સબંધી, બસ સ્ટેન્ડ અને ગોંડલ ચોકડી શોધવા ગયેલ પણ દીકરી મળી આવેલ નહીં. તા. ૧૪ના સવારે આશરે ૧૧ વાગ્યે મારા દીકરાએ મને જાણ કરી કે, બહેન મળી ગઈ છે. અને ભક્તિબગર પોલીસ સ્ટેશને છે. હું બહેન ને લેવા જાઉં છું. પછી આશરે બપોરે બારેક વાગ્યે ભક્તિનગર પોલીસ સ્ટેશનથી દીકરીને લઈ આવેલ. ત્યાર બાદ અમે બપોર પછી ત્રણેક વાગ્યે મારા ઘરે આવેલ અને બાદ મેં મારી દિકરીને પુછેલ કે તને શું થયુ છે ? મારી દિકરી ડરતી હોય મને સરખો જવાબ આપતી ન હોય બાદ મેં આ બાબતે મારી દિકરીને શાંત પાડીને નિરાંતે પૂછતા, દિકરીએ રડતા રડતા પોતાની આપવીતી જણાવેલ કે, સમીર સુમરા સાથે મારે છેલ્લા આશરે ૨ થી ૩ વર્ષ થી પ્રેમસબંધ છે. અને અમે બન્ને અવારનવાર મળતા હતા. મને સમીર સુમરાએ મોબાઇલ આપેલ છે. જેના થી હું અને સમીર વાતચીત કરતા હતા. રાત્રીના સમીરનો ફોન આવેલ અને મને જણાવેલ કે તું મારી સાથે ચાલ આપણે લગ્ન કરી લઇશુ જેથી હું ઘરેથી રાત્રીના આશરે સાડા ત્રણેક વાગ્યે નીકળીને આ સમીરના એક્સેસ પાછળ બેસીને તેના ઘરે ગયેલ અને તેના ઘરે તેના પરીવારના લોકો હતા અને એક વકીલ હતા જેમણે સલાહ આપેલ કે આ છોકરીની ઉંમર નાની હોય જેથી તમો આને ભક્તિનગર પોલીસ સ્ટેશન લઈને જાઓ જેથી તેના પરીવારના લોકો મને લઇને ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે ગયેલ અને જ્યાં મારી પૂછપરછ કરેલ પછી ભાઈ ને ફોન કરેલ. એમ મને મારી દિકરી એ જણાવેલ હતું. જે પછી ફરિયાદી માતાએ માલવીયાનગર પોલીસ મથકે સમીર સુમરા સામે સગીરાના અપહરણ અંગે ગુનો દાખલ કરાવતા પોલીસે સમીરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# સોખડામાં જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર પિતા-પુત્રનો બાઈકનો ઘોડીથી હુમલો

## નિલેશ સોલંકીને ગંભીર ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયોઃ કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૧૭

સોખડામાં જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર પિતા-પુત્રએ બાઈકની ઘોડીથી હુમલો કરતાં યુવાનને ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે સોખડામાં નિરાંતનગર મેઈન રોડ પર રહેતાં નિલેશભાઇ મનોજભાઈ સોલંકી (ઉ.વ ૨૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કલ્પેશ સોમા જાદવ અને સોમા જાદવ (રહે. બંને સાત હનુમાન મંદીર પાછળ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ડ્રાઇવિંગ કામ અને તેમના પિતા ઓટો રિક્ષા ચલાવે છે. ગઈકાલે સાંજના સોખડા રોડ પર તેઓની બાઈકની ઘોડી તૂટી ગયેલ હોય જે રિપેર કરાવવા માટે જતાં હતાં ત્યારે સોસાયટીમાં રહેતો કલ્પેશ જાદવ ધસી આવેલ અને કહેલ કે, મેં અગાઉ તારી માતાને મારમાર્યો હતો. ત્યારે તમે ફરિયાદ કરેલ હતી.તેમજ તારા પિતાને પણ માર મારી શકું તેમ કહેતાં તેમને કહેલ કે, મારા પિતાજીને તું કેમ માર મારે તેમ કહેતા તે ઉશ્કેરાઇ ગયેલ અને ગાળો આપી તેના પિતા સોમાભાઈ બાજુમાંથી આવેલ અને જપાજપી કરવા લાગેલ હતાં.

બાઇકની ઘોડી કલ્પેશે લઈ તેમનાં માથામાં અને હાથમાં ઘા ઝીંકી દિધા હતાં. બાદમાં તેઓને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ આઈ.એ.ભટ્ટીએ તપાસ હાથ ધરી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# મોબાઈલ ચોરો એકટીવ થયાઃ ધર્મેન્દ્ર રોડ પર ખરીદી કરવા નિકળેલ બે મહિલાઓના ફોનની તફડંચી

## રેસકોર્સમાં સાઈકલીંગ કરવા નિકળેલી વેપારીની ૧૦ વર્ષની પુત્રીની સાયકલ ચોરાઈઃ પોલીસ ફરીયાદ નોંધાઈ

રાજકોટ તા.૧૭

શહેરમાં મોબાઈલ ચોરો સક્રિય થયા હોય તેમ થોડા સમયમાં ભીડભાડ વાળી જગ્યાએથી લોકોની નજર ચુકવી મોબાઈલ ફોનની તફડંચી કરી નાસી છુટવાના બનાવો પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે ધર્મેન્દ્ર રોડ પર ખરીદી કરવા ગયેલ બે મહિલાના ફોનની તફડંચી થયાના બનાવો સામે આવતા પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી. જયારે રેસકોર્સમાં સાઈકલીંગ કરવા નિકળેલ વેપારીની ૧૦ વર્ષની પુત્રીની સાઈકલ પણ ચોરાઈ હોવાનો બનાવ સામે આવતા ગુનો નોંધાયો હતો. પ્રાપ્ત વિગત મુજબ કાલાવડના ખરેડી ગામે રહેતી ધારાબેન નીતીનભાઈ પંડયા (ઉ.૨૪) ગઈ તા.૭/૪ના ધર્મેન્દ્ર રોડ માર્કેટ પાસે કપડાની ખરીદી કરવા આવેલ હોય ત્યારે તેમની થેલીમાં રાખેલ મોબાઈલ ફોનની કોઈ અજાણ્યો શખ્સ તેમની નજર ચુકવી તફડંચી કરી નાસી છુટતા એ ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

જયારે વાવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે ક્રિસ્ટલ રેસીડેન્સીમાં રહેતા અને પુજારા ટેલીકોમમાં મેનેજર તરીકે નોકરી કરતા અર્જુનભાઈ બીપીનભાઈ બરોચીયાની માતા જયોતીબેન ગઈ તા.૧૪ના ધર્મેન્દ્ર રોડ પર બાલાજી સેન્ડવીચની સામે ગુરૂકૃપા કીચન એપ્લાયની દુકાનમાં કામ ઉપર હતા ત્યારે તેઓએ ટેબલ ઉપર રાખેલ ફોન કોઈ અજાણ્યો શખ્સ તેમની નજર ચુકવી રૂા.૧૩ હજારના મોબાઈલની ચોરી કરી નાસી છુટયાની એ ડીવીઝન પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

તેમજ ન્યુ જાગનાથ પ્લોટ ઓમ શિવમ એપાર્ટમેન્ટમાં રહેતા અમીતભાઈ વિનોદરાય મહેતા ઉ.૪૮,ની ૧૦ વર્ષની પુત્રી વંશી ગઈ તા.૧૪ના રોજ સવારના ૯-૩૦ વાગ્યાની આસપાસ રેસકોર્સના ફુટબોલ ગ્રાઉન્ડથી બાલભવન વચ્ચે આવેલી ગલીમાં પોતાની સાયકલ પાર્ક કરેલ હતી. જે સાયકલની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી છુટતા પ્ર.નગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

# છરી-ધોકા સાથે ફરતા લુખ્ખાઓ પર પોલીસની ધોંસઃ પાંચ શખ્સો સામે કાર્યવાહી

## પરા પીપળીયાના પાટીયા પાસેથી કારમાં ધોકા અને લાકડી રાખી રોફ જમાવતા બે અને ગોકુલધામ આરએમસી કવાર્ટર, સંતકબીર રોડ સહિતના વિસ્તારોમાંથી પોલીસે દબોચ્યા

રાજકોટ તા.૧૭

શહેરમાં છરી ધોકા જેવા હથીયારો સાથે રોફ જમાવતા લુખ્ખાઓ પર પોલીસે ધોંસ બોલાવી પાંચ શખ્સો સામે કાર્યવાહી કરી ગુના નોંધ્યા હતા.

બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે જામનગર રોડ પર પરાપીપળીયાના પાટીયા પાસેથી પસાર થતી એક કારને અટકાવી તેમાં તપાસ કરતા ડેકીમાંથી લાકડાના બે ધોકા અને લાકડી મળી આવતા કાર ચાલક અમીત હેમંત મોરાણીયા (ઉ.૩૦) રે. શકિત સોસાયટી શેરી નં.૨/૨૮નો ખૂણો અને તેની સાથેના રાજ કીરીટ તુરીયા રહે. રાણછોડનગર શેરી નં.૨૯ સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધ્યો હતો.

જયારે બી ડીવીઝન પોલીસે સંતકબીર રોડના નાલાથી આગળ સર્વિસ રોડ પરથી શૈલેષ અમરશી સોલંકી (ઉ.૩૦) રે. સાગરનગર શેરી નં.૫, જુનો મોરબી રોડ પાસેથી લાકડી કબ્જે કરી હતી તેમજ સીટી સ્ટેશન પાસેથી વિકી નાથા દેલવાડીયા રહે. જુનો મોરબી રોડ સીટી સ્ટેશન પાસેને છરી સાથે તેમજ સંત કબીર રોડ ત્રીવેણી ગેટ પાસે જાહેર રોડ પરથી વિશાલ પ્રેમજી વાઢેર (ઉ.૨૭)ને છરી સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### કુવાડવા રોડ પરની ધ ગ્રેટ ભગવતી હોટલમાં મુસાફરોની નોંધણી થતી ન હતીઃ ગુનો નોંધાયો

બી ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે કુવાડવા રોડ પર રીલાયન્સ પેટ્રોલ પંપની સામે આવેલ ધ ગ્રેટ ભગવતી નામની હોટલમાં તપાસ હાથ ધરતા હોટલના સંચાલકે આર્થીક ફાયદો મેળવવા હોટલમાં આવતા મુસાફરો બાબતની માહિતી પથીક સોફટવેરમાં એન્ટ્રી નહીં કરી પોલીસ કમિશ્નરના જાહેરનામાનો ભંગ કર્યાનું સામે આવતા હોટલ સંચાલક હેમંત દામોદર રાજાણી (ઉ.૬૩) રહે. કુવાડવા રોડ ડીમાર્ટ વાળી શેરી સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધવામાં આવ્યો હતો.

### સ્વર્ગસ્થ મિત્ર વિજય પારેખની પુણ્યતિથિ નિમિત્તે

# કાલે શ્રીજી પરિવાર દ્વારા થેલેસેમિયા બાળકો માટે રક્તદાન કેમ્પનું આયોજન



રાજકોટ, તા.૧૭

શહેરના શ્રીજી પરિવાર ગ્રુપ દ્વારા મિત્ર સ્વ. વિજયભાઈ કાંતિભાઈ પારેખની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ગરીબ દર્દી તેમજ સિવિલ હોસ્પિટલ થેલેસમિયાવાળા બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલે તા.૧૮ ને સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી ઉપર આવેલ બ્રહ્મ સમાજ સોસાયટી હોલ, રૈયા રોડ, રાજકોટ ખાતે રક્તદાન કેમ્પનું યોજાશે. ઇચ્છુક રક્તદાતાઓને ૯૯૨૫૭૯૯૦૯૯ સંપર્ક કરવાનો રહેશે.

## કલેકટર કચેરીમાંથી ક્ષત્રિય સમાજે ૧૮૦ ફોર્મ ઉપાડયા પણ હજુ એક પણ ભરાયા નથી

# રાજકોટ બેઠક પર ૩૧૯ ફોર્મ ઉપડયાઃ હજું ફકત ત્રણનું જ નોમીનેશન

### હવે આખરી બે દિવસઃ તા.૧૯ સુધીમાં ઘસારો થવાની ધારણાઃ તા.૨૦ના ચકાસણીઃ તા.૨૨ના ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થવાનો સંકેતઃ બેલેટપત્રથી ચુંટણીની વાતો વચ્ચે એક ઈવીએમ પણ વધી પડે તેવી શકયતા

રાજકોટ, તા. ૧૭

રાજકોટ સહિત રાજયની લોકસભાની ૨૬ અને વિધાનસભાની ૫ બેઠકોની આગામી તા. ૭ મેના આયોજિત કરાયેલ ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા ગત તા. ૧૨ એપ્રિલના જાહેરનામું પ્રસિધ્ધ થયા બાદ મુરતીયાઓના નામાંકન પત્રની પ્રક્રિયા હાલ ચાલી રહી છે જેમાં નામાંકનપત્ર ભરવાની અંતિમ તા. ૧૯ નિયત કરાયેલ છે. જેને આડે હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા છે. ત્યારે રાજકોટ લોકસભાની બેઠક માટે અત્યાર સુધીમાં ૩૧૯ જેટલા ફોર્મ ઉપડાયા બાદ હજુ માત્ર ત્રણ ઉમેદવારોના જ નોમીનેશન થયા છે.

રાજકોટ લોકસભાની હોટ ગણાતી આ બેઠક માટે ચૂંટણી પંચ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ થતાની સાથે જ ક્ષત્રિય સમાજ દ્વારા ૧૮૦ જેટલા ઉમેદવારી ફોર્મ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાંથી પ્રથમ દિવસે જ ઉપાડી લેવામાં આવેલ હતા. ત્યારબાદ ક્ષત્રિય સમાજ દ્વારા એક પણ ફોર્મ ભરીને હજુ જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ સબમીટ થવા પામેલ નથી. આ બાબતે ખાસી ચર્ચા જગાવી દીધી છે.

પ્રારંભિક તબકકે ક્ષત્રિય સમાજ દ્વારા ૧૮૦ જેટલા ઉમેદવારી ફોર્મ ઉપાડી લેવાતા વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું હતું. તેની સાથોસાથ બેલેટ પેપરથી ચૂંટણીની નોબત આવે તો નવાઇ નહીં તેવી પણ ચર્ચા થવા લાગી હતી. પરંતુ ક્ષત્રિય સમાજ દ્વારા મોટી સંખ્યામાં ફોર્મ ઉપાડાયા બાદ ઉમેદવારીને એકાએક બ્રેક મારી દેવામાં આવી છે. જોકે આવતીકાલથી ઉમેદવારોના નોમીનેશનની પ્રક્રિયા વેગ પકડશે. બીજી તરફ ક્ષત્રિય સમાજ દ્વારા જે ઉમેદવારી ફોર્મ ઉપાડવામાં આવેલ છે. તેના નામાંકન થશે કે કેમ ? તેના તરફ પણ મીટ મંડાયેલી છે.

વર્તમાન સ્થિતિ તરફ નજર નાંખતા અત્યાર સુધીમાં ભાજપના પરસોતમભાઇ રૂપાણી અને તેમના ડમી ઉમેદવાર તરીકે મોહનભાઇ કુંડારીયાએ તેમના ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ સબમીટ કરાવી પરસોતમભાઇ રૂપાણીએ વાજતે-ગાજતે પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે. તે પૂર્વે એક અપક્ષ ઉમેદવારે પણ નામાંકન પત્ર સબમીટ કરાવતા અત્યાર સુધીમાં માત્ર ત્રણ ઉમેદવારોના જ નામાંકનપત્ર સબમીટ થવા પામેલ છે. જો ઉમેદવારો ન વધે તો હાલની સ્થિતિ મુજબ ચૂંટણીમાં એક ઇવીએમ મશીનની માંડ જરૂર પડે તેવા સંજોગોનું નિર્માણ થઇ રહ્યું છે. અહીં પણ ઉલ્લેખનીય છે કે અગાઉ ક્ષત્રિય સમાજ દ્વારા ૩૮૪થી વધુ ઉમેદવારો રાજકોટ બેઠક પરથી ઉભા રાખવાની વાતો વહેતી કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી ક્ષત્રિય સમાજનું એક પણ ફોર્મ ભરાઇને સબમીટ ન થતા હવે આખરી બે દિવસ ખરાખરીના માનવામાં આવી રહ્યા છે. આગામી તા.૧૯ સુધીમાં જ ઉમેદવારો પોતાના નામાંકનપત્રો ચૂંટણી અધિકારી સમક્ષ સબમીટ કરાવી શકશે. જે બાદ તા.૨૦ના ઉમેદવારીપત્રોની ચકાસણી અને ત્યારબાદ તા.૨૨ના ઉમેદવારો તેમના ઉમેદવારીપત્રો પરત ખેંચી શકશે જે બાદ રાજકોટ બેઠકનું ચિત્ર સ્પષ્ટ થશે.

## પોસ્ટલ બેલેટથી મતદાન માટે કાલે અમદાવાદમાં યોજાશે એકસચેંજ મેળો

### રાજકોટથી ૭૧૪૬ ફોર્મ સાથે નોડલ અધિકારીને રવાના કરાશે : જિલ્લામાં ૧૫૩૮૮ સરકારી કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી કરશે મતદાન

રાજકોટ, તા. ૧૭

લોકસભાની ચૂંટણીમાં સરકારી કર્મચારીઓને પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ વખતે પોસ્ટલ બેલેટથી મતદાન માટે આવતીકાલે તા.૧૮ના અમદાવાદ ખાતે સૌપ્રથમવાર એકસચેંજ મેળો આયોજીત કરવામાં આવેલ છે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ફરજ બજાવતા ૧૫૩૮૮ સરકારી કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરનાર છે. આ માટે આ કર્મચારીઓ દ્વારા ફોર્મ નં.૧૨ ભર્યા છે. અમદાવાદ ખાતે આવતીકાલે યોજાનારા આ એકસચેંજ મેળામાં ૭૧૪૬ ફોર્મ મોકલવામાં આવનાર છે.

આ ફોર્મ સાથેની યાદી લઇ નોડલ અધિકારી મંડળ અમદાવાદ જવા રવાના થનાર છે. સરકારી કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટથી મતદાન માટે આ પ્રકારનો એકસચેંજ મેળો સૌપ્રથમવાર અમદાવાદ ખાતે યોજાઇ રહ્યો છે. જયારે રાજકોટ લોકસભા બેઠકના ૬૬ થી ૭૨ વિધાનસભા વિસ્તારના ૮૨૪૨ કર્મચારીઓના ફોર્મ રાજકોટમાં રહેશે.

## ડિમ્પલ યાદવ સામે માયાવતીએ ઉમેદવાર બદલતા અખિલેશ યાદવ ભડકયા

લખનૌ, તા. ૧૭

ઉતરપ્રદેશમાં ભાજપ સામે ત્રિપાંખીયો જંગ ખેલાશે જેમાં સમાજવાદી પક્ષ અને કોંગેસનું ગઠબંધન જયારે તેની સાથે બહુજન સમાજ પક્ષ અને ઓલ ઈન્ડિયા મસ્જિદ એ મુસલમીનના અસદુદ્દીન ઔવેસી પણ સમાંતર રીતે



ચૂંટણી લડી રહ્યા છે તે સમયે મેનપુરી લોકસભા બેઠક ઉપર સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવના ધર્મપત્ની ડિમ્પલ યાદવ ફરી એક વખત આ બેઠક જીતવા આતુર છે. તે સમયે માયાવતીએ આ બેઠક પર તેના જાહેર થયેલા ઉમેદવાર ગુલશન સાકયના બદલે શિવપ્રતાપ યાદવને ઉમેદવાર બનાવતા અહીંના યાદવ મતોમાં ભાગલા પડશે તેવી ધારણા છે જેના કારણે ડિમ્પલ યાદવ માટે મુશ્કેલી સર્જાય તે પણ સંકેત છે. માયાવતીએ આ રીતે ઉમેદવાર બદલતા જ અખિલેશ યાદવ પણ ભડકયા હતા અને એવો આક્ષેપ કર્યો કે ભાજપના કહેવાથી માયાવતીએ ઉમેદવાર બદલ્યા છે.

## એક સમયે ૬૦ વર્ષ સુધી દેશમાં શાસન કરનાર કોંગ્રેસ માટે હવે અનેક રાજયોમાં અસ્તિત્વ બચાવવું પણ મુશ્કેલ

# કોંગ્રેસ પ્રથમ વખત લોકસભા ચૂંટણીમાં સૌથી ઓછી બેઠકો લડશે : સાથી અને પ્રાદેશિક પક્ષો વધુ મજબુત

### લોકસભા ચૂંટણીમાં ૩૩૦ બેઠકો પર લડયા પછી પણ કોંગ્રેસને ત્રણ આંકડે પહોંચવાની શકયતા નહીંવત : જોકે ૨૦૦૪ સાથે સરખામણી કરતા જયરામ રમેશ : ઈન્ડિયા ગઠબંધન માટે કુરબાની આપી હોવાનો દાવો : ઉત્તરપ્રદેશમાં ખાતુ ખોલી શકશે કે કેમ તે પણ પ્રશ્ન

નવી દિલ્હી, તા. ૧૭

લોકસભા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ સહિતના તમામ રાજકીય પક્ષોએ મોટા ભાગની બેઠકો માટે ઉમેદવાર જાહેર કરી દીધા છે અને ઇન્ડીયા ગઠબંધન હેઠળ કોંગ્રેસે અનેક રાજયોમાં સ્થાનિક પક્ષો સાથે સહયોગ કર્યો છે ત્યારે પ્રથમ વખત એવું બનશે કે કોંગ્રેસ અત્યાર સુધીમાં સૌથી ઓછી લોકસભા બેઠકો લડશે. દેશની સૌથી જુની રાજકીય પાર્ટી હોવા છતાં પણ કોંગ્રેસ છેલ્લા એક દસકામાં ઘસાઇ છે અને પ્રાદેશિક પક્ષોનો ઉદય થયો છે તે બાદ કોંગ્રેસ માટે અનેક રાજયોમાં તેનું અસ્તિત્વ પણ જોખમમાં છે. સોમવારે કોંગ્રેસે જે ઉમેદવારો જાહેર કર્યા તે ૨૦૦૪ સાથેની પરિસ્થિતિ સરખાવી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસ ૩૩૦ લોકસભા બેઠકો પર ચૂંટણી લડશે તેવા સંકેત છે. ૨૦૦૪માં કોંગ્રેસે ૪૧૭ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા જે તેના ઇતિહાસની સૌથી ઓછી બેઠકો હતી. કોંગ્રેસના પ્રવકતા જયરામ રમેશે કહ્યું કે પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, ઉતરપ્રદેશમાં ઇન્ડિયા ગઠબંધનના સાથી પક્ષોને સામેલ કરવા માટે અમોએ વધુ બેઠકો તેમને આપી છે. તેઓએ દાવો કર્યો કે ૨૦૦૪માં આ જ સ્થિતિ હતી. જયારે અમે આ ત્રણ રાજયોમાં સૌથી ઓછી બેઠકો લડી હતી. કારણ કે અમે એક મજબુત અને પ્રભાવી ગઠબંધન ઇચ્છતા હતા અને કોગ્રેસ તથા એનડીએ ગઠબંધન જે રીતે આ ચૂંટણીમાં સાથે છે તે જોતા અમને સ્પષ્ટ બહુમતી મળશે તે પણ નિશ્ચિત છે અને ચૂંટણી પછી ઇન્ડિયા ગઠબંધનની સરકારને કોઇ નવા પક્ષની જરૂર રહેશે નહી જયારે એનડીએને વિપક્ષમાં બેસવું પડશે.

કોંગ્રેસના આ દાવા છતાં પક્ષ દ્વારા ચૂંટણી લડવા માટે ઓછી બેઠકોએ તે તેની રાજકીય નબળાઇ દર્શાવે છે. દસ વર્ષમાં આ પક્ષ ઉતરપ્રદેશ, બિહાર, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્રમાં તેની જીતની સંભાવના સૌથી ઓછી છે. જયારે આ રાજયોમાં લોકસભાની કુલ ૪૦ ટકા જેટલી બેઠકો છે. દેશમાં જે રીતે રાજકીય સમીકરણો બન્યા છે તેનાથી કોંગ્રેસને અનેક બેઠકો સાથી પક્ષોને આપવાની મજબુરી બની છે. મહારાષ્ટ્રમાં તે મહત્વપૂર્ણ બેઠકો પર ચૂંટણી લડશે નહીં બિહારમાં આ જ સ્થિતિ છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીએ કોંગ્રેસને બે બેઠકોની ઓફર કરી હતી જે પણ ન આપી. ગુજરાતમાં કોંગ્રેસને બે બેઠકો આમ આદમી પાર્ટીને આપી છે. આંધ્રપ્રદેશમાં કોંગ્રેસને કેટલી તક છે તે પ્રશ્ન છે. છતાં ૨૩ બેઠકો લડી રહી છે. ધારાસભા ચૂંટણીમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છતીસગઢમાં કોંગ્રેસને હારનો સામનો કરવો પડયો. આવી જ રીતે ઉતરપ્રદેશ કે તેના માટે સૌથી મહત્વનું રાજય છે અને કોંગ્રેસ એક સમયે ગઢ ગણાતું હતું ત્યાં ગત ચૂંટણીમાં એક જ બેઠક મળી હતી તે સોનિયા ગાંધી વિજેતા બન્યા હતા. હવે સોનિયા પણ આ રાજયમાં ચૂંટણી લડી રહ્યા નથી અને રાજસ્થાનમાંથી રાજયસભામાં ચૂંટાયા છે. રાહુલ ગાંધી ખુદ અમેઠીમાંથી લડશે તે પણ પ્રશ્ન છે. પ્રિયંકા ગાંધી પણ ઉતરપ્રદેશમાંથી જોખમ લેશે નહીં તે નિશ્ચિત જણાય છે અને આમ મોટા મોટા રાજયો કોંગ્રેસ ગુમાવી રહી છે અને તેથી ડબલ ડિજીટમાં રહે તેવી પણ શકયતા છે.

### જયોતિરાદીત્ય સિંધીયા મધ્યપ્રદેશના સૌથી ધનવાન ઉમેદવાર

# ગોવામાં ભાજપના ઉમેદવારની સંપતિનું સોગંદનામુ ૧૧૯ પાનાનુંઃ કુલ ૧૪૦૦ કરોડની મિલ્કતો

### દુબઈ અને લંડનમાં ફલેટઃ પતિ સાથે બિઝનેસ ચલાવે છેઃ ફુટબોલ કંપનીના માલીક

પણજીઃ લોકસભા ચૂંટણી લડતા અનેક ઉમેદવારોની સંપતિ સામાન્ય માનવી માટે તો કલ્પના જ બની રહે છે. મોટાભાગના કરોડપતિ છે તેમાં ભાજપે સાઉથ ગોવા માટે પલ્લવી ડેમ્પોને ટિકીટ આપી છે તેઓની સંપતિ માટે ૧૧૯ પાનાનું સોગંદનામુ રજુ કરવું પડે તેટલી તેઓ સ્થાવર અને જંગમ મિલ્કત ધરાવે છે તેમની તથા તેમના પતિ શ્રીનિવાસ ડમ્પોની કુલ સંપતિ રૂા.૧૪૦૦ કરોડની છે. ડમ્પો ગ્રુપ એ ગોવાનું જાણીતું ઔધોગીક ગ્રુપ છે અને શિપ બિલ્ડીંગ, ફુટબોલ ટીમથી રીયલ એસ્ટેટ તમામમાં તેનું રોકાણ છે. પલ્લવી ડેમ્પો પાસે રૂા.૨૫૫.૪૦ કરોડની સંપતિ છે જયારે તેના પતિ પાસે રૂા.૯૯૪ કરોડની મિલ્કતો છે જે ગોવા અને દેશ ઉપરાંત વિદેશમાં પણ છે. આ દંપતિ દુબઈમાં સંયુકત માલીકીનું એપાર્ટમેન્ટ ધરાવે છે જેની કિંમત રૂા.૨.૫ કરોડ છે અને લંડનમાં રૂા.૧૦ કરોડનું આવાસ છે. ૪૯ વર્ષના



પલ્લવી બીઝનેસ મેનેજમેન્ટમાં પોષ્ટ ગ્રેજયુએટ છે તેઓ પુના યુનિ,માં અભ્યાસ કર્યો છે.

**જયોતિરાદીત્ય સિંધીયા મધ્યપ્રદેશના સૌથી ધનાઢય ઉમેદવાર**

ગુના લોકસભા બેઠક પરથી ઉમેદવારી કરી છે. તેઓ મધ્યપ્રદેશના સૌથી ધનવાન ઉમેદવાર છે.

જયોતિરાદીત્ય સિંધીયાના પરિવાર પાસે કુલ જંગમ મિલ્કત ૬૧ કરોડ રૂપિયા અન સ્થાવર મિલકત ૩૨૬ કરોડ રૂપિયા જેટલી છે. એમપીના ગુના લોકસભા સીટ પર સિંધીયાએ ઉમેદવારી નોંધાવીને પોતે જાહેર કરેલી સંપતિ પ્રમાણએ તેમની પાસે હાલમાં અબજોની સંપતિ સાથે બેંકનું દેવું પણ રહેલું છે. જયોતિરાદીત્ય સિંધીયાના પત્ની પ્રિયદર્શની રાજેના માથે પણ બેંકનું દેવું છે.

સિંધીયા પાસે રોકડ રકમ ૨૫૦૦૦ રૂપિયા છે. આ સિવાય ૪ કરોડ ૬૪ લાખ ૫૦ હજાર જણાવી છે. એફિડેવિટમાં જાહેર કરેલી વિગત પ્રમાણે તેમની પાસે પોતાની કોઈ કાર, જમીન કે ખેતી માટે કે અન્ય પ્રકારની જમીન મિલકત ધરાવતા નથી. તેઓ પાસે વારસામાં મળેલી એક બીએમડબલ્યુ કાર છે. ૧૯૬૦ના વર્ષની આ કારનો મોડેલનો નંબર એમપી ૦૭ ડબલ્યુ ૨૨૫૫ છે. આ સિવાય સિંધીયા પાસે વારસા મળેલી પૈતૃક મિલકત છે. જેમાં તેમના આવાસસ્થાનોનો પણ સમાવેશ થાય છે. જયોતિરાદીત્ય સિંધીયાની પાસે ૩૫ કરોડ ૫૩ લાખ રૂપિયાની સ્થાવર સંપતિ છે.

# લોકસભા ચૂંટણી : પ્રથમ તબકકાની ૧૦૨ બેઠકોમાં આજે પ્રચારના પડઘમ શાંત

### ગડકરી સહિત આઠ કેન્દ્રીય મંત્રીઓના ભાવિ તા. ૧૯ના રોજ નિશ્ચિત થશે

નવી દિલ્હી, તા. ૧૭

દેશ માટે અત્યંત મહત્વની બની ગયેલી લોકસભા ચૂંટણીનું પ્રથમ તબકકાનું મતદાન તા.૧૯ના થશે તે પૂર્વે આજે સાંજે પ્રથમ તબકકાની ૧૦૨ બેઠકો પર પ્રચારના પડઘમ શાંત થઇ જશે. પ્રથમ ચરણમાં ૨૧ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મતદાન થશે તેમાં નીતિન ગડકરી સહિત આઠ કેન્દ્રીય મંત્રીઓ, બે પૂર્વ મુખ્યમંત્રીઓ, એક પૂર્વ રાજયપાલના ભાવિ નિશ્ચિત થશે. જેમાં અનેક બેઠકો પર ત્રિકોણીય જંગ જામશે. પ્રથમ તબકકામાં તામીલનાડુની ૩૯ બેઠકો પર મતદાન થશે જેમાં કેન્દ્રના પૂર્વ ગૃહમંત્રી ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ શિવગંગા બેઠક પર ચૂંટણી લડી રહ્યા છે

જયારે તામીલનાડુના અધ્યક્ષ કે.અન્નામલ્લાઇ કોઇમ્બતુર બેઠક પર પ્રથમ વખત લોકચુકાદામાં પોતાનું ભાવિ અજમાવી રહ્યા છે. આ જ રીતે ડીએમકેના કન્નીમોજી પણ ફરી એક વખત ચૂંટણીમાં જીત માટે આતુર છે. આમ અનેક દિગ્ગજોના ભાવિ નકકી થશે. કેન્દ્રીય મંત્રીઓમાં કિરણ રિજજૂ, સરબાનંદ સોનેવાલ, ભુપેન્દ્ર યાદવ, અર્જુન મેઘવાલનો સમાવેશ થાય છે.

### ઈન્દ્રનીલની જગ્યામાં કોંગ્રેસ કાર્યાલય સામે વાંધો? ભારે ચર્ચા

# કોંગ્રેસમાં ફરી આંતરિક જુથવાદ સળગ્યોઃ પ્રચારને બદલે પરેશ ધાનાણીની 'મનામણા' માટે કસરત

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં કોંગ્રેસે ઉમેદવાર તરીકે સિનિયર નેતા પરેશ ધાનાણીને મુકયા છે અને તેઓ પ્રચાર શરૂ કરે તે પૂર્વે જ મનામણા કરવા પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. ડો. હેમાંગ વસાવડાના નિવાસસ્થાને નારાજ આગેવાનોની તાબડતોડ બેઠક બોલાવવામાં આવી છે અને સંગઠીત થઇને લડવા માટે તમામને એક જુથ કરવાના પ્રયત્ન કરવામાં આવ્યા છે.

માહિતગાર સુત્રોએ જણાવ્યું છે કે કેટલાક વખત બાદ કોંગ્રેસમાં ફરી એક વખત આંતરિક જુથવાદ સળગી ઉઠયો છે અને પરિણામે પાર્ટીના ઉમેદવાર પરેશ ધાનાણીને તાબડતોડ સમજાવટ બેઠક યોજવાની ફરજ પડી છે. આજે બપોરે ડો. વસાવડાના નિવાસસ્થાને બેઠક યોજવામાં આવી હતી તેમાં ભીખુભાઇ વારોતરીયા, લલીત કગથરા પણ હાજર હતા. ડો. વસાવડા, મહેશ રાજપુત, પ્રવિણ સોરાની, અશોકસિંહ વાઘેલા, રણજીત મુંધવા વગેરેને બોલાવવામાં આવ્યા હતા. નારાજ આગેવાનોને મનામણા કરવાનો એજન્ડા હોવાની ચર્ચા હતી.

એમ કહેવાય છે કે કોંગ્રેસનું કાર્યાલય પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજ્યગુરુની જગ્યામાં શરુ કરવામાં આવ્યું હોવાથી એક જુથને વાંધો પડ્યો છે. થોડા દિવસો પૂર્વે પણ ઇન્દ્રનીલની હાજરીમાં કોંગ્રેસ કાર્યાલયે યોજાયેલી મીટીંગમાં આતંરીક સટાસટી થઇ હતી પ્રવિણ સોરાણી તથા કેટલાક અન્ય આગેવાનો બેઠક છોડીને ચાલ્યા ગયા હતા. ઇન્દ્રનીલ રાજ્યગુરુ સાથે તેઓને ટપાટપી થઇ હતી આ બેઠક વખતે પણ શહેર કોંગ્રેસના અન્ય અનેક નેતાઓ પણ આવ્યા ન હતા. આમંત્રણ ન હોવાનું કારણ આપીને તેઓએ મીટીંગમાં હાજરી આપવાનું ટાળ્યું હતું. આ વિવાદ હવે ફરી સપાટી પર આવ્યો હોય તેમ પરેશ ધાનાણીએ સંગઠીત લડાઇ માટે તમામની બેઠક યોજી છે. બેઠકમાં સમજાવટના પ્રયત્નો સફળ થાય છે કે કેમ તેના પર મીટ છે. હાલ તુર્ત તો પરેશ ધાનાણીના પ્રચારના બદલે મનામણામાં કસરત કરવાનો વખત આવ્યો હોવાની ચર્ચા છે.

### ડો. હેમાંગ વસાવડાના બંગલે 'નારાજ' નેતાઓ સાથે બેઠક

## નવા ગ્રાહકોએ 'X' પર પોસ્ટ અને લાઇકસ માટે ચૂકવણી કરવી પડશે

નવી દિલ્હી, તા.૧૭

નકલી એકાઉન્ટ્સની વધતી સંખ્યાને રોકવા માટે સોશિયલ મીડિયા પ્લેટ ફોર્મ 'X' હવે નવા ગ્રાહકોને કંઇ પણ શેર કરવા, પોસ્ટને 'લાઇક' કરવા, બુકમાર્ક કરવા અને પોસ્ટનો જવાબ



આપવા માટેના વિકલ્પનો ઉપયોગ કરવા માટે ચાર્જ લેશે.

કંપનીના જણાવ્યા અનુસાર ગ્રાહકો હજી પણ પ્લેટફોર્મનો મફતમાં ઉપયોગ કરી શકે છે અને તેના પર કોઇપણ અન્ય એકાઉન્ટને 'ફોલો' કરી શકે છે.

સોમવારે પ્લેટફોર્મની વેબસાઇટ પર 'અપગ્રેડ' થયા બાદ માહિતી આપવામાં આવી હતી કે નવા એકાઉન્ટ્સને પોસ્ટ, લાઇક, બુકમાર્કિંગ અને રિપ્લાય કરતાં પહેલા વાર્ષિક ફી ચૂકવવી પડશે. કંપનીએ કહ્યું કે, તેનો હેતુ સ્પામ ઇમેલ ઘટાડવાનો અને દરેકને સારો અનુભવ આપવાનો છે. જો કે, નવા ધોરણો પસંદગીના સ્થળો એ અથવા સમગ્ર વિશ્વમાં લાગુ કરવામાં આવશે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. 'X'ના માલિક અને ઉદ્યોગપતિ એલોન મસ્કે ફોરમ પર લખ્યું,

દુર્ભાગ્યવશ નવા ગ્રાહકોને કંઇપણ લખવા માટે થોડી ફી ચૂકવવી પડશે. નકલી એકાઉન્ટસને રોકવાનો આ એક માત્ર રસ્તો છે. પ્લેટફોર્મના આ પગલાને ઇન્ટરનેટ યુઝર્સ તરફથી મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. કેટલાકે ઇન્ટરનેટ અને એઆઇનો દુરુપયોગ ઘટાડવાના પગલાને સ્વીકાર્યું છે.

## ઓખા-મદુરાઈ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ટ્રીપ્સ લંબાવવામાં આવી

પશ્ચિમ રેલવેએ ઓખા-મદુરાઈ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ટ્રીપ્સ લંબાવવામાં આવી છે. મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા ઓખા-મદુરાઈ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ટ્રીપ્સ વિશેષ ભાડા પર લંબાવવામાં આવી છે.ટ્રેન નંબર ૦૯૫૨૦ ઓખા-મદુરાઈ સાપ્તાહિક સ્પેશિયલ ને ૨૪ જૂન, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૫૧૯ મદુરાઈ-ઓખા સાપ્તાહિક સ્પેશ્યલ ને ૨૮ જૂન, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.ટ્રેન નંબર ૦૯૫૨૦ ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ ૧૮ એપ્રિલ, ૨૦૨૪ થી PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને .enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## કેરળમાં ભાજપને એન્ટ્રી મુશ્કેલ : કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર પણ થરૂર સામે હારે તેવા સંકેત

થિરૂવંતપુરમ, તા. ૧૭

લોકસભા ચૂંટણીમાં ભાજપે પ્રથમ વખત દક્ષિણ ભારતમાં જબરી તાકાત લગાવી છે અને તામિલનાડુથી કેરળ સુધી પક્ષ દ્વારા ખાતુ ખોલવાની પણ તૈયારી સાથે પ્રચાર ચાલુ કર્યો હતો. પરંતુ કેરળમાં ભાજપને ફરી એક વખત પછડાટ ખાવી પડે તેવા સંકેત છે. આ રાજયમાં લોકો મોદીને પસંદ કરે છે. પરંતુ ચૂંટણીમાં મત તો ડાબેરી પક્ષો અને કોંગ્રેસને આપતા હોવાનું એક સર્વેમાં જણાયું છે. બીજા તબકકામાં તા. ૨૬ એપ્રિલે કેરળની તમામ ૨૦ બેઠક પર મતદાન થશે જેમાં સર્વે પ્રમાણે યુનાઇટેડ ડેમોક્રેટીક ફ્રન્ટ કે જેમાં કોંગ્રેસ મુખ્ય રાજકીય પક્ષે તેને ૧૫ બેઠકો ચૂંટણી લડી છે અને તે ૧૦ થી ૧૨ બેઠકો જીતી જાય તેવી શકયતા છે. જયારે ફ્રન્ટને ૧૮ થી ૧૯ બેઠકો મળશે. થિરૂવંતપુરમ બેઠકમાં શશી થરૂર સામે ભાજપે કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરને મેદાનમાં ઉતાર્યા છે પરંતુ શશી થરૂર થોડા મુકાબલા બાદ પણ જીતી જશે તેવું માનવામાં આવે છે.

## પદમીનીબા વાળાએ ફરી સંકલન સમિતિ પર નિશાન તાકયુઃ "સમાજને ગેરમાર્ગે દોરે છે"


### સમાજનાં આંદોલનને રાજકિય રૂપ ન આપવુ જોઈએ

રાજકોટ,તા.૧૭

રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપ ઉમેદવાર પરશોત્તમ રૂપાલાની રાજપૂત સમાજની ટીપ્પણી સામે મેદાનમાં ઉતરેલા પદમીનીબા વાળાની ઉપવાસથી તબીયત લથડતા તેમને પારણા કરાવવામાં આવ્યા હતા ત્યારે પદમીનીબા વાળાએ ફરી સંકલન સમિતિ સામે નિશાન તાકયુ છે. સાથે એવા પણ આક્ષેપ કર્યો છે કે સંકલન સમિતિ ક્ષત્રીય સમાજને ગેરમાર્ગે દોરે છે.પદમીનીબા વાળાઓ સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ વિડીયોમાં જણાવ્યા પ્રમાણે સંકલન સમિતિ ભલે મને સાઈડ લાઈન કરે મારી લડત ચાલુ રહેશે.અમે અમારા સમાજના થતા અન્યાય સામે લડતમાં નીકળ્યા ત્યારે સમાજ અમારી સાથે અન્યાય કરે તો શું કરવું? સંકલન સમિતિના ૩૦૦ બહેનોએ ફાર્મ ભરવાના હતા જે હજુ ભર્યા નથી આ મારી વ્યકિત લડાઈ નથી સમગ્ર રાજપૂત સમાજની છે. આંદોલનને રાજકિય રૂપ ન આપવું જોઈએ સંકલન સમિતિ સમાજને ગેરમાર્ગે દારે છે. તેવું ન થવું જોઈએ હું સંકલન સમિતિની સાથે નથી અને ભવિષ્ય પણ નહી રહુ મારો સમાજ કહેશે તે માનીશ.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૨૦-૨૫૭૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૭૦-૨૫૨૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૩૦-૧૭૭૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૮૦-૧૭૧૦ |
| પામોલીયન તેલ | ૧૫૭૦-૧૫૭૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| મકાઇ તેલ | ૧૫૬૦-૧૫૭૫ |
| વનસ્પતિ ઘી | ૧૬૮૦-૧૭૨૦ |
| કોપરેલ | ૨૨૬૦-૨૨૮૦ |
| દિવેલ | ૨૦૩૦-૨૦૫૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૭૬૧૦૦(+૫૫૦) | ૮૬૧૦૦(+૧૫૦) |






રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ આજે રામલલ્લાના જન્મ વધામણામાં તલ્લીન બન્યો છે. સર્વત્ર જય શ્રી રામનો નાદ ગુંજી રહ્યો છે. ઠેર ઠેર શોભાયાત્રાના આયોજનો થયા છે. રામ મંદિરોમાં વિશેષ પૂજન-અર્ચન, મહાપ્રસાદ, મહાઆરતી, ભંડારોના આયોજનોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે. અયોધ્યામાં રામ મંદિરની પ્રતિષ્ઠા બાદ પ્રથમ રામનવમી હોવાથી ભકતોમાં ઉજવણીનો અનેરો ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. ઉપરોકત તસ્વીરો રાજકોટના વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળાના સંયુકત ઉપક્રમે યોજાયેલી શોભાયાત્રાની છે. ધર્મસભા બાદ રથયાત્રાનો પ્રારંભ થયો હતો. વિવિધ આકર્ષક ફલોટસ રથયાત્રાનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. રથયાત્રામાં પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ હતું. રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાએ ઉપસ્થિત રહીને આરતી ઉતારી હતી. તસ્વીરોમાં અયોધ્યા મંદિરમાં બિરાજમાન શ્રી રામચંદ્રજીની પ્રતિકૃતિ સમાન ૯ ફુટની શ્રી રામની પ્રતિમા જોવા મળી છે. અન્ય તસ્વીરો ફલોટસની છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

**રામ નામ એક ઐસી પ્રીત, પ્રભુ સે દેતી જોડ । રામ નામ એક ઐસા ગીત, પ્રભુ દૌડે તેરી ઓર ।।**



# જય શ્રીરામઃ રામલલ્લાના જન્મ વધામણામાં શ્રદ્ધા-ભક્તિનો અભિષેકઃ શોભાયાત્રા નીકળી

મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રી રામના જન્મોત્સવને વધાવવા સમગ્ર રાજકોટમાં અનેરો ઉમંગ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજકોટના પ્રાચીન સહિત રામ મંદિરોમાં પૂજા, અર્ચન વિશેષ આરતી સહિતના કાર્યક્રમો યોજાયા છે.

આજે વિશ્વ હિંદુ પરિષદ તથા રાધેશ્યામ ગૌશાળાના સંયુક્ત ઉપક્રમે સવારે નાણાંવટી ચોક ખાતે ધર્મસભા બાદ રથયાત્રાનો પ્રારંભ થયો હતો જે રાજકોટના વિવિધ મુખ્ય માર્ગો પરથી પસાર થઇને ન્યાલ ભગત અન્નક્ષેત્ર કાતે (રામ મંદિરે) સંપન્ન થઇ હતી. ત્યાં મહાઆરતી યોજાઇ હતી. રથયાત્રામાં અયોધ્યા મંદિરના શ્રીરામની પ્રતિકૃતિ સમાન નવફૂટની શ્રી રામજીની મૂર્તિ મુખ્ય રથમાં બિરાજમાન હતી. રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ શ્રી રામના દર્શન કરીને આરતી ઉતારવાનો લાભ લીધો હતો. રથયાત્રામાં ૧૧૦૦ કિલો મીઠાઇ તથા ૧૧૦૦ કિલો ફરાળની વ્યવસ્થા કરાઇ હતી.

આ ઉપરાંત કોઠારીયા ખાતેથી કિસાનપરા ચોકથી, સૂર્યમુખી હનુમાનજી મંદિરથી પણ શોભાયાત્રા યોજવામાં આવી હતી.

રાજકોટના કાલાવડ રોડ પર આવેલ સંકિર્તન મંદિર ખાતેથી સવારે પ્રભાત ફેરી તથા બપોરના ૧૨ વાગ્યે વિશેષ આરતી સાથે રામ જન્મોત્સવની ઉજવણી કરાઇ હતી.

રઘુવંશી સમાજ દ્વારા રામ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. કાલાવડ રોડ પર આવેલ ઇસ્કોન મંદિરમાં શ્રી રામ જન્મોત્સવની ઉજવણી અનેરા ઉમંગ સાથે ઉજવાઇ રહ્યો છે. ૨૧૦૦ કિલો ફુલનો શ્રૃંગાર કરવામાં આવેલ છે તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.આ સિવાય રાજકોટમાં ગીતા વિદ્યાલય, પોપટપરામાં આવેલ રામજી મંદિર, ગોંડલના પૂ. જયરામદાસબાપુના સાંનિધ્યમાં રામજન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ગીતા વિદ્યાલયમાં રામ નવમીના દિવસથી નિ:શુલ્ક છાશ વિતરણ તથા રામ જન્મોત્સવ ઉજવવામાં આવેલ. પેલેસ રોડ પર રામ ઝરુખો મંદિરમાં રામ નવમી નિમિત્તે વિશેષ અનુષ્ઠાનો યોજવામાં આવેલા હતા. કોઠારીયા કોલોનીના કોટેશ્વર મહાદેવ મંદિરે રામ જન્મોત્સવની ઉજવણી કરાઇ હતી.



## સાંસદ રામભાઈના સૌને રામ...રામ...

## શહેરીજનોને ભગવાન શ્રી રામનવમીની શુભેચ્છા પાઠવતા સાંસદ રામભાઈ મોકરિયા

રાજકોટ, તા.૧૭



ભગવાન શ્રી રામચંદ્રજી મર્યાદા પુરષોતમ છે. આજે ચૈત્ર સુદ નોમને દિવસે ભગવાન રામચંદ્રજીનો જન્મ થયો હતો. તેથી રામનવમીનું માહત્મ્ય અનેરું, અનોખું અને અદ્વિતીય છે. રામનો મહિમા અનેરો છે. રામનામથી જ સર્વનો ઉધ્ધાર છે. તેવું રામાયણમાં પણ ઉલ્લેખ છે. વાલીયો લુંટારો રામ-રામ બોલીને વાલ્મીકી ઋષિ બની ગયા, રાવણે ત્રિલોકમાં ત્રાસ ફેલાવ્યો. તેથી ભગવાન વિષ્ણુએ રામાવતાર લઈને રાવણનો સંહાર કર્યો.

આ દિવસે લોકો ઉપવાસ કરે છે. પ્રભુ પ્રાપ્તિ માટે આ એક સાધન છે. આ સાધનામાં જો તન્મયતા અને એકાગ્રતા હોય તો આત્મબળ અવશ્ય મળે છે અને તમારી સાધના સફળ થાય છે. આ દિવસે જે ચોવીસ કલાક પરમાત્મા સમીપ રહે તેનો જ ઉપવાસ સાચો, તેનું જ રામનવમીનું વ્રત સાચું, તુલસીદાસજી શ્રી રામને લોકવિશ્રામા કહે છે. આજે સમગ્ર લોકોને રામનવમીના શુભ દિવસે ભગવાન શ્રી રામ બધાને સારી તંદુરસ્તી, સુખમય જિંદગી આપે અને આનંદમય જીવન પસાર થાય તેવી બધા લોકોને રામનવમીની શુભેચ્છા સાંસદ રામભાઇ મોકરિયાએ પાઠવી છે.

## ધારેશ્વર મહાદેવ મંદિરે શ્રી રામની ભકિતઃ ભાવિકોની ભીડ





આજે રામનવમીના પાવન દિવસે રાજકોટમાં આવેલા ભગવાન શ્રીરામના મંદિરોમાં રામલલ્લાનો જન્મોત્સવ અનેરા ઉમંગ સાથે ઉજવાઈ રહ્યો છે. રામ મંદિરોમાં આજ સવારથી જ ભકતોની ભીડ જોવા મળી રહી છે. ઉપરોકત તસ્વીર ગોંડલ રોડ પર આવેલ રામ મંદિરમાં ધારેશ્વર મહાદેવ મંદિરની છે. પ્રથમમાં ભગવાન શ્રીરામ, સીતા તથા લક્ષ્મણજીની આરતી ઉતારતા પુજારીજી જોવા મળે છે બીજી તસ્વીરમાં ભાવિકોની ભીડ જોવા મળી રહી છે. ભકિતકારો ભગવાન શ્રી રામની સ્તુતિ કરતા જોવા મળે છે. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

## ભગવાન રામ સત્યથી વિશ્વને જીતે છે, દાનથી બ્રાહ્મણોને, શિક્ષકોને સેવાથી પ્રસન્ન કરે છે, શત્રુઓને એક ધનુષ્યથી જીતે છે

### ભગવાન રામ લોકો અને મનના અધિપતિ છે, ભારતના ભાગ્યના સર્જક છે : અખંડ અને સાર્વભૌમ ભારત બનાવવું હશે તો આ દેશને રામ સંબંધિત રાષ્ટ્રવાદ અપનાવવો પડશે

ભગવાન રામ કોઈપણ સંજોગોમાં અસત્ય બોલતા નથી. આપણે સત્યની શક્તિથી અસત્યને જીતવાનો પ્રયત્ન કરીએ છીએ. તેઓ વિજયી છે. તેઓ ક્યારેય સ્થળાંતર કરતા નથી. એક પગલું દૂર કરનાર, બધી સંપત્તિ આપનાર,જગતના આનંદ એવા ભગવાન શ્રી રામને હું વારંવાર પ્રણામ કરું છું.

જ્યાં આજનો વૈશ્વિક પરિપ્રેક્ષ્ય ભૌતિકવાદની ભયાનકતા સામે ઝઝૂમી રહ્યો છે, જ્યાં આજે એક ભાઈ બીજા ભાઈના લોહીનો તરસ્યો બની રહ્યો છે, જ્યાં નાની-નાની બાબતોને લઈને લડાઈઓ થઈ રહી છે, જ્યાં એક દેશ બીજા દેશ પર હુમલો કરી રહ્યો છે બિલાડી જે રીતે ઉંદરને ગળી જવા માટે આક્રમક હોય છે. આવી સ્થિતિમાં મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામજી પહેલા કરતા વધુ પ્રાસંગિક બની ગયા છે.

મહાન કવિ ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું, તમસ બહુ રજોગુણ ચોરા, કાલી પ્રભુ વિરોધ ચાહુનોરા. એટલે કે આજે ચારે બાજુ વિરોધ છે અને આ વિરોધને ખતમ કરવા માટે જો કોઈ બિનહરીફ હોય તો તે ભગવાન શ્રી રામનું વ્યક્તિત્વ છે. તેને કોઈની સાથે કોઈ વિરોધ નથી - ઉમા જે રામ ચરણ રાત, બિગત કામ, મદ, ક્રોધ. હું વિશ્વને મારા પોતાના ભગવાન તરીકે જોઉં છું, હું કંઈક સામે વિરોધ કરું છું. માતા કૌશલ્યા પોતે કહે છે - રાઘવ સુથાન કરો પ્રદોહુ, ધર્મ જાય અરૂ બંધુ વિરોધુ.



**પર્વ મહિમા**
**શ્રી રામભદ્રાચાર્યજી મ.**
**અયોધ્યા**

આજના ભયંકર વાતાવરણમાં ભગવાન રામની વધુ જરૂર પણ છે તેમજ ઉપયોગીતા પણ છે. ભયના આ વાતાવરણમાં જો કોઈ સલામતી આપી શકે તો તે ભગવાન શ્રી રામ છે. મૂળ કવિ વાલ્મીકિ દ્વારા રામાયણના યુદ્ધકાંડના ૧૮મા શ્લોકના ૩૩મા શ્લોકમાં, ભગવાન રામે શરણાગતિ, સક્રીદેવપ્રપન્નાય તવ અસ્મિતિ ચાયચતેને સલામતી આપવાનું વચન આપ્યું છે. હું તમામ જીવોને સલામતી આપું છું આ મારું વ્રત છે. ભગવાન રામ તેમના ભક્તોને ત્રણેય લોકમાં સૌથી વધુ સલામતી આપે છે. તેથી, જો કોઈ વ્યક્તિ ભયમુક્ત શાંત આકાશમાં રહેવા માંગે છે, તો તેણે દયાળુ શ્રી રામનું શરણ લેવું જોઈએ, કારણ કે તે નિર્ભયતાનો આશ્રય છે.

એક તરફ જ્યારે દેશની સરહદોની ચર્ચા થાય છે ત્યારે કેટલાક લોકો આપણી સરહદોને મર્યાદિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેથી કેટલાક દેશો સંકુચિતતામાં ફસાઈ ગયા છે. આવા સંજોગોમાં ભગવાન રામના વ્યક્તિત્વ પર નજર કરીએ તો તેમણે સમગ્ર વિશ્વને પોતાના રાજ્યની સીમા એટલે કે સાત સમુદ્રના પટ્ટાની ભૂમિ ગણી છે. એક રાજા રઘુપતિ કોશલ ભગવાન રામ અનુભવ અને પરંપરાને ખૂબ મહત્વ આપે છે: આ ચાર તેના જીવન, જ્ઞાન, કીર્તિ અને શક્તિમાં વધારો કરે છે. તેથી તમામ મનુષ્યો તેમના તરફથી દીર્ઘ આયુષ્ય, જ્ઞાન, કીર્તિ અને શક્તિ પ્રાપ્ત કરે છે. સત્તેના લોકા ન જયતિ, એટલે કે તેમની આગળ જીતવા માટે કંઈ બાકી નથી, કારણ કે સત્યેન લોકંજયતિ, દ્વિજં દાનેન રાઘવઃ. ગુરુશુશ્રય વીરો ધનુષાયુધિશાસ્ત્રવન, એટલે કે ભગવાન રામ સત્યથી વિશ્વને જીતે છે, દાનથી બ્રાહ્મણોને જીતે છે, શિક્ષકોને સેવાથી પ્રસન્ન કરે છે અને બધા શત્રુઓને એક ધનુષ્યથી જીતે છે.

ગોસ્વામી તુલસીદાસજીના રામ સ્વાભિમાની, કર્તવ્યનિષ્ઠ, સત્યવાદી, ચારિત્ર્યવાન, ઉદાર અને બહાદુર વ્યક્તિત્વ છે. તે કહે છે. કહઉ શુભાઉન કુલહી પ્રસાંસી. કાલહુ ડરહિં ન રન રઘુબંસીમ ભગવાન રામ કોઈપણ સંજોગોમાં અસત્ય બોલતા નથી. રામ સત્યથી અસત્યને જીતવાનો સતત પ્રયાસ કરે છે. રામ વિજયી છે, પરાજિત નથી, તે ક્યારેય ક્યાંય ભાગતો નથી, તેથી જ તેના માટે વિજય મંત્રમાં કહેવામાં આવ્યું છે - શ્રી રામ જય રામ જય જય રામ. હે શ્રી રામ! તમે અમારું કામ જીતી લો. જય રામ, તમે અમારા ક્રોધ પર વિજય મેળવો. જય રામ, તમે અમારા લોભને જીતી લો. તમારી કૃપાથી હું સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી શકું છું.

સમગ્ર ભારત સામે રાષ્ટ્રવાદનો નવો આરોપ રજૂ કરવામાં આવ્યો છે. એ ભગવાન રામની ભેટ છે. જો આપણે યુદ્ધના સમગ્ર ક્ષેત્રના માપદંડો પર નજર કરીએ તો હું કહીશ કે માણસના તત્ત્વનો એક માત્ર નિષ્ણાત આ જગતમાં પ્રગટ થયો હોય તો તેનું નામ ભગવાન રામ છે. રામ શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો સ્પષ્ટ થાય છે, રાતી મંગલમ ઇતિ રામઃ, જે સર્વત્ર શુભતા આપે છે તેને રામ કહેવાય છે.

મને આપણા રાષ્ટ્રગીતમાં માત્ર રામગાન દેખાય છે. જો રાષ્ટ્રગીતને સામાન્ય રીતે અર્થઘટન કરવામાં આવે તો લાગે છે કે અહીં એકહથ્થુ શાસન કેવી રીતે આવ્યું? કારણ કે હવે એકહથ્થુ શાસન જતું રહ્યું છે. તો પછી જન-ગણ-મન અધિનાયક જય કેવી રીતે બોલાઈ? કેટલાક લોકોએ કહ્યું કે મહાન કવિ રવીન્દ્રનાથ ટાગોરે આ ગીત અંગ્રેજ શાસક જ્યોર્જ પંચમના વખાણમાં લખ્યું હતું, બાદમાં તેને રાષ્ટ્રગીત તરીકે સ્વીકારવામાં આવ્યું. હું કહું છું, આ ગીત ભગવાન રામને સમર્પિત છે. ભગવાન રામ લોકો અને મનના અધિપતિ છે. ભગવાન રામ ભારતના ભાગ્યના સર્જક છે. પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા, દ્રવિડ, ઉત્કલ, બંગ, વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા અને મહાસાગરોના ઉછળતા મોજા, તે બધા ભગવાન રામના નામથી જાગી રહ્યા છે. તે ભગવાન રામના આશીર્વાદ માંગી રહી છે. આખું ભારત ભગવાન રામ કે જયની ગાથા ગાઈ રહ્યું છે. ભગવાન રામ લોકો માટે આશીર્વાદ આપનાર અને ભારતના ભાગ્યના સર્જક છે. અહીં સાત વખત જય કહેવાનો અર્થ એ છે કે રામજી સાતેય ઘટનાઓમાં વિજયી છે અને સાત સમંદર પર વિજયી છે.

**આપણા રામજી અવતાર પણ છે**

તે સાકેત લોકમાં અવતાર અને અવધમાં અવતાર છે. આ પણ પૂર્ણ છે અને તે પણ પૂર્ણ છે. સાકેતના સાકેત વિહારી રામજી પણ પૂર્ણ છે અને અવધના અવધ વિહારી રામજી પણ પૂર્ણ છે. અવતારી કરતાં અવતાર વધુ સુંદર લાગે છે. શ્રી અવધ વિહારી રામજી સાકેત વિહારી રામજી કરતાં વધુ સુંદર લાગે છે. આવું શા માટે થાય છે તે સમજવાની જરૂર છે. સાકેત વિહારી રામચંદ્રજી પિતા છે અને અવધ વિહારી રામચંદ્રજી પુત્ર છે. સાકેતનો રામજી બધાને પોતાના ખોળામાં લે છે અને અવધના રામજી બધાના ખોળામાં જાય છે. શ્રી રામચરિતમાનસ, બહુ ઉછાંગ, બહુ બાર પલાનામાં એક યુગલ છે. માતા પ્રિય, પ્રિય બાળક. સાકેતના રામજી પારણામાં ઝૂલતા નથી. અવધના લોકો ઝૂલે છે. અહીં ધ્યાનમાં રાખો, દરેકને સાકેત લોકમાં જવાની મંજૂરી નથી, સાકેતના રામજીને શોધવા મુશ્કેલ છે, પરંતુ આપણા અવધના રામજી દરેક માટે સુલભ છે, તે દરેક પર તેમના આશીર્વાદ વરસાવે છે.આજે રામ નવમીના શુભ અવસર પર હું કહેવા માંગુ છું કે જો આ દેશને વિકસિત ભારત બનાવવો છે, જો આપણે અખંડ અને સાર્વભૌમ ભારત બનાવવું હશે તો આ દેશને રામ સંબંધિત રાષ્ટ્રવાદ અપનાવવો પડશે.

## રામલલ્લાના જન્મની અનોખી ઉજવણી

## ૧૦૮ ફુટનું માનવ રામ ધનુષ બનાવી રેકોર્ડ સર્જતા નચિકેતાના વિદ્યાર્થીઓ

રાજકોટ:તા ૧૭

આજ રોજ રામનવમી ની ભારત ભર મા ઉજવણી કરવામાં આવી રહી છે. સવાર થી મંદિર મા ભક્તોની ભીડ જામી છે. તેમજ વિવિધ શહેરમાં વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે. આથી નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમમાં રામ નવમી નિમિતે અનોખો રેકોર્ડ સર્જાયો છે. નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમના વિધાર્થીઓએ ૧૦૮ ફુટનું માનવ રામધનુષ બનાવી આ રેકોર્ડ બનાવ્યો. સૌથી મોટા માનવ રામધનુષના આ રેકોર્ડ ઇન્ડીયન ટ્રેડીશનલ રેકોર્ડ ઓફ બુકમાં સ્થાન મળ્યુ છે.




૧૦૮નું વિશેષ મહત્વ છે. માળામાં પણ ૧૦૮ પારા હોય છે. જેને ધ્યાનમાં રાખીને નચિકેતાના વિધાર્થીઓએ ૧૦૮ ફુટનું માનવ રામધનુષ બનાવવાનો નિર્ણય કર્યો. અને તેને પુર્ણ કર્યુ. સમગ્ર દેશમાં ભગવાન શ્રીરામના જન્મોત્સવ ચાલી રહ્યો છે તેમાં નચિકેતાના વિધાર્થીઓએ પોતાનુ યોગદાન આપ્યુ.

ભણતરની સાથે સંસ્કારોનું સિંચન કરતી સાંઇરામ દવેની નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમમાં રામલલ્લાના જન્મ પર્વ પર ભગવાન શ્રીરામને વિધાર્થીઓએ માનવ રામધનુષની ભેટ આપી છે. નચિકેતાના પટાંગણમાં ૧૦૮ ફુટ લાંબુ રામધનુષ વિધાર્થીઓએ બનાવ્યુ. આ તકે સંસ્થાના ફાઉન્ડર પ્રેસીડિનૂટ સાંઇરામ દવે પણ હાજર રહી વિધાર્થીઓનો ઉત્સાહ વધાર્યો. આ રામધનુષને લીમ્કાબુક ઓફ રેકોર્ડમાં પણ સ્થાન મળે તે માટે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા છે.

## રામનું નામ તો ભવસાગર તારનાર છે : પૂ. પારસમુનિ મ.

રાજકોટ, તા. ૧૭



ગોંડલ સંપ્રદાયનાં મહામંત્ર પ્રભાવક પૂ. ગુરૂદેવશ્રી જગદીશમુનિ મહારાજ સાહેબનાં સુશિષ્ય સદગુરૂદેવ પૂ. શ્રી પારસમુનિ મહારાજ સાહેબે તારીખ ૧૭/૪/૨૪નાં રામનવમી નિમિત્તે જણાવેલ કે તમે કોઈપણ પંથના પથિક હો પરિવારનો ત્યાગ કરીને પરમ પ્રાપ્તિ માટે તમે જે પંથે પગલા માંડ્યા છે એ અપેક્ષાએ તમે પણ સંત જ છો. તમે રામ-રામ રટણ કરો છો દુનિયા પણ રામ રામ રટણ કરે છે, પણ તેમનામાં 'રામ' ના અલક્ષ્ય તત્વનું જ્ઞાન નથી. 'રમન્તે યોગિનો ડસ્મિનિન્તી રામ :' જેમાં યોગીઓ રમણ કરે છે તે રામ. રામનો અર્થ છે શુધ્ધ આત્મા. શુધ્ધ આત્માને પ્રગટ કરવાનો જે પ્રયત્ન, તે જ વાસ્તવમાં 'રામ' નું રટણ કરે છે. જગત પુદગગલમય રટણને જ સર્વસ્વ સમજી લે છે, ને તે પુદગલાતીત 'અલખ'થી વંચિત રહી જાય છે.

યાદ રહે કે જેને કોઈ મત છે, તે મુનિ નથી તે તો મતાગ્રહી છે એને તત્વમાં નહીં મહત્વમાં રસ છે. તત્વથી વિમુખ સ્વાભિપ્રાયનો રાગ એ જ તો દ્રષ્ટિરાગ છે, એ જ તો મિથ્યાત્વનો પર્યાય છે. મારો પંથ(મત) જ મુખ્ય છે, બીજા બધા તો ધતિંગો છે. મારા(સંપ્રદાય)ની માન્યતા જ સાચી, મારા સંપ્રદાયનું શાસ્ત્ર જ સારભૂત છે. બીજાના શાસ્ત્રો તો બોગસ છે, અમે જ 'તત્વ' ને પામેલા છીએ, બાકી બધા તો ભ્રાંતિમાં પડ્યા છે, તેમનામાં તત્વનો અંશ પણ નથી. આ રીતે બીજા પંથ માટે મત્સર ભાવ રાખનારા 'તત્વ' ના સાર થી કયાંય દુર ફેંકાઈ જાય છે. મતાગ્રહ જ તો તત્વ પ્રાપ્તિમાં વિઘ્ન છે. જો તડકો ને છાંયો એક સ્થાને એક સાથે રહી શકે, તો જ મત અને તત્વ એક આત્મામાં એક સાથે રહી શકે. અભિપ્રાયની ગુલામી અધ્યાત્મથી આત્માને વંચિત રાખે છે. ગ્રંથ પકડવાથી જે નથી મળતું તે મનમાં બાંધેલી ગ્રંથીઓ છોડવાથી મળે છે. ભગવાન રામનું નામ તો આત્માને ભવસાગર તારનાર છે. માન્યતાઓના જાળાઓને તોડીને તટસ્થ પણે પરમાત્માનું નામ સ્મરણ કરવું જોઈએ. શ્રી રામ બળદેવ હતા. વીર લક્ષ્મણ વાસુદેવ હતા. મર્યાદા પુરૂષોતમ શ્રીરામ ભારતવર્ષનું મહાન પાત્ર છે. જેમણે પોતાની મર્યાદા સદાચાર, સદવિચાર, સદભાવને જીવન પર્યંત પોતાના જીવનમાં ટકાવ્યા છે. ભગવાન રામ મોક્ષે ગયા છે. ચરમ શરીરી ભગવાન શ્રીરામ ત્યાગની મૂર્તિ હતા.

જયારે સમાજમાં સત્ય ઉપર અસત્ય, પ્રમાણિકતા ઉપર અપ્રમાણિકતા, સદાચાર ઉપર દુરાચાર અને ઋષિ સંસ્કૃતિ ઉપર દૈત્ય શકિતઓ હાવી થવા લાગી ત્યારે શ્રી રામે તેમનો નાશ કરવા માટે જન્મ લીધો. રામ નવમી વસંતઋતુમાં આવતો હિંદુ તહેવાર છે, જે ભગવાન રામનો જન્મદિન છે. વિષ્ણુના સાતમા અવતાર તરીકે તે હિંદુ ધર્મનો મહત્વનો તહેવાર ગણાય છે. વિષ્ણુનાં અવતારોમાં ભગવાન કૃષ્ણની પૂર્ણ પુરૂષોત્તમ અને રામની મર્યાદા પુરૂષોત્તમ તરીકે ગણતરી થાય છે.

## રામનવમી તથા ઘનશ્યામ જન્મોત્સવ નિમિતે શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર

રાજકોટ,તા.૧૭



શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રી રામનવમી -મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીનું પ્રાગટ્ય અયોધ્યામાં ચૈત્ર સુદ-૯ બપોરે ૧૨ વાગ્યે થયું હતું. ભગવાન શ્રી રામચંદ્રજીનું સમગ્ર જીવન માણસને મર્યાદા અને ભાઈભાઈ પ્રત્યે કુટુંબ પ્રત્યે અને સમાજમાં માણસનો વ્યવહાર કેવો હોવો જોઈએ તેની સુંદર શીખ આપે છે. ત્યારે શ્રી રામનવમીએવં ઘનશ્યામ જન્મોત્સવનિમિત્તેતા.૧૭-૦૪-૨૦૨૪ને બુધવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય વાઘા ધરાવી સવારે ૦૫:૪૫કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. દાદાના સિંહાસનને હજારીગલનાફુલોનોદિવ્ય શણગાર કરવામાં આવ્યો છે.શ્રી રામ જન્મોત્સવ નિમિતે બપોરે ૧૨:૦૦ કલાકે આરતીપ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી.એવંશ્રી ઘનશ્યામ જન્મોત્સવ નિમિતે રાત્રે ૧૦:૧૦ કલાકે પૂજન-અર્ચન-કિર્તન-આરતીતેમજ હરિભક્તો દ્વારા રાસ-ગરબાની રમઝટ સાથે આંનદ ઉત્સવ મનાવવા આયોજનકરવામાં આવેલ.જેના દર્શન-આરતીનો લાભ હજારો હરિભક્તો લઇ ધન્યતા અનુભવી હતી.

# મહાતપસ્વી પરમ સૌમ્યાજી મ.ની અખંડ ૯૯૯ આયંબીલની આરાધના : સ્થા. જૈન સમાજમાં ઈતિહાસ રચાયો

રાજકોટ, તા.૧૭



નગર-નગરમાં, ગામ-ગામમાં, ઘર-ઘરમાં, જેમની મહાન તપશ્ચર્યાના ભક્તિગાન,ગુણગાન અને અનુમોદનાના ગાન ગવાઈ રહ્યાં છે એવા અખંડ ૧૦૦૮ આયંબિલ તપની ઉગ્ર આરાધના કરનારા સાધ્વીરત્ના, રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સુશિષ્યા મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીના આજના અખંડ ૯૯૯મી આયંબિલ તપની અનુમોદનાનો લાભ પામી પારસધામ ઘાટકોપરના ભાવિકો પામી ધન્ય-ધન્ય બન્યા.

ઉલ્લેખનીય છે કે, આજથી ૬૧ વર્ષ પહેલાં ગોંડલ સંપ્રદાયના મહાન સિદ્ધપુરૂષ તપસમ્રાટ પૂજ્ય ગુરૂદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબે કરેલી અખંડ ૯૯૯ આયંબિલ તપની આરાધના બાદ એક સાધ્વીરૂપે અખંડ ૧૦૦૮ આયંબિલ તપની ઉગ્ર આરાધના કરીને સમગ્ર સ્થાનકવાસી જૈન સમાજમાં એક નવો વિક્રમ સર્જી રહેલાં મહાતપસ્વી મહાસતીજી પ્રત્યે અહોભાવિત થઈને એમની અનુમોદના કરવા આ અવસરે વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વિરમતીબાઈ મહાસતીજી આદિ ઠાણા, પૂજ્ય શ્રી ઊર્મિબાઈ મહાસતીજી - ઉર્મિલાબાઈ મહાસતીજી આદિ ઠાણા, ડો. પૂજ્ય શ્રી ડોલરબાઈ મહાસતીજી આદિ અનેક સાધ્વીવૃંદની સાથે મુંબઈના અનેક સંઘોના મહિલા મંડળો,બહોળી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિ સાથે લાઈવના માધ્યમે દેશ-વિદેશના અનેક ક્ષેત્રોના હજારો ભાવિકો સાક્ષી બન્યાં હતાં એ ધન્યાતિધન્ય ક્ષણના જયારે પરમ ગુરૂદેવના શ્રીમુખેથી મહાતપસ્વી મહાસતીજીને ૯૯૯ મી આયંબિલના પ્રત્યાખ્યાન અર્પણ કરવામાં આવ્યાં હતાં.

મહાતપસ્વી મહાસતીજીની અખંડ ૯૯૯મી આયંબિલ તપની અનુમોદના કરતાં દેશ-વિદેશના હજારો ભાવિકોએ મળીને એક સાથે ૯૯૯૯ આયંબિલ તપ અર્પણ કરી ભક્તિભાવ દર્શાવ્યા હતાં.મહાતપસ્વી પરમ સૌમ્યાજી મહાસતીજીએ આ દિવસે અભિગ્રહ ધારણ કર્યો હતો કે જે પરિવારના નિવાસસ્થાને તેમના તપપ્રેરક તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબની સ્મૃતિ હશે, તેમને ૯૯૯માં દિવસે આયંબિલનીગૌચરી વહોરાવવાનો લાભ પ્રાપ્ત થશે.અહો દાનમ, અહો દાનમના નાદથી ગુંજી ઉઠ્યું ઘાટકોપરનું કૈલાશ ટાવર એપાર્ટમેંટ, પારૂલબેન પરિમલભાઈ શાહ પરિવારનું નિવાસસ્થાન, જયાં પૂર્ણ થયા મહાતપસ્વી મહાસતીજીનો ૯૯૯મી આયંબિલનો અભિગ્રહ. ઉપસ્થિત સર્વ ભાવિકો અશ્રુભીની આંખે તપસ્વીના પ્રભાવને અનુભવ કરતાં રહ્યા.

# ચૈત્રી નવરાત્રીના નવમા દિવસે માઁ સિધ્ધિદાત્રીની પૂજા-આરાધના



આજે ચૈત્રી નવરાત્રીનો છેલ્લો દિવસ છે આજે નવમા દિવસે દેવી સિધ્ધિદાત્રીની પૂજા આરાધના કરવામાં આવે છે. સિધ્ધિ અને મોક્ષ આપનારી દુર્ગાને સિધ્ધિદાત્રી કહેવામાં આવે છે.

આ દેવી ભગવાન વિષ્ણુની પ્રિયતમા લક્ષ્મીને સમાન કમલના આસન પર બિરાજમાન છે. હાથમાં કમળ, શંખ, ગદા, સુદર્શન ચક્ર ધારણ કરેલા છે. નવમા દિવસે સિધ્ધિદાત્રીની પૂજા કરવા માટે નવરસયુક્ત ભોજન અને નવપ્રકારના ફળ-ફૂલ વગેરે અર્પણ કરીને નવરાત્રીનું સમાપન કરવું જોઈએ. સિધ્ધિદાત્રી દેવી સરસ્વતીનું પણ સ્વરૂપ છે.



સ્વ.ચંદુલાલગાર્ડી ની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે ચારૂબેન ગાર્ડી તરફથી રાધેશ્યામ ગૌ શાળા માં ગરીબો ને ભોજન આપતા શ્રી વાસુપુજ્ય જીવદયા ગ્રુપ તથા પારસ પુનમ મંડળનાં વિરેન્દ્રભાઈ મેહતા, પ્રદિપભાઈ શાહ, નિરવભાઈ શાહ, કિર્તિ ભાઈ શાહ

# અમારા કલાયન્ટની પ્રગતિ એ જ અમારૂં કાર્યક્ષેત્ર

## ૪૫ વર્ષોથી પાયોનિયર, અડગ, અટલ અને વિશ્વસનીય ગિરધરભાઈ ઘાડીયાની 'દ્રષ્ટિ' એડ. એજન્સી ૪૬માં વર્ષમાં પ્રવેશ



ગિરધરભાઈ ઘાડીયા (ફાઉન્ડર-ચેરમેન) ગિરીશભાઈ ત્રિવેદી (એમ. ડી.)

વર્તમાન સમયમાં વ્યવસાયમાં સ્પર્ધા, મંદી, પરિવર્તન, સંઘર્ષ અને માર્કેટના બદલાતા પ્રવાહો જેવા અનેક પડકારો મોં ફાડીને ઉભા છે ત્યારે માર્કેટમાં અસ્તિત્વ ટકાવી રાખવું તે વિકટ પ્રશ્ન છે.

આવી પરિસ્થિતિમાં કોઈ પણ લોકલ કે નેશનલ બ્રાન્ડને ડેવલપ કરવા અને માર્કેટ, બ્રાન્ડ અને ઉપભોક્તાની સતત બદલાતી માંગ સાથે એકરૂપતા જાળવવા દરેક વ્યવસાયીઓએ તમામ તબકકે એક કદમ આગળ રહેવું પડે છે, અને આ માટે 'દ્રષ્ટિ' એડ. એજન્સી હંમેશા વ્યવસાયના તમામ તબકકે એક કદમ આગળ રહી છે અને પોતાના કલાયન્ટસને પણ એક કદમ આગળ રાખવા ૧૯૭૯થી કાર્યરત છે. અનેકવિદ સોપાનો અને સિધ્ધિઓ સર કરી 'દ્રષ્ટિ'એ આજે સૌરાષ્ટ્ર સ્થિત ૩૦૦થી વધુ લોકલ, નેશનલ લેવલની બ્રાન્ડને ડેવલપ કરવાથી લઈને ભારતભરના તેમજ વિદેશના ન્યુઝ પેપર્સ-મેગેઝિન, રેડિઓ, ટીવીમાં એડવર્ટાઈઝમેન્ટ રીલિઝ તેમજ કોઈ પણ પ્રકારની ગ્રાફિક ડિઝાઈન-પ્રિન્ટિંગ ઉપરાંત સોશિયલ મીડિઆની સર્વિસના પરિવર્તનોથી વાકેફ રહીને પોતાની લીડરશિપ જાળવી રાખી છે અને ઉત્તરોતર સતત નવીનતા આપવા માટે પ્રતિબધ્ધ છે. 'દ્રષ્ટિ'ના આ તમામ સબળ પાસાઓને કારણે જ આજના સ્પર્ધાત્મક યુગમાં પણ પોતાનું મોખરાનું સ્થાન છેલ્લા ૪૫ વર્ષોથી અડગ, અટલ અને વિશ્વસનીયતા સહ જાળવી રાખ્યું છે. અને ૪૬માં વર્ષમાં યશસ્વી પ્રવેશ કરે છે.

આ અવસરે 'દ્રષ્ટિ'ની સફળતાની યાત્રામાં સહભાગી અમારા વર્તમાન તથા ભુતપૂર્વ કર્મચારીગણ, કલાયન્ટસ તેમજ પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિઆ તથા સ્નેહીઓ અને મિત્રોના ઉષ્માભર્યા સહકાર બદલ આ તકે અમો ગિરધરભાઈ ઘાડીયા હાલ (ગજઅ) તથા ગિરીશભાઈ ત્રિવેદી સૌના અંત:કરણપૂર્વક આભારી છીએ.

WE SELL IDEAS
Drishti COMMUNICATIONS PVT.LTD.

# હાલારી શ્રીમાળી સોની નવચેતના ગ્રુપની કારોબારી સમિતિના સભ્યપદની ચૂંટણી

રાજકોટ હાલારી શ્રીમાળી સોની નવચેતના ગ્રુપના ચૂંટણી નિયામક નટુભાઈ એ. વઢવાણા દ્વારા કારોબારી સમિતિની ચૂંટણીનું તા.૧૯ મે ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ શ્યામકુંવરબાઈ વાડી, દરબારગઢ ચોક પાસે, રાજકોટ ખાતે

આયોજન કરવામાં આવ્યું છે. આ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે રાજકોટ હાલારી શ્રીમાળી સોની નવચેતના ગ્રુપના આજીવન સભ્યઓ ભાગ લઈ શકશે. ઉમેદવારી નોંધાવવા અંગેનું ફોર્મ મેળવવા માટેની તા. ૨૨ અને ૨૩ એપ્રિલના રોજ સાંજે ૬ થી ૮ સુધી, કૈલાશભાઈ ડી. રાજપરા (પ્રમુખ), જય અંબે જવેલર્સ ૧૧૩, કુબેર કોમ્પ્લેક્સ, બોઘાણી શેરી, સોનીબજાર, રાજકોટ ખાતે નોંધાવવાનું રહેશે.

# હેપ્પી બર્થ ડે દિયા



કમલેશભાઈ ચંદનાણીની પુત્રી દિયાનો આજે જન્મદિવસ છે. ચંદનાણીની પરિવારની લાડકવાયી દિયાએ ૮ વર્ષ પૂર્ણ કરી ૯ માં વર્ષમાં મંગલ કર્યો છે. તેના જન્મદિવસ નિમિત્તે પરિવાર તથા સ્નેહીજનો તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા શહેરના સેન્ટ્રલ એસ. ટી. બસ સ્ટેન્ડમાં દર રવિવારે છાશ કેન્દ્રનો પ્રારંભ



રાજકોટ,તા.૧૭

વિવેકાનંદ યુથ કલબ દ્વારા સતત સાત વર્ષથીજૈન શ્રેષ્ઠી વિરેન્દ્રભાઈ દોશી પરિવારના આર્થિક સહયોગથી ઉનાળાની કાળઝાળ ગરમી અને આકરા તાપમાં બસમાં મુસાફરી કરતા યાત્રાળુઓને ગરમીમાં રાહત થાય તે માટે મસલાયુક્ત ઠંડી છાશનું વિતરણ દર રવિવારે ઢેબર રોડ સેન્ટ્રલ એસ. ટી. બસ સ્ટેન્ડમાં બપોરના ૨ થી ૪ વાગ્યા સુધી કરવામાં આવે છે અને અંદાજે ૨૫૦૦ થી વધુ લોકો છાશ પીને બળબળતા તાપમાં હાશકારો અનુભવે છે. આ વર્ષે પણ ઉનાળો બેસતા જ છાશ કેન્દ્રનો પ્રારંભ બ્રહ્મ સમાજના મહિલા અગ્રણી સુરભીબેન જનાર્દનભાઈ આચાર્ય, રઘુવંશી ધી બેસ્ટ ગ્રુપના હિતેષભાઈ બગડાઈ, દોલતભાઈ ગદેશા વગેરેની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. છાશ વિતરણ પ્રોજેક્ટની જવાબદારી હસુભાઈ શાહ, પંકજભાઈ રૂપારેલીયા, પરિમલભાઈ જોષી, જીતુભાઈ ગાંધી, જયેન્દ્રભાઈ મહેતા, અમરીશભાઈ ગદેશા સંભાળી રહ્યા છે.

## વિમલનાથ જિનાલયના આંગણે આજે રાત્રે મુમુક્ષુ જીમિતકુમાર માટલીયાનું અભિવાદન કરાશે

જિનશાસન પ્રભાવક આ.ભ. શ્રી જયશેખરસૂરિજી મ.પ્રેરિત શ્રી વિમલનાથ જિનાલયના આંગણે આજે તા.૧૭ના બુધવારે રાત્રે ૮-૩૦ કલાકે રાજકોટના દીક્ષાર્થી જીમીતકુમાર માટલીયાનું સન્માન કરવામાં આવનાર છે. આ પ્રસંગે જૈન સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે તેમ વિમલનાથ જિનાલયના કન્વીનર વિપુલભાઈ દોશીએ જણાવેલ છે.

અત્રે ઉલ્લેખનીય ગણાશે કે મુમુક્ષુ જીમિતકુમાર આગામી તા.૨૧મીના પ્રહલાદ પ્લોટ સંઘના ઉપક્રમે આ.શ્રી યશોવિજયસુરીજી મ.ની નિશ્રામાં પ્રવ્રજયા ગ્રહણ કરનાર છે.

## સ્ત્રીરોગ નિષ્ણાંતની સેવા

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ, કનક રોડ, એસ.ટી. બસ સ્ટેશન પાછળ શ્રી કૃષ્ણ ચીકીત્સાલય ખાતે જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. હિનાબેન પોપટ દર સોમથી શનિ સવારે ૯થી ૧૦ રાહતદરે સેવા આપશે.

# ગાર્ડી આયુર્વેદ કોલેજ દ્વારા નિદાન સારવાર કેમ્પ યોજાયો



ગાર્ડી વિદ્યાપીઠ સંચાલિત ગાર્ડી આયુર્વેદ કોલેજ આણંદપર તથા રહેવર સ્કૂલના સંયુકત ઉપક્રમે આયુર્વેદ નિદાન કેમ્પ નિઃશુલ્ક યોજાયો. દીપ પ્રાગટય ડી.વી મહેતા, રાજાણી, રાણાભાઈ ગોજીયા, વિનોદભાઈ લોખીલ, રમેશસિંહ તલાટીયા, જયેશભાઈ સોરઠીયા, ભરતભાઈ હજારે, અર્જુન ચાવડાના હસ્તે થયું આશરે ૫૦૦ દર્દીઓએ લાભ લીધો.

# જયોતિ સીએનસીના ૩૬માં સ્થાપના દિવસ નિમિત્તે કાલે મહારકતદાન કેમ્પનું આયોજન

રાજકોટ તા.૧૭

રાજકોટ સિવિલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુક આશયથી જયોતી સીએનસીના ૩૬માં સ્થાપના દિવસ નિમિત્તે જયોતી સીએનસી દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી આવતીકાલે ગુરૂવારે સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી જયોતી સીએનસી ગેટ નં.૨ના છેવાડે, જીઆઈડીસી મેટોડા, રાજકોટ ખાતે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જયોતી સીએનસી દ્વારા ઘણા વર્ષોથી સરેરાશ વર્ષમાં ૩થી ૪ રકતદાન કેમ્પનું સિવિલ હોસ્પીટલના લાભાર્થે આયોજન કરવામાં આવે છે.

આ કેમ્પમાં જયોતી સીએનસીના પરાક્રમસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, વિક્રમસિંહ જાડેજા, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, ડો. પ્રતીક અમલાણી (યુરો ગોલ્ડ મેડાલીસ્ટ), રાજકોટ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે.

## ૧ થી ૧૨ વર્ષના બાળકોને

# પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ગાલપચોળીયા-ઓરી-નૂરબીબીની રસી અપાશે

## બાળરોગ નિષ્ણાંત ડો.નિખિલભાઈ શેઠ, ડો.નીલ વાછાણી સેવા આપશે

રાજકોટઃતા ૧૭

આગામી તારીખ ૨૧.૪.૨૦૨૪ રવિવારના રોજ પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ૧ થી ૧૨ વર્ષના બાળકોને વિનામૂલ્યે ગાલપચોળીયા-ઓરી-નૂરબીબી (ખ.ખ.છ.)ની રસી મૂકવાના કેમ્પનું આયોજન ટ્રસ્ટના ભવન "કિલ્લોલ, ૧- મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વઝોન ઓફિસ સામે, ભાવનગર રોડ ખાતે કરવામાં આવેલ છે. ગાલપચોળિયા ચેપી રોગ છે તેના કારણે બાળકોમાં વિવિધ તકલીફ ઊભી થઈ શકે છે જેવી કે દર્દીઓને ખોરાક લેવામાં તકલીફ પડે, મગજ પર સોજો આવી શકે અને વધુ અસર થાય તો વંધ્યત્વ (ઈનફર્ટીલીટી) પણ આવી શકે છે.

પ્રિવેન્શન ઈસ બેટર ધેન ક્યોર આ પંક્તિને ધ્યાનમાં રાખી કોઈ તકલીફ ઊભી થાય તે પહેલા જાગૃત થઈ જઈને આપણા બાળકોને રસી મુકાવી દઈએ જેથી બાળકો રોગનો ભોગ ન બને. આ કેમ્પમાં બાળકોને રસી ઉપરાંત બાળકોને થતા વિવિધ રોગોની તપાસ કરી જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

આ કેમ્પમાં સેવા આપનાર ડોકટર્સ તરીકે ડો.નિખિલભાઈ શેઠ(બાળરોગ નિષ્ણાંત), ડો.નીલ વાછાણી (બાળરોગ નિષ્ણાંત) સેવાઓ આપશે. કેમ્પનો સમય સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ નો રહેશે.

રવિવારના રોજ યોજાનાર આ કેમ્પનો લાભ બહોળી સંખ્યામાં લોકોને લેવા ટ્રસ્ટના ચેરમેન અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવેલ છે. કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી ના માર્ગદર્શન હેઠળ મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ અઘેરા, બીપીનભાઈ વસા જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ મહાનગરના ડોકટર સેલ કમીટીના સંયોજક, સહસંયોજક અને કારોબારી ટીમની નિમણુંક



રાજકોટ મહાનગર શહેરના ભાજપ સહકારીતા સેલ કમીટીના સભ્યોના નામની જાહેરાત કરી હતી. જેમાં કારોબારી સભ્ય તરીકે ડો.એમ.કે. કોરવાડીયા-એમબીબીએસ, ડો.દેવેષ જોષી-આર્યુવેદીક, ડો. કિશોર દેવાડીયા-હોમિયોપથી, ડો.શૈલેષ વસાણી-હોમિયોપથી, ડો.મનીષ પાઠક-ફીઝીયોથેરાપી, ડો.તેજશ ત્રિવેદી-ડેન્ટીસ્ટ, ડો. હિતેષ હાપલીયા-હોમિયોપથી, ડો.ભાવેશ પરમાર-હોમિયોપથી, ડો.રિંકલ મેઘાણી-હોમિયોપથીની નિમણુંક કરવામાં આવેલ હતી.

# સદભાવના વૃદ્ધાશ્રમમા નિઃસંતાન, નિરાધાર અને કેન્સરગ્રસ્ત માવતરને નિઃશુલ્ક પ્રવેશ અપાશે

સદભાવના વૃદ્ધાશ્રમ

રાજકોટઃતા ૧૭

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે.

ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિઃસંતાન, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય આપવા મા આવશે.

# સફાઈ કામગીરી સાથે સંકળાયેલા બહેનો માટે સ્વસહાય જૂથની રચના અંગે બેઠક મળી

## જુથની રચના, ભૂમિકા તથા સ્વચ્છતા અંગે બહેનોને માહિતગાર કરાયા



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતા માટે કાર્યરત મહિલાઓની ભાગીદારી અને લીડરશીપને મજબુત બનાવવા માટે તા.૧૫.૦૪.૨૦૨૪નાં રોજ વોર્ડ નં.૧૩માં વોર્ડ ઓફીસ ખાતે માર્ગદર્શક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સફાઈ કામગીરી સાથે સંકળાયેલ બહેનો માટે સ્વ-સહાય જૂથની રચના, ભૂમિકા તથા સ્વચ્છતા માટે જૂથના યોગદાન વિગેરે વિશે માહિતીગાર કરવામાં આવ્યા હતા. આ મીટીંગમાં સ્વ-સહાય જૂથની રચનાથી મહિલા નેતૃત્વ મજબુત બને અને જૂથ થકી થતા ફાયદાઓથી માહિતીગાર કરવામાં આવ્યા સાથોસાથ મહિલાઓને સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તેમજ આ બહેનો સફાઈ કામગીરી સાથે જોડાયેલ હોય તેમના દ્વારા શહેરને સ્વચ્છ રાખવામાં મહત્વની ભૂમિકા નિભાવવામાં આવતી હોય લોકજાગૃતિ માટે તેમના કાર્યક્ષેત્રમાં લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે પ્રયત્નો કરવા પણ જણાવવામાં આવેલ હતુ. જેમાં બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન, ૩આર(રીડ્યુઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટના હોમ કોમ્પોસ્ટીંગ અંગેની માહિતી આસિસ્ટન્ટ પર્યાવરણ શ્રી ખેવનાબેન વકાણી તથા વોર્ડ ન.૧૩ નાં સેનેટરી ઈન્સ્પેકટર શ્રી નીલેશભાઈ કાચા તેમજ સેનેટરી સબ ઈન્સ્પેકટર શ્રી પ્રિયંકાબેન ચાર્ડ દ્વારા આપવામાં આવેલ હતી.

# જીબીઆ દ્વારા જનરલ બોડી મિટિંગ તથા વિદાય સન્માન સમારંભ યોજાયો





ગત તા.૧૫ સોમવારના રોજ ગાંધીનગર ખાતે જીબીઆ દ્વારા જનરલ બોડી મિટિંગ તથા વિદાય સન્માન સમારંભનું આયોજન ટીમ જી.ટી.પી.એસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ ગોરધનભાઈ ઝડફીયા, જીસેક એમ.ડી. બંદોપાધ્યાય, ઈ.ડી. જેઠવાભાઈ, ચીફ ઈજનેર વસાવાભાઈ, જી.એમ.એચ.આર ત્રિવેદીભાઈ, કોર કમિટીના સભ્યો તેમજ જીબીઆ હોદેદારો અને મેમ્બર્સ, અન્ય યુનિયનના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં બી.એમ. શાહ, એ.ડી. હુલાની અને આર.જી. પટેલને વિદાય સન્માન આપવામાં આવ્યું હતું.

## રવિવારે મહારાષ્ટ્ર મંડળની વાર્ષિક સાધારણ સભા

મહારાષ્ટ્ર મંડળ રાજકોટની વાર્ષિક સાધારણ સભા આગામી તા.૨૧ ને રવિવારે સાંજે ૫ વાગ્યે મહારાષ્ટ્ર મંડળ રાજકોટ, યોગી ટાવર, મોટી ટાંકી ખાતે આયોજન કરવામાં આવ્યુ છે.

## લોકસભા ચૂંટણીમાં મતદાર જાગૃતિ અંતર્ગત

# રાજકોટની ૩૬૪ આંગણવાડીના વર્કર, કાર્યકર સુપરવાઈઝરો સાથે બેઠક મળી

રાજકોટ,તા.૧૭

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમિયાન જે મતદાન મથકોમાં મહિલાઓનું મતદાન પુરુષોની સરખામણી ૧૦% ઓછું હતું તેવા કુલ-૩૦૩ મતદાન મથકો તેમજ જે મતદાન મથકોનું મતદાન ૫૦%થી ઓછું હતુ તેવા-૫૮ મતદાન મથકોની સંખ્યા મળી કુલ-૩૬૧ મતદાન મથકોને અલગ તારવીને આ મતદાન મથકો તેમજ પછાત વિસ્તારોમાં સ્ત્રીઓનું મતદાન વધે તે માટે રાજકોટ શહેરની કુલ-૩૬૪ આંગણવાડીના વર્કર, કાર્યકર, સુપરવાઈઝરોની એક મિટીંગ નોડલ ઓફિસર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરે તથા ઈઈઉજ શાખાના પ્રોજેક્ટ ઓફીસરશ્રી ડો. લલીત વાંઝાનાં અદયક્ષ સ્થાને તા.૧૫/૦૪/૨૦૨૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે યોજાયેલ હતી.

કાર્યક્રમની પ્રાસંગિક વિધિ મેનેજર એન.એમ.આરદેશણા દ્વારા કરવામાં આવેલ તેમાં હાજર રહેલ તમામનું સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મહિલાઓ બહોળા પ્રમાણમાં મતદાન કરે અને મતદાનની ટકાવારી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ કરતાં વધુ થાય તે માટે આંગણવાડી કાર્યકરો તેમજ સુપરવાઈઝરોને સૌ પ્રથમ વિવિધ ડીજીટલ કલીપ તેમજ આંગણવાડી ખાતે વાલીઓની હાજરીમાં વોટર અવેરનેસ વધે તે માટે વિવિધ સ્પર્ધાઓ જેવીકે રમતો-રંગોળી-મહેંદી તેમજ કવીઝ કોમ્પિટિશન-સ્લોગન રાઈટીંગ-મારફતે મહિલા વાલીઓ મતદાન કરવા



પ્રેરાય તે માટેની સમજણ નોડલ ઓફિસર અને નાયબ કમિશનર શ્રી સ્વપિનલ ખરે દ્વારા આપવામાં આવેલ હતી, ત્યારબાદ આંગણવાડી વર્કરો-સુપરવાઈઝરો દ્વારા પોતાનું તેમજ પરિવારનું મતદાન ૧૦૦% થાય તે માટે જરૂરી શપથવિધિ યોજવામાં આવેલ હતી, અંતમાં કાર્યક્રમનું સમાપન પ્રોજેકટ ઓફિસર શ્રી વાંઝા દ્વારા કરવામાં આવેલ હતું.

### રામમંદિર ખુલ્લુ મુકાયા પછીની પ્રથમ રામનવમીએ અદ્દભુત ધર્મોત્સવ

# અયોધ્યામાં ભગવાન શ્રીરામને દિવ્ય અભિષેકઃ લાખો ભાવિકો ઉમટયા

## પરોઢીયે ૩.૩૦ કલાકે જ દ્વાર ખોલી દેવાયાઃ રામલલ્લાને દિવ્ય શણગારઃ ૫૬ પ્રકારનો ભોગઃ દર્શનાર્થીઓની લાઇનોઃ આકરા ઉનાળાને કારણે જબરદસ્ત વ્યવસ્થાઃ ડ્રોન-સીસીટીવીથી જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત








અયોધ્યા તા.૧૭

ભગવાન શ્રીરામની જન્મભુમિ અયોધ્યામાં ભવ્ય રામમંદિર ખુલ્લુ મુકાયા પછીની પ્રથમ રામનવમીએ આજે અયોધ્યામાં રામભકતોનો મહાગર છલકાયો હતો.પરોઢીયે ૩-૩૦ વાગ્યે મંદિરના કપાટ ખૂલવા સાથે દિવ્ય અભિષેક સાથે દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા. બપોરે 'સુર્યતિલક' થયુ હતું.

ભગવાન શ્રીરામનાં જન્મોત્સવ નિમિતે આજે અયોધ્યાનું શ્રીરામ મંદિર દર્શનાર્થીઓ માટ સવારે ૩.૩૦ વાગ્યે ખુલ્લુ મુકવામાં આવ્યુ હતું. સામાન્ય રીતે ૬.૩૦ વાગ્યાથી ખુલતુ હોય છે આજે રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધી તે ખુલ્લુ રહેશે.અર્થાત સળંગ ૨૦ કલાક સુધી રામલલ્લાનાં દર્શન થશે.

અયોધ્યામાં ભગવાન શ્રીરામનાં જન્મ સ્થળે ૫૦૦ વર્ષ બાદ પ્રથમવાર જન્મોત્સવ ઉજવાય રહ્યો છે. સદીઓનાં સંઘર્ષ અને કાનુની વિવાદ વચ્ચે અદાલતે હિન્દૂઓને અધિકાર સોંપ્યો હતો અને ત્યારબાદ મંદિરનું નિર્માણ થયુ હતું. આજે ભવ્ય અને દિવ્ય રીતે ભગવાન શ્રીરામની જન્મની ઉજવણી થઈ રહી છે. વહેલી સવારથી જ લાખો ભાવિકો અયોધ્યામાં ઉમટી પડયા હતા અને જન્મોત્સવનો ગજબનાક ઉત્સાહ-ઉમંગ જોવા મળ્યો હતો.

વહેલી સવારે મંદિરના દ્વાર ખુલતાની સાથે જ ભાવીકોએ ભગવાન શ્રી રામને જયઘોષ બોલાયો હતો. વેદમંત્રોના પાઠ સાથે દુધનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ દરમ્યાન પણ દર્શન ચાલુ જ રાખવામાં આવ્યા હતા.સમગ્ર રામમંદિર સંકુલને ફુલોની અદભુત સજાવટ કરવામાં આવી હતી. ભકિતપથ તથા રામપથ પર મેટ પાથરવામાં આવી છે.એટલે દર્શનાર્થીઓને આકરા ઉનાળાનાં તાપથી રાહત મળી શકે. ગરમીથી રક્ષણ આપવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આજે વહેલી સવારે જ ૬ લાખથી વધુ ભાવીકો દર્શન માટે પહોંચી ગયા હતા આજે આખા દિવસ દરમ્યાન ૪૦ લાખ દર્શનાર્થીઓ આવે તેવો અંદાજ છે. અયોધ્યામાં ૨૦ મી એપ્રિલ સુધી રામનવમીની ખાસ ઉજવણી જાહેર કરવામાં આવી છે.દેશ વિદેશમાંથી ઉમટેલા લાખો ભકતોને કોઈ પરેશાની ન થાય તે માટે સુરક્ષા બંદોબસ્ત સહીતની વ્યવસ્થા કરવામાં આવી છે.

મંદિરમાં દર્શન ઉપરાંત ભાવીકો સરયુ નદીમાં પવિત્ર ડુબકી લગાવતા રહ્યા હતા ત્યાં પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સરયુ ઘાટ મંદિર સહીતનાં સ્થળોએ ડ્રોન કેમેરાથી નજર રાખવામાં આવી રહી છે. ટ્રાફીક વ્યવસ્થાના ભાગરૂપે અયોધ્યા નગરીમાં ૧૧ કલકસ્ટર બનાવવામાં આવ્યા છે. આકરી ગરમીને ધ્યાને રાખીને ૧૦૦ થી વધુ સ્થળોએ પાણીની વ્યવસ્થા કરાઈ છે. ૯ સ્થળોએ ભંડારા છે.

રામ નવમીની વિશેષ પુજા માટે ૫૬ પ્રકારના ભોગ તૈયાર કરાયા છે.જે રામલલ્લાને અર્પણ કરવામાં આવશે અને ત્યારબાદ ભકતોને આપવામાં આવશે.

### માથા પર ચરણ પાદુકા સાથે ૭૦૦ કિ.મી.ની પદયાત્રા

રામનવમી પર ૪૦ રામ ભક્તો જયપુરથી ૭૦૦ કિલોમીટર ચાલીને અયોધ્યા પહોંચ્યા છે. રામ ભક્ત હરિઓમે કહ્યું- ૨૧ માર્ચે માથા પર તેઓ ૭૫૦ ગ્રામ ચાંદીની ચરણ પાદુકા, અખંડ જ્યોતિ અને ધ્વજ લઈને નીકળ્યા હતા. અમે બધા ભગવાનનું નામ લઈને અયોધ્યા પહોંચ્યા. ચરણ પાદુકાને શહેરનું ભ્રમણ કરાવ્યું. પછી સરયુમાં સ્નાન કર્યું. આ પછી અમે તેને રામલલ્લાને સમર્પિત કરીશું.

### રામલલ્લાને ગુલાબી વસ્ત્રો તથા સોનાનો શણગાર

રામલલ્લાને આજે ગુલાબી વસ્ત્રો પહેરાવવામાં આવ્યા છે. જેના પર સૂર્યનું ચિહ્ન બનેલું છે. તેમને સોનાનો મુગટ, હાર પહેરાવવામાં આવ્યા છે, જે હીરા, નીલમ, માણેક જેવા રત્નોથી જડેલા છે. રામલલ્લાની પૂજામાં ગુલાબ, કમળ, મેરીગોલ્ડ, ચંપા, ચમેલી જેવા ફૂલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# અયોધ્યામાં નવનિર્મિત રામમંદિરમાં ગર્ભગૃહમાં સુર્યવંશી રામલલ્લાના લલાટે સૂર્યતિલક!




## વૈજ્ઞાનિક ટેકનોલોજીની મદદથી રામલલ્લાના લલાટે સૂર્યાભિષેકથી ગર્ભગૃહમાં અલૌકિક નજારોઃ બપોરે ૧૨ વાગ્યે વિધિ વિધાન, પુજા, મંગલ ગીતો, ભજનો ગાન સાથે જન્મોત્સવ ઉજવાયો


અયોધ્યા તા.૧૭

અયોધ્યાના નવનિર્મિત રામમંદિરમાં આજે રામનવમીએ અલૌકીક ઘટના બની હતી. મંદિરમાં બિરાજમાન રામલલ્લાને સૂર્યદેવે તિલક કર્યું હતું, અર્થાત રામલલ્લાના લલાટ પર વિજ્ઞાનની મદદથી સૂર્યની કિરણો પરાવર્તિત કરી અભિષેક કરાઈ હતી.

બપોરે ૧૨.૦૧ વાગ્યે સૂર્ય કિરણ અભિષેકનો જીવંત આરંભ થયો હતો જે લગભગ પાંચ મિનિટ સુધી ચાલ્યો હતો. સૂર્યનું પ્રથમ કિરણ જેવું રામલલ્લાના મસ્તક પર પહોંચ્યું તો મંદિરનું વાતાવરણ ભક્તિમાં ડૂબી ગયું હતું. આ તકે વિધિવિધાન સાથે ભગવાન રામની પૂજા કરવામાં આવી હતી અને ભગવાન રામના જન્મોત્સવ પ્રસંગે પૂજાની સાથે સાથે મંગલ ગીત અને ભજનો ગવાયા હતા.

રામલલ્લાની સૂર્યાભિષેકની તસવીરો ટીવી ચેનલો અને સોશિયલ મીડીયામાં પણ વાયરલ થઈ છે, જે જોઈને સૌ કોઈ મંત્રમુગ્ધ બન્યા છે.

સૂર્યાભિષેકનું મહત્વઃ ઉલ્લેખનીય છે કે ભગવાન રામનો જન્મ સૂર્યવંશમાં થયો હતો અને તેમના કુળદેવતા સૂર્યદેવતા છે જયારે ભગવાન રામનો જન્મ થયો ત્યારે અભિજીત મુર્હુત હતું અને સૂર્યદેવ પોતાના પુર્ણ પ્રભાવમાં હતા એટલે રામનવમીએ રામલલ્લાને સૂર્ય અભિષેકનું ખાસ મહત્વ છે.

### આસામના નલવાડીમાં ચૂંટણી પ્રવાસ દરમિયાન...

# પીએમ મોદી ટેબલેટ પર રામલલ્લાના લલાટે સૂર્યતિલક નિહાળી ભાવવિભોર બન્યા- આ અદ્દભુત, અપ્રતિમ ક્ષણ

નલવાડી (આસામ) તા.૧૭

વડાપ્રધાન મોદી આજે આસામમાં નલવાડીમાં ચૂંટણી પ્રચાર દરમિયાન પોતાના લેપટોપ પર રામલલ્લાના લલાટે સૂર્યતિલક નિહાળીને ભાવવિભોર બન્યા હતા. વડાપ્રધાને પોતાના જૂતા ઉતારીને રામલલ્લાના દર્શન કર્યા હતા.

અયોધ્યાના નવનિર્મિત રામમંદિરમાં આજે રામનવમીના દિવસે ભગવાન રામના જન્મોત્સવ પર્વે ભગવાન રામલલ્લાના લલાટે આજે બપોરે ૧૨.૦૧ વાગ્યે વિજ્ઞાનની ખાસ ટેકનોલોજીની મદદથી રામલલ્લાના લલાટે ગર્ભગૃહમાં સૂર્યતિલક કરવામાં આવ્યું હતું.

આ સૂર્યતિલક દરમિયાન વડાપ્રધાન મોદી આસામમાં ચૂંટણી પ્રવાસે હતા. ત્યારે તેઓ આસામના નલવાડીમાં જનસભાને સંબોધીત કરી રહ્યા હતા. પરંતુ જનસભાને સંબોધીત કર્યા બાદ તરત જ વડાપ્રધાન મોદીએ પોતાના ટેબલેટ પર રામલલ્લાને સૂર્યતિલકની અદભૂત પળના દર્શન કર્યા હતા. ખુદ પીએમ મોદીએ પોતાના સોશિયલ એકાઉન્ટ મીડીયા એકાઉન્ટ પર પોસ્ટ કરીને જાણકારી આપી હતી. ખાસ વાત એ છે કે જયારે વડાપ્રધાન મોદી રામલલ્લાના સૂર્યતિલકની ક્ષણોના દર્શન કરી રહ્યા હતા ત્યારે તેમના પગમાં જૂતા નહોતા.

**આ સૂર્યતિલક વિકસીત ભારતના દરેક સંકલ્પને પોતાની દિવ્ય ઉર્જાથી ભરી દેશેઃ વડાપ્રધાન**

વડાપ્રધાને રામલલ્લાના લલાટે સૂર્યતિલક નિહાળી પોતાના ભાવ વ્યક્ત કરતા લખ્યું કે રામલલ્લાને સૂર્યતિલકના અદભૂત અને અપ્રતિમ ક્ષણને નિહાળવાનું સૌભાગ્ય મળ્યું. શ્રીરામ જન્મભૂમિની આ ખૂબ જ રાહ જોવડાવનારી આ પળ સૌ કોઈના માટે પરમાનંદની ક્ષણ છે. સૂર્યતિલક વિકસીત ભારતના દરેક સંકલ્પને પોતાની દિવ્ય ઉર્જાથી આ રીતે પ્રકાશિત કરશે.

# ગુજરાતના અમદાવાદ, મોઢેરા સહિત દેશના વિવિધ મંદિરોમાં પણ સૂર્યનારાયણ દેવી-દેવતાઓને કરે છે અભિષેક

## મંદિરોમાં ગર્ભગૃહમાં દેવી-દેવતાઓને સૂર્યાભિષેક કોઇ ચમત્કાર નહીં, બલ્કે ગણિત, ખગોળ વિજ્ઞાન, મૂર્તિ કલા અને મંદિરની વાસ્તુકલાની કમાલઃ કોણાર્કનું સૂર્યમંદિર, કોલ્હાપુરના મહાલક્ષ્મી મંદિરમાં પણ થાય છે સૂર્યતિલક

નવી દિલ્હી, તા.૧૭

આજે રામનવમીએ અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં રામલલાને લલાટે વિજ્ઞાનના સાધન પેરિસ્કોપની ટેકનોલોજીની મદદથી સૂર્યતિલક કરવામાં આવ્યું હતું. જો કે સૂર્યતિલક પહેલી ઘટના નથી, ભારતના અનેક મંદિરો, જૈન દેરાસરોમાં ભગવાનની પ્રતિમાને સૂર્યતિલકની પરંપરા છે. જેમાં ગુજરાતનું અમદાવાદ સ્થિત જૈન મંદિર, મહારાષ્ટ્રમાં કોલ્હાપુરમાં આવેલ મહાલક્ષ્મી મંદિર, ગુજરાતના મોઢેરાના સૂર્ય મંદિર, બેંગ્લુરુના ગાવી ગંગાધરેશ્વર મંદિરે ભગવાન, દેવી-દેવતાની મૂર્તિને સૂર્યતિલક-સૂર્યાભિષેક કરવામાં આવે છે. મંદિરોમાં સૂર્યતિલક એક ખાસ અલગ પ્રકારના મિકેનિઝમથી થતું હોય છે.

**ગુજરાત અમદાવાદ સ્થિત કોબા જૈન તીર્થ**

અમદાવાદના કોબા સ્થિત જૈન તીર્થમાં સૂર્યતિલક કરવામાં આવે છે.






કોબા જૈનતીર્થ અમદાવાદ | ગવી ગંગાધરેશ્વર મંદિર બેંગ્લોર | સૂર્યમંદિર મોઢેરા | મહાલક્ષ્મી મંદિર કોલ્હાપુર

કોબા જૈન મંદિરને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસનો ઉત્કૃષ્ટતાનું પ્રમાણપત્ર પણ મળ્યું છે. અહીં દર વર્ષે ૨૨મી મેએ લાખો જૈનોની હાજરીમાં સૂર્ય પોતાના કિરણો મહાવીર સ્વામીના મસ્તક પર નાખે છે.

**મહારાષ્ટ્રના કોલ્હાપુરનું મહાલક્ષ્મી મંદિર**

આ મંદિરમાં કિરણોત્સવ પ્રસિદ્ધ છે. આ ઘટના ત્યારે બને છે જ્યારે સૂર્યના કિરણો સીધા દેવી પર પડે છે. આવું વર્ષમાં બેવાર બને છે. ૩૧મી જાન્યુઆરી અને ૯ નવેમ્બરે સૂર્યના કિરણો માતાના ચરણોમાં પડે છે. આ મંદિરનું નિર્માણ સાતમી સદીમાં ચાણક્ય વંશના શાસક કર્ણદેવે કરાવ્યું હતું.

**મધ્ય પ્રદેશના દતિયાનું બાલાજી સૂર્ય મંદિર**

દતિયાથી ૧૭ કિ.મી. દૂર આ ખૂબ જ જુનું મંદિર છે. એવું માનવામાં આવે છે કે આ મંદિર પ્રિ-હિસ્ટોરિક સમયનું છે. પહાડિયોમાં આવેલ આ સૂર્ય મંદિર પર સૂર્યોદયની પ્રથમ કિરણ સીધી મંદિરના ગર્ભગૃહની મૂર્તિ પર પડે છે.

**ગુજરાતના મોઢેરાનું સૂર્ય મંદિર**

મહેસાણાથી લગભગ ૨૫ કિ.મી. દૂર મોઢેરા ગામમાં આ મંદિર છે. આ મંદિરનું નિર્માણ ૧૦૨૬-૨૭ ઇસવીસનમાં ચૌલુક્ય વંશના ભીમ પ્રથમના શાસનકાળમાં થયું હતું. આ મંદિરની એવી રચના છે કે ૨૧ માર્ચ અને ૨૧ સપ્ટેમ્બરે સૂર્યના કિરણો સીધા મંદિરમાં પ્રવેશી સૂર્યની મૂર્તિ પર પડે છે.

**કોર્ણાકનું સૂર્યમંદિર**

ઓરિસ્સામાં આવેલ આ કોર્ણાકનું સૂર્ય મંદિર તેની વાસ્તુકલાથી જાણીતું છે. આ મંદિરની વાસ્તુકલા એવી છે કે સૂર્યનું પ્રથમ કિરણ મંદિરના મુખ્ય દ્વાર પર પડે છે. બાદમાં સૂર્ય પ્રકાશ તેના વિભિન્ન દ્વારોથી પ્રવેશ કરી ગર્ભગૃહને પ્રકાશિત કરે છે.

**રાજસ્થાનનું રણકપૂર મંદિર**

ઉદયપુરથી ૯૦ કિ.મી. દૂર આ મંદિર અરવલ્લીની પહાડીઓમાં આવ્યું છે. ૧૫મી સદીના જૈન મંદિર તરીકે તેનું સ્થાન છે. સૂર્ય પ્રકાશ મંદિરમાં પડીને ગર્ભગૃહને પ્રકાશિત કરે છે.

**બેંગ્લુરુનું ગાવી ગંગાધરેશ્વર મંદિર**

ભગવાન શિવને સમર્પિત આ મંદિર ખડકમાંથી કોતરવામાં આવ્યું છે. જેના કારણે મંદિર પર સીધો સૂર્ય પ્રકાશ પહોંચે છે. સૂર્યના કિરણો મંદિરમાં પ્રવેશી પહેલા નંદીની પ્રતિમાને પ્રકાશિત કરે છે ત્યારબાદ શિવલિંગને ચરણ સ્પર્શ કરે છે. અંતમાં પુરા શિવલિંગને પ્રકાશિત કરવામાં આવે છે.



### ઈરાને તેના અસ્તિત્વમાં પ્રથમ વખત ઈઝરાયલ પર સીધો હુમલો કર્યો તે પણ અગાઉથી ચેતવણી આપીને તે આશ્ચર્યજનક છે

# ઈઝરાયલ-ઈરાન તનાવ

# શું વધુ એક યુદ્ધ ?



**૨૦૨૩ અને ૨૦૨૪માં વિશ્વ એક બાદ એક યુદ્ધ જોઈ રહ્યું છે, રશિયાએ યુક્રેનને ધમરોળ્યું, ગાઝાપટ્ટીમાંથી ઈઝરાયલ પર હુમલો થયા બાદ હવે આ ક્ષેત્રમાં ઈઝરાયલ તબાહી મચાવે છે અને તે સમયે અચાનક જ ઈઝરાયલે ઈરાનને છંછેડવાનું પસંદ કર્યુ શું છે તેનું કારણ ? જવાબ એ જ છે કે ગાઝાપટ્ટીમાં સર્જાયેલી અમાનનીય સ્થિતિ અને હજારો મોતથી ઈઝરાયલ દબાણમાં હતું અને બીજુ જે રીતે નાના સંગઠનો આ દેશને પરેશાન કરતા હતા તે પછી તેની ધાક ઓસરતી જતી લાગી અને ઈરાનને તનાવમાં ઘસડીને હવે ફોકસ તે બાજુ ફેરવાય તે નિશ્ચિત કર્યુ છે, અલ જજીરા જુઓ તો તે સાબિત થાય છે પણ શું અહીંથી અટકશે ?**

ગત શનિવારે મોડી રાત્રે જયારે ઇરાને ૩૦૦થી વધુ ડ્રોન અને મિસાઇલથી ઇઝરાયલ પર હુમલો કર્યો તે જ સમયે અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં ઇરાનનું જે પ્રતિનિધિમંડળ હવાઇ હુમલો કર્યો હતો તે પણ આ કલમ ૫૧ હેઠળ વ્યાજબી ઠેરવાયો હતો અને હવે ૩૨ દેશોના રાષ્ટ્ર વડાઓને પત્ર લખીને ઇરાને પોતાનો પક્ષ રજૂ કર્યો પરંતુ તે જ સમયે રાષ્ટ્રસંઘમાં ઇરાન અને ઇઝરાયલની ટકકર થઇ તો બીજી તરફ તેલઅવીવમાં તૈયાર છે. શું તેનો ઉપયોગ કરશે આમ વિશ્વ ઉપર શું વધુ એક યુધ્ધ મંડરાઇ રહ્યું છે અને સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે ઇરાન અને ઇઝરાયલ વચ્ચેના તનાવ વચ્ચે વિશ્વના સોનાથી ક્રુડ અને મેટલથી લઇ એગ્રી તમામ કોમોડીટીમાં જબરી તેજી દમાશ્કસમાં ઇરાની દુતાવાસ ઉપર હુમલો કર્યો ? વાસ્તવમાં અત્યારે એવું કોઇ કારણ ન હતું કે ઇઝરાયલને ઇરાન સાથે સીધી ટકકર કરવા માટે પ્રેરણા મળે એ વાસ્તવિકતા છે કે ઇરાનના રેવોલ્યુશનરી ગાર્ડ કે જે મધ્ય પૂર્વમાં ઇઝરાયલ વિરોધી અચાનક ઇરાન ભણી ફોકસ કર્યુ અને આ રીતે ગાઝાપટ્ટી ભુલાય ગયું બીજુ કારણ એ અપાય છે કે ઇઝરાયલ આ ક્ષેત્રમાં પોતાની ધાક ઓછી થાય તે સ્વીકાર્ય ગણતું નથી અને તેથી જ ઇરાન ઉપર આક્રમણ કરીને તમામને ઉભા પગે રાખવાનું સાહસ એમ શા માટે કર્યુ તે પણ પ્રશ્ન છે તો તેનો જવાબ છે કે જે રીતે ઇઝરાયલે દમાશ્કસમાં ઇરાની દુતાવાસ પર હુમલો કર્યો અને તેનાથી ઇરાનના અહમ ઉપર ઘા થયો તે સમયે ઇરાનમાં સત્તા પલ્ટાની પણ તૈયારી હતી. આયાતુલ્લા ખૌમોનીના વારસદારને બદલો પુરો થયો છે. હવે વધુ હુમલા નહીં થાય પણ ઇઝરાયલ વળતા હુમલા માટે તૈયારી કરી રહ્યું છે અને રાષ્ટ્ર સંઘને સૌથી મોટી ચિંતા એ છે કે ઇરાનના અણુ મથકો નિશાન બની શકે છે કે જયાં અણુ બોમ્બ બનાવવાની તમામ સામગ્રી છે. ઇરાનના અણુ કાર્યક્રમ હુમલો થાય તો વિશ્વ પર જોખમ સર્જાશે અને તે સાથે અમેરિકા પણ સાવધ બની ગયું છે.

બીજી તરફ અમેરિકામાં ચૂંટણી આવી રહી છે અને બાઇડન ઇચ્છતા

**ઈરાને હુમલો કરવાનું સાહસ કર્યુ તે પાછળ પણ લોકલ પોલીટીકસની પણ ભૂમિકા છે, ઘરમાં ઘુસીને માર્યા તે શાસકો માટે લોકોનો ટેકો મેળવવાનું હથિયાર છે, ઈરાનમાં આંતરિક સત્તા પલ્ટામાં નવા ધાર્મિક વડાને નબળુ દેખાવું પોષાય તેમ ન હતુ પણ હુમલો કર્યો તેમાં ૩૦૦થી વધુ ડ્રોન અને મિસાઈલ મોટા ભાગના હવામાં જ તોડી પાડવામાં ઈઝરાયલ અને અમેરિકાએ સફળતા મેળવી આમ ઈરાને બદલો લઈ લીધાનો સંતોષ દર્શાવ્યો પણ ઈઝરાયલ વળતો જવાબ આપશે તે નિશ્ચિત છે, ચિંતા એ છે કે ઈરાનના અણુમથકો પર ત્રાટકે તો સ્થિતિ ગંભીર બનશે**



હિઝબુલ્લા સહિતના આતંકી સંગઠનોને સતત મદદ કરે છે અને હાલમાં જ આ પ્રકારે હુમલા ઇઝરાયલ પર થયા છે. ઇઝરાયલના હુમલા પાછળ વધુ એક તર્ક એ છેકે જે રીતે ગાઝા પટ્ટીમાં ઇઝરાયલના હુમલા પછી વિશ્વનો મત તેના વિરોધ જઇ રહ્યો હતો અને સતત દયનીય હાલતથી ઇઝરાયલ માટે ગાઝા પટ્ટીમાં વધુ આક્રમક રહેવું એ અશકય બનતું જતું હતું. ખુદ અમેરિકા અને યુરોપના દેશો ઇચ્છતા હતા કે ઇઝરાયલ હવે થંભી જાય અને તેથી દુનિયાનું ધ્યાન ગાઝાપટ્ટી પછી બીજે ખેંચવા માટે ઇઝરાયલે ઇરાનના હિતો પર સીરીયામાં હુમલો કર્યો અને તુર્ત જ અલ જજીરા સહિતની ચેનલો જે અત્યાર સુધી ગાઝાપટ્ટી પર જ ફોકસ કરતી હતી તેને કર્યુ.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

એ વાસ્તવિકતા છે કે ઇરાને ૩૦૦થી વધુ મિસાઇલ અને ડ્રોન ઇઝરાયલ ભણી દાગ્યા તેમાં મોટા ભાગનાને હવામાં તોડી પાડવામાં ઇઝરાયલ અને તેને પડખે ઉભા રહેલા અમેરિકાને સફળતા મળી અને ઇઝરાયલમાં કોઇ મોટુ નુકસાન થયું નથી. ઇઝરાયલની જે હવાઇ સુરક્ષા જેને આર્યન ડોમ તરીકે ઓળખવામાં આવે છે એટલે કે ઈઝરાયલ ભણી આવતા તમામ રોકેટ, મિસાઇલ, ડ્રોનને તોડી પાડવા માટે એર ડિફેન્સ સિસ્ટમ ગોઠવાય છે તે એટલી મજબુત છે કે અચાનક જ હુમલો થાય તે સિવાય ભાગ્યે જ તેમાં કોઇ સફળતા મળે છે અને ઇરાને તો પોતે જવાબ આપશે તેવું જાહેર કરીને ઇઝરાયલને સાવધ કરી દીધુ હતું ઇરાને

**આ ક્રોસ ફાયરીંગમાં ભારત પણ ફસાયુ છે, ક્રુડ તેલના ભાવ વધવા લાગ્યા છે, સોના, મેટલ અને કૃષિ સહિતની કોમોડીટીના ભાવ પણ વધ્યા છે અને રૂપિયો ઓલટાઈમ લો ગયો છે આ તનાવથી ફરી સમુદ્રી વ્યાપારી માર્ગ પર અસર થશે અને શીપીંગ સહિતની કોસ્ટ વધી જશે જો તનાવ લાંબો ચાલ્યો તો ફરી મોંઘવારી આવશે તે નિશ્ચિત છે પણ અમેરિકા માટે ચિંતા તેની ચૂંટણી છે, બાઈડન ઈચ્છતા નથી કે ઈઝરાયલ વધુ આક્રમક બને અને તેથી જ ઈઝરાયલની વોર કેબીનેટની બેઠક સમયે ઈરાન પર વધુ પ્રતિબંધની જાહેરાત કરી છે પણ ઈઝરાયલ હમણા હમણા અમેરિકાને પણ બહુ દાદ દેતુ નથી અને તેના માટે તો એક નબળાઈ આસપાસના દુશ્મનોને પૂરતી થઈ પડશે**

સંયુકત રાષ્ટ્ર સંઘમાં ઇરાની સ્થાયી મિશન મારફત આ હુમલાને યોગ્ય ઠરાવવાનો તર્ક રજુ કરી રહ્યા હતા અને રાષ્ટ્ર સંઘના મહાસચિવ એન્ટોનીયો ગુટેરસ અને સુરક્ષા પરિષદના અધ્યક્ષ વેનેસ ફ્રેઝીયરને પત્ર લખીને ઇરાનના જવાબ માટે રાષ્ટ્ર સંઘના બંધારણની કલમ ૫૧નો હવાલો અપાયો જેમાં દરેક દેશને પોતાના આત્મરક્ષાનો અધિકાર છે. બીજા શબ્દોમાં કહીએ તો ભારતે જે રીતે પુલવામા સહિતના હુમલા બાદ પાક. કબ્જાના કાશમીર પર ગઇકાલે જ ઇઝરાયલની વોર કેબીનેટની બેઠક મળી અને તેમાં ઇરાનને સબક શીખડાવવાનો એટલે કે વળતો જવાબ આપવાનો અધિકાર અપાયો મહત્વપૂર્ણ એ છે કે ઇરાને તુર્ત જ જાહેર કર્યુ કે હવે જો અમારા પર આક્રમણ થશે તો અમે એવા હથિયારનો ઉપયોગ કરશું કે અગાઉ કદી ઉપયોગ થયો નથી. ઇરાનની આ ધમકી એ વિશ્વને થથરાવી દે તેવી છે. તે સાથે એ પણ હવે ભય વધ્યો છે કે શું ઇઝરાયલ ઇરાનના અણુ મથકો કે જે અણુશસ્ત્ર બનાવવા માટે ગમે તે ઘડીએ છવાઇ ગઇ છે અને ગઇકાલે જ ભારત ઉપર તેની અસર જોવા મળી જયારે રૂપિયો ઓલટાઇમ લો થયો અને પ્રતિ ડોલર ૮૩થી પણ જે આગળ વધ્યો છે તેથી ભારતની ક્રુડ તેલ આયાત મોંઘી બનશે અને સોનાના ભાવ પણ વધશે સાથોસાથ અન્ય મેટલ કોમોડીટી કે જે તેજીમાં આવી જશે તેના કારણે ભારતને ફરી એક વખત મોંઘવારીના ચકકરમાં પીસાવું પડશે ! આમ એક સાથે અનેક પ્રશ્નો સર્જાયા છે.

સર્વપ્રથમ એ છે કે ઇઝરાયલે શા માટે

સતા સંભાળવાની હતી અને તે કોઇ પણ રીતે એ સંદેશ આપવા માંગતા ન હતા. ઇરાન વળતો જવાબ આપવા સક્ષમ નથી. આમ સ્થાનિક લોકોને ખુશ કરવા માટે ઇરાને આ હુમલો કર્યો પરંતુ તે આગોતરી જાહેરાત અને ઇઝરાયલને મોટુ નુકસાન ન થાય તે રીતે કરી અને ઇરાને તેના અસ્તિત્વમાં પ્રથમ વખત ઇઝરાયલ પર હુમલો કર્યો છે તે સૌથી મહત્વની બાબત છે.

અને પછી ઇરાને એ પણ જાહેર કર્યુ કે સામે અમેરિકા અને યુરોપના દેશો પ્રતિબંધ લગાવી ચુક્યા હતા અને ઇરાનને પીછેહઠ કરવા મજબુર કરવા પ્રયત્ન કર્યો હતો પણ હવે ઇરાને પણ જાહેર કર્યુ છે કે હવે જો અમારા પર હુમલો થશે તો વળતો આકરો જવાબ અપાશે અને કદી ઉપયોગમાં ન લેવાયો હોય તેવા શસ્ત્રોનો ઉપયોગ કરાશે. તેમ છતાં ઇરાને સ્પષ્ટતા કરી કે અમારા પર બીજો હુમલો થશે તો જ જવાબ અપાશે અને આકરો હશે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની અણુ વોચડોગ સંસ્થા ઇન્ટરનેશનલ એટોમીક ઇનર્જી એજન્સી પણ ચિંતા દર્શાવી કે ઇરાનના અણુ મથકો પર નથી કે ઇઝરાયલ કોઇ મોટુ સાહસ કરે અને તેથી જ ઇઝરાયલ કોઇ પગલા લે તે પૂર્વે આજે ઇરાન પર વધુ પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી છે. યુરોપીયન દેશ તેને અનુસરશે. અમેરિકાએ પણ નિશ્ચિત કરવા માંગે છે કે ઇઝરાયલ હવે બીજો હુમલો પણ ઇરાન ઉપર સીધો નહીં પણ મધ્ય પૂર્વમાં તેના હિતો પર કરે જે ઇઝરાયલ માટે સતત શીરદર્દ છે. પરંતુ આ લડાઇમાં ભારત સહિતના દેશો માટે મુશ્કેલી સર્જાશે તે નિશ્ચિત છે.

### IPL માં હાઈ સ્કોરિંગ મેચ હવે સામાન્ય બનતા જાય છે...

# રાજસ્થાન રોયલ્સએ સૌથી મોટો સ્કોર ચેઝ કર્યો, RR ની KKR સામે છેલ્લા બોલે જીત, બટલર - નારાયણની સદી







## રાજસ્થાને છેલ્લા ૩૦ બોલમાં ૭૯ રન કરી મેચ જીત્યો : પોઈન્ટ ટેબલ પર ટોચ પર સ્થાન યથાવત

ઇડન ગાર્ડન્સ (કોલકતા) :

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને ૨ વિકેટથી હરાવ્યું હતું. જોસ બટલરની સદીની મદદથી ટીમે ૨૦ ઓવરમાં ૨૨૪ રનનો પીછો કર્યો, જે IPL ઈતિહાસમાં સૌથી સફળ રન ચેઝની બરાબર છે. આ પહેલા આરઆરએ ૨૦૨૦માં પંજાબ સામે ૨૨૪ રનના લક્ષ્યનો પીછો કર્યો હતો.

ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રાજસ્થાને ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. કોલકાતાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૨૩ રન બનાવ્યા હતા. સુનીલ નારાયણે ૫૬ બોલમાં ૧૦૯ રન બનાવ્યા હતા. રાજસ્થાને ૨૦ ઓવર રમીને ૮ વિકેટના નુકસાને ૨૨૪ રન બનાવ્યા હતા. જોસ બટલરે ૬૦ બોલમાં અણનમ ૧૦૭ રન બનાવ્યા હતા.

**મેચ રિપોર્ટ :**

ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા આવેલી કોલકાતાએ પ્રથમ ૪ ઓવરમાં ૨૬ રનના સ્કોર પર એક વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી સુનીલ નારાયણ અને અંગક્રિશ રઘુવંશીએ ૪૩ બોલમાં ૮૫ રનની ઝડપી ભાગીદારી કરી અને ટીમને ૧૦૦ રનથી આગળ લઈ ગઈ.

પાવરપ્લે બાદ નરીને ઝડપી રમવાનું શરૂ કર્યું અને ૪૯ બોલમાં સદી ફટકારી. આન્દ્રે રસેલ પણ તેની સાથે રહેતો હતો અને મુક્તપણે તેના શોટ્સ રમી રહ્યો હતો.

૧૬ ઓવરમાં ૧૮૪ રન થયો હતો. અહીંથી ટીમ છેલ્લી ૪ ઓવરમાં માત્ર ૩૯ રન જ બનાવી શકી, RRની ડેથ બોલિંગ શાનદાર રહી. અવેશ ખાન, ટ્રેન્ટ બોલ્ટ અને કુલદીપ સેને KKRનો સ્કોર ૨૦ રન સુધી ઘટાડી દીધો હતો. રસેલ ૧૭મી ઓવરમાં અને નરેન ૧૮મી ઓવરમાં આઉટ થયો હતો.

અંતે રિંકુ સિંહે ૯ બોલમાં ૨૦ રન બનાવી ટીમને ૨૨૩ સુધી પહોંચાડી હતી પરંતુ આરઆરની ડેથ બોલિંગને કારણે સ્કોર ઓછો રહ્યો હતો. રાજસ્થાન તરફથી કુલદીપ સેન અને અવેશ ખાને ૨-૨ વિકેટ લીધી હતી.

**રાજસ્થાનની ઈનિંગ્સ :**

૨૨૪ રનના ટાર્ગેટમાં રાજસ્થાનને પણ ઝડપી શરૂઆત મળી હતી. યશસ્વી જયસ્વાલ ૧૯ રન બનાવીને અને સંજુ સેમસન ૧૨ રન બનાવીને આઉટ થયા હતા પરંતુ ટીમે ૬ ઓવરમાં ૭૬ રન બનાવી લીધા હતા. ટીમનો સ્કોર પણ ૮મી ઓવરમાં ૯૭ રન સુધી પહોંચી ગયો હતો. રિયાન પરાગ ઝડપથી રન બનાવી રહ્યો હતો પરંતુ તે હર્ષિત રાણાનો શિકાર બન્યો હતો. પરાગે ૧૩ બોલમાં ૩૪ રન બનાવ્યા હતા.

પરાગની વિકેટ બાદ રાજસ્થાન અલગ પડી ગયું હતું. રાજસ્થાનનો સ્કોર ૮ ઓવરમાં ૯૮/૩ થઈ ગયો હતો. અહીંથી ટીમ આગામી ૬ ઓવરમાં માત્ર ૩૦ રન બનાવી શકી અને ૩ વિકેટ ગુમાવી દીધી. ૧૪ ઓવર પછી ટીમનો સ્કોર ૧૨૮/૬ રહ્યો.

૧૫મી ઓવરમાં જોસ બટલરે વરુણ ચક્રવર્તી સામે ૧૭ રન બનાવ્યા. આગલી ઓવરમાં રોવમેન પોવેલે સુનીલ નારાયણ સામે માત્ર ૩ બોલમાં ૧૬ રન ફટકાર્યા હતા, જો કે પોવેલ પણ એ જ ઓવરમાં આઉટ થઈ ગયો હતો. રાજસ્થાનને ફરીથી ૩ ઓવરમાં ૪૬ રનની જરૂર હતી.

અહીંથી બટલરે ૧૮મી ઓવરમાં ૧૮ રન અને ૧૯મી ઓવરમાં ૧૯ રન બનાવ્યા હતા. છેલ્લી ઓવરમાં ૯ રનની જરૂર હતી, બટલર ૯૮ રન પર બેટિંગ કરી રહ્યો હતો, તેણે પહેલા જ બોલ પર સિક્સર ફટકારીને પોતાની સદી પૂરી કરી હતી. આગળના ૩ બોલ ડોટ હતા, પાંચમા બોલ પર બટલરે ૨ રન લીધા હતા.

હવે એક બોલ પર એક રનની જરૂર હતી. બટલરે મિડ-ઓફ તરફ સિંગલ લીધો અને ટીમને ૨ વિકેટે નજીકથી જીત અપાવી. બટલર ૬૦ બોલમાં ૧૦૭ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. કોલકાતા તરફથી સુનિલ નારાયણ, હર્ષિત રાણા અને વરૂણ ચક્રવર્તીએ ૨-૨ વિકેટ લીધી હતી.

**રાજસ્થાન પોઈન્ટ ટેબલમાં ટોચ પર યથાવત છે :**

રાજસ્થાન રોયલ્સ તેની ૭ મેચમાં છઠ્ઠી જીત સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. ટીમના ૧૨ પોઈન્ટ છે. બીજી તરફ ૬ મેચમાં બીજી હાર છતાં કોલકાતા ૮ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. ટીમને ચેન્નાઈ સુપર કિંગ્સ સામે પણ હારનો સામનો કરવો પડ્યો છે. ઈજીઓં ૮ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે.

## ૬ મેચમાંથી ૩ વખત ઝીરો પર આઉટ થનાર મેક્સવેલે IPLમાંથી આરામ લીધો

### રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ માટે રમતા ગ્લેન મેક્સવેલે જણાવ્યું કે માનસિક અને શારીરિક રીતે તૈયાર થઈને પરત ફરશે

બેંગલુરુ,તા.૧૭

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના બેટ્સમેન ગ્લેન મેક્સવેલે થોડા સમય માટે IPL 2024માંથી બ્રેક લીધો છે. જો કે તે ક્યારે પરત ફરશે તે સ્પષ્ટ નથી. મેક્સવેલે પોતાને માનસિક અને શારીરિક આરામ આપવા માટે આ કર્યું છે.

IPL 2024માં અત્યાર સુધી રમાયેલી મેચોમાં મેક્સવેલનું પ્રદર્શન સારું રહ્યું નથી . તેણે આ સિઝનમાં રમાયેલી ૬ ઈનિંગ્સમાં માત્ર ૩૨ રન બનાવ્યા હતા, જેમાં તે ત્રણ વખત શૂન્ય પર આઉટ થયો હતો. જોકે, IPLમાં આવતા પહેલા તે જબરદસ્ત ફોર્મમાં હતો. તેણે ગયા વર્ષે નવેમ્બરથી IPLની શરૂઆત સુધી રમાયેલી 17 T20 મેચોમાં ૪૨.૪૬ની



એવરેજ અને ૧૮૫.૮૫ની સ્ટ્રાઈક રેટથી ૫૫૨ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે બે સદી પણ ફટકારી હતી.

**SRH સામેની પ્લેઈંગ ઈલેવનમાંથી પોતાને બાકાત રાખવાની વિનંતી**

આઈપીએલની શરૂઆતની મેચોમાં ખરાબ પ્રદર્શનને કારણે તેણે સોમવારે હૈદરાબાદમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે રમાયેલી મેચમાંથી પોતાને બાકાત રાખ્યો હતો. ગ્લેન મેક્સવેલે કહ્યું કે તેણે પોતે સનરાઇઝર્સ સામેની મેચમાંથી ખસી જવાનો નિર્ણય લીધો કારણ કે તેને લાગ્યું કે તે સકારાત્મક યોગદાન આપી શકવા સક્ષમ નથી. મેક્સવેલે કહ્યું, 'પ્રારંભિક મેચોમાં મારું પ્રદર્શન સારું નહોતું. આવી સ્થિતિમાં મારા માટે આ નિર્ણય લેવો સરળ હતો. મેં છેલ્લી મેચ બાદ કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ અને કોચ સાથે વાત કરી અને કહ્યું કે અન્ય કોઈ ખેલાડીને તક આપવી જોઈએ. હું પહેલા પણ આવી પરિસ્થિતિમાં હતો, જ્યાં તમે રમતા રહો છો અને તમારી જાતને વધુ મુશ્કેલીમાં મુકો છો. હવે મારા માટે માનસિક અને શારીરિક રીતે આરામ કરવાનો યોગ્ય સમય છે.



## શાળામાં નમાઝ પઢી શકાય નહીં: લંડન હાઈકોર્ટનો ચુકાદો

### રિવાજ કે ધાર્મિક સ્વતંત્રતા શાળાના નિયમોથી વિશેષ નથી

નવી દિલ્હીઃ શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દે ઘણા વિવાદ થતા હોય છે પણ લંડનની હાઈકોર્ટે આ મુદ્દે સ્પષ્ટ ચુકાદો આપ્યો છે. કોર્ટે એક મુસ્લિમ વિદ્યાર્થીનીએ કરેલી શાળામાં નમાજ પઢવાની અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કોઈ પણ રીતિ રિવાજ કે ધાર્મિક સ્વતંત્રતા શાળાના નિયમોથી ઉપર નથી.

લંડનના વેમ્બલીમાં મિશેલા સ્કુલના નિયમો સામે એક મુસ્લિમ વિદ્યાર્થીનીએ કોર્ટમાં અરજી કરી હતી. તેની દલીલ હતી કે, શાળામાં તેના ધર્મની પ્રાર્થના કરવા પ્રતિબંધ છે અને તેની સાથે ભેદભાવપૂર્ણ વર્તન કરાય છે. તેના જવાબમાં સરકારી શાળા મિશેલાએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે, 'મુસ્લિમ વિદ્યાર્થીનીને નમાજ પઢવાની મંજુરી આપવાથી વિદ્યાર્થીઓમાં સમાવેશી દ્રષ્ટિકોણ નબળો પડવાનું જોખમ છે.' અરજીને ફગાવતા ૮૩ પાનાના ચુકાદામાં જજ થોમસ લિંડેને જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીનીએ શાળામાં પ્રવેશ લીધો ત્યારે તેણે તમામ નિયમો સ્વીકાર્યા હતા. જેમાં એવું પણ જણાવાયું હતું કે, તેને ધર્મને આધારે કોઈ પ્રકારની છુટછાટ આપવામાં નહીં આવે.'

વિદ્યાર્થીનીએ આરોપ મૂકયો હતો કે, 'શાળાના પ્રતિબંધને કારણે તેના ધાર્મિક સ્વતંત્રતાના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ એક પ્રકારનો ભેદભાવ છે, જે ધાર્મિક લઘુમતી સમાજને અલગ હોવાનો અહેસાસ કરાવે છે. જો કે, કોર્ટે તેની દલીલને ફગાવી દીધી હતી. શાળાના સ્થાપક અને પ્રિન્સીપાલ કેથરીન બીરબલસિંહે જણાવ્યું હતું કે, 'આ ચુકાદો દરેક શાળાની જીત છે.

### યુવાધન તમાકુ-શરાબ તથા ભાંગ જેવા નશીલા દ્રવ્યોના નશાના રવાડે

# લાલબતી! ૧૦ થી ૨૪ વર્ષનાં દર ૩ માંથી ૧ 'વ્યસની'



**૭૫ ટકા ૧૮ વર્ષની ઉંમર પૂર્વે જ વ્યસની થવા લાગે છેઃ ગરીબ વર્ગનાં બાળકો-યુવાનોમાં પ્રમાણ વધુઃ ગુજરાત સહિત ૧૫ રાજયોમાં સર્વેનાં ચોંકાવનારા તારણો**

નવી દિલ્હી તા.૧૭

દેશમાં ૧૦ થી ૨૪ વર્ષના યુવાનો કિશોરો,દારૂ, તમાકુ અને ભાંગ જેવા નશાની પકકડમાં ફસાઈ રહ્યા છે. આ ચોંકાવનારો ખુલાસો ૧૫ રાજયોમાં ૧૬૩૦ યુવાનો પર થયેલા સર્વે બાદ થયો છે. તેમાં એક તૃતિયાંશ યુવાનો નશાનાં વ્યસની થઈ ચુકયા છે. આ અધ્યયનમાં ઉકત રાજયોનાં એમ્સ સહીત અનેક હોસ્પિટલ સામેલ છે.

**કિશોરાવસ્થા બાદ જ નશો શરૂ કરી દે છેઃ**

સંશોધન મુજબ ૧૬૩૦ માંથી ૩૨.૮ યુવાનો નશાની ચૂંગાલમાં છે. નશા કરનારાઓમાં નિમ્ન આવકવાળા વર્ગનાં બાળકોની સંખ્યા વધુ છે. ૭૫ ટકા અર્થાત ત્રણ ચર્તુથાંશ યુવાનો એવા હતા જે કિશોરાવસ્થા અર્થાત ૧૮ વર્ષની વયથી જ નશો શરૂ કરી રહ્યા હતા. ૨૬.૪ ટકા યુવાનોએ તમાકુ ઉત્પાદનોના સેવનની વાત સ્વીકારી હતી અને ૨૬.૧ ટકાએ દારૂના સેવનની વાત સ્વીકારી હતી.જયારે ૯.૫ ટકા યુવકોએ ભાંગ લેવાની વાત કરી હતી.

**મિઝોરમમાં વધુ, કેરળમાં સૌથી ઓછાઃ** અધ્યયન અનુસાર સૌથી વધુ મિઝોરમમાં ૮૯ ટકા અને સૌથી ઓછા કેરળમાં ૭.૫ ટકા યુવાનો નશાની ચુંગાલમાં ફસાયા હોવાનું બહાર આવ્યું છે. જયારે સૌથી નીચી આવકવાળા પરિવારોમાં સૌથી વધુ ૪૦ ટકા, મધ્યમ આવકવાળા ૨૯ ટકા જયારે વધુ આવકવાળા સૌથી વધુ સૌથી ઓછા ૨૩ ટકા યુવાનો નશામાં સામેલ હોવાની વાત કરી હતી.

દેશનાં જુદા જુદા રાજયો, જીલ્લામાં નશાની પકકડમાં આવેલા યુવાનો કિશોરોની વાત કરીએ તો સીમલા ૧૯ ટકા, ભટીંડા ૯.૫ ટકા, ઋષિકેશ ૯.૯ ટકા, આગ્રા ૯.૨ ટકા, લખીમપુર ૪૬ ટકા, જોરમ ૮૯ ટકા, કલ્યાણી ૧૭.૨ ટકા, ભૂવનેશ્વર ૩૭ ટકા, હૈદરાબાદ ૧૦.૨ ટકા, કુટયમ ૧૪.૨ ટકા, ફરીદાબાદ ૮.૨ ટકા, ગુજરાતમાં દાહોદ ૬૧ ટકા, બેંગલુરૂમાં ૫૪.૫ ટકા, પઠનમથીટ્ટા ૭.૫ ટકા ચેન્નાઈ ૪૬.૩ ટકાનો સમાવેશ થાય છે.

# વીમા પોલિસીમાં ઈરડા દ્વારા ઐતિહાસિક ફેરફારોઃ જેવી જરૂરિયાત તેવી પોલિસી ખરીદી શકાશે



**ગ્રાહક વાહન, સંપતિ, દુર્ઘટના વીમો પોતાની જરૂરિયાત અને સુવિધા મુજબ ખરીદી શકશે જેથી વીમા પોલિસી ખર્ચ ઘટતા સસ્તી થશે**

નવી દિલ્હી તા.૧૭

ભારતીય વીમા નિયામક અને વિકાસ ઓથોરીટી (ઈરડા)એ બીન જીવન વીમા પોલિસીમાં ઐતિહાસીક ફેરફાર કર્યા છે. જે અંતર્ગત હવે ગ્રાહક વાહન, સંપતિ અને દુર્ઘટના વીમો પોતાની જરૂરીયાત અને સુવિધા મુજબ ખરીદી શકશે.

આ પ્રકારની વીમા પોલિસીઓને નીતિ શબ્દાવલીથી હટાવવામાં આવી છે. નવા નિયમ લાગુ કરી દીધા છે.જોકે થર્ડ પાર્ટી મોટર વીમામાં કોઈ પ્રકારનો ફેરફાર નથી કરાયો.

**વાહન માલિકોને થશે મોટો ફાયદોઃ** જાણકારોનું કહેવુ છે કે ઈરડાની આ નવી વ્યવસ્થાથી વીમા ધારકોને ઘણો ફાયદો થશે. ખાસ કરીને વાહન ચાલકોને હાલમાં મોટર (વાહન)વીમા કવરેજ આખા વર્ષનું મળે છે.વાહન ચાલકો પાસે તેને લેવા સિવાય કોઈ વિકલ્પ નથી હોતો. નવી વ્યવસ્થામાં વીમા ગ્રાહક જયારે વાહનનો ઉપયોગ કરશે એ સમયે સમયગાળા માટે વીમા કવર ખરીદી શકશે. અર્થાત કોઈ વાહન માલીક સપ્તાહના અંત કે મહિનામાં એક વાર જ કારનો ઉપયોગ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# રાજકોટ અગનગોળો! તાપમાનનો પારો ૪૪ ડિગ્રી

**અત્યાર સુધીનું એપ્રિલ માસનું સૌથી ઉંચુ તાપમાન નોંધાતા નગરજનોએ ભઠ્ઠા શેકનો અનુભવ કર્યોઃ બપોરે ભયંકર તાપથી રાજમાર્ગો- માર્કેટ સુમસામ**

**હજુ આવતીકાલ સુધી આકરા તાપમાં કોઈ રાહત નહીં; બાદમાં પારો ૨-૩ ડીગ્રી ઘટશેઃ પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથમાં હીટવેવ**

રાજકોટ તા.૧૭

રાજકોટ શહેરમાં આજરોજ પણ મોદી સવારથી જ સૂર્યદેવતાએ રૌદ્ર સ્વરૂપનાં દર્શન કરાવ્યા હતા. ગઈકાલે ૪૧.૫ ડિગ્રી તાપમાન બાદ આજરોજ પણ સવારે ૧૧ વાગ્યાથી જ આકાશમાંથી અગનવર્ષા થવા લાગતા નગરજનો આકુળ વ્યાકુળ થઈ જવા પામ્યા હતા.

બપોરે ભયંકર અને અસહ્ય તાપનાં કારણે સિધી જનજીવન ઉપર અસર દેખાઈ હતી અને રાજમાર્ગો ઉપર સાવ પાંખો ટ્રાફિક નજરે પડયો હતો તો બજારો પણ સુમસામ થઈ ગઈ હતી.

આજે બપોરે ૨.૩૦ કલાકે જ શહેરનું તાપમાન ૪૩.૪ ડીગ્રી સુધી પહોંચી જતા લોકોએ ભઠ્ઠા શેકનો અનુભવ કરેલ હતો. બપોરે અઢી કલાકે હવામાં ભેજ ૧૯ ટકા રહ્યો હતો અને પવનની ઝડપ ૧૦ કી.મી. પ્રતિકલાક રહેતા આગ ઝડતી લું પણ અનુભવાઈ હતી.

જયારે, આજે સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૯.૪ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૫ ડીગ્રી નોંધાયુ હતું.

તેમજ સવારે હવામાં ભેજ ૬૨ ટકા રહ્યો હતો. અને પવનની સરેરાશ ઝડપ ૮ કી.મી. રહેવા પામી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે હિટવેવની આગાહી કરી છે અને ખાસ કરીને રાજકોટ, કચ્છ, સુરેન્દ્રનગર અને પોરબંદરમાં તાપમાનનો પારો ૪૨થી૪૩ ડીગ્રી ઉપર પહોંચી જવાની શકયતા હવામાન વિભાગે દર્શાવી છે.

અત્રે સૌથી નોંધનીય બાબત એ છે કે મોટાભાગે રાજકોટમાં મે માસ દરમ્યાન મહતમ તાપમાન ૪૪ ડીગ્રી સુધી પહોંચે છે. પરંતુ આ વર્ષે સૌપ્રથમ વાર જ એપ્રિલમાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રી સુધી પહોંચી જતા શહેરીજનો ત્રસ્ત થઈ ગયા હતા.

હવામાન વિભાગ દ્વારા એવી આગાહી કરવામાં આવી છે કે આવતા બે દિવસ તાપમાનમાં કોઈ રાહત નહીં મળે પરંતુ ત્યારબાદ પારો બે થી ત્રણ ડીગ્રી નીચે આવી શકે છે.

સૌરાષ્ટ્રમાં પોરબંદર, જુનાગઢ તથા ગીર સોમનાથમાં હીટવેવની હાલત સર્જાવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા પણ બાળકો, વૃદ્ધો તથા ગંભીર બિમારીથી પીડાતા લોકોને આરોગ્યની કાળજી લેવા સૂચના આપવામાં આવી છે. ખુલ્લા તાપમાં બહાર નહીં નીકળવા, લાઈટ કલરના કોટનના કપડા પહેરવા, માથુ ઢાંકીને રાખવા જેવી સલાહ આપવામાં આવી છે. જો કે આવતીકાલ બાદ આકરા તાપમાં આશિંક રાહત મળવાની આગાહી કરવામાં આવી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી સપ્તાહે રાજકોટમાંઃ ક્ષત્રિય વિવાદથી થયેલા ડેમેજ કન્ટ્રોલ માટે કાર્યકર્તા સંમેલનને સંબોધશે

**વડાપ્રધાન મોદી પણ આગામી સપ્તાહમાં જૂનાગઢમાં સભા સંબોધશેઃ અમરેલી અને પોરબંદર સહિતની બેઠકોમાં મેસેજ માટે મોદીની રાજકોટના બદલે જૂનાગઢની સભા નિશ્ચિત કરાઈ**



રાજકોટ, તા.૧૭

સમગ્ર ગુજરાત અને દેશમાં હોટ ટોપીક બની ગયેલી રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપે હવે તેની વધારે તાકાત હોમવાનો નિર્ણય લીધો છે અને અહીં જે ડેમેજ થયું છે તેમાંથી કાર્યકર્તાઓને ખોટો મેસેજ ન જાય તે માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અને ભાજપના ચાણક્ય ગણાતા અમિત શાહ રાજકોટ આવી રહ્યા છે. એક સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાજકોટનો કાર્યક્રમ ગોઠવાતો હતો પરંતુ હવે શ્રી મોદી જૂનાગઢમાં એક જંગી જાહેરસભાને સંબોધશે અને તેમાં અમરેલી, પોરબંદર સહિતની બેઠકોમાં મેસેજ જાય તે નિશ્ચિત કરશે જયારે બીજી તરફ શ્રી અમિત શાહ રાજકોટમાં સૌરાષ્ટ્રના કાર્યકર્તાઓની એક વિશાળ સંમેલનને સંબોધીત કરશે અને આ રીતે હાલના ક્ષત્રિય વિવાદમાં ભાજપને જે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ડેમેજ થવાની ચિંતા છે તેના સામે કાર્યકર્તાઓનો જુસ્સો વધારવા માટે અમિત શાહ ખાસ રાજકોટ આવી રહ્યાનો સંકેત છે અને તેઓનો કાર્યક્રમ આગામી સપ્તાહમાં જ ગોઠવાઇ રહ્યો છે જેથી પ્રચાર શરુ થાય તે પૂર્વે જ કાર્યકર્તાઓને યોગ્ય મેસેજ મળી શકે.

# સોનુ ૭૬૧૦૦: ભાવ નવી ઉંચાઈએ



**ચાંદીના ૮૬૧૦૦: બંધ બજારે પણ સતત તેજી**

રાજકોટ, તા.૧૭

સોના-ચાંદીના ભાવો સતત સળગતા રહ્યા હોય તેમ આજે ફરી નવી ઉંચાઈએ પહોંચ્યા હતાં. સોનુ ૭૬૦૦૦ તથા ચાંદી ૮૬૦૦૦ની સપાટી વટાવી ગઇ હતી.

રાજકોટમાં હાજર સોનુ રૂા.૫૫૦ના ઉછાળાથી ૭૬૦૦૦ હતું. વિશ્વબજારમાં ૨૩૮૬ ડોલર હતું. કોમોડીટી એકસચેંજમાં ૭૨૯૯૯નો ભાવ હતો. હાજર ચાંદી ૮૬૧૦૦ હતી. વિશ્વબજારમાં ૨૮.૪૭ ડોલર હતી.

જાણકારોના કહેવા પ્રમાણે વિશ્વ બજારમાં તેજી ઉપરાંત કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો નબળો પડવાના કારણોસર બેલડી ઈફેકટ જોવા મળી છે. આજે રામનવમી નિમિત્તે માર્કેટ બંધ હતું પરંતુ રૂપિયો વધુ તૂટવાના સંજોગોમાં ભાવ સપાટી પર વધુ પ્રત્યાઘાત પડી શકે છે. ઝવેરીઓના કહેવા પ્રમાણે રેકોર્ડબ્રેક ઉંચા ભાવની સ્થિતિમાં આવતા દિવસોમાં ઘરાકી-કારોબારમાં પડકાર ઉભો થવાની આશંકા રહે છે. ચાલુ સપ્તાહ બાદ લગ્નગાળાને બ્રેક લાગવાની છે પરંતુ વસંતપંચમી જેવા ખરીદી માટેના પવિત્ર દિવસો આવવાના છે ત્યારે ખરીદી કેવી રહે છે. જુન પછીના લગ્નગાળા માટેની એડવાન્સ ખરીદી પણ વ્યાપક રીતે પ્રભાવિત થવાની આશંકા છે. છેલ્લા એકાદ પખવાડિયાથી રીટેઇલ ઘરાકી ઠપ્પ થઇ ગયાની સ્થિતિ છે. સોના-ચાંદીની તેજી માટે વિશ્વસ્તરે ભૌગોલિક ટેન્શન ઉપરાંત ભારત સહિત વિશ્વભરના દેશોની સેન્ટ્રલ બેંકો દ્વારા સતત જંગી ખરીદી જવાબદાર છે.


ફ્રી ઝોન પ્લોટ મોકાની જગ્યા વેચવાની છે
ભાવનગર હાઈવે ટચ ૪૦૦૦ વાર આસપાસ
સરધારથી ૨ કીમી રોડ ટચ, હોટલ તેમજ પેટ્રોલ પંપ માટે બેસ્ટ લોકેશન
જયેશઃ ૯૮૨૪૫ ૦૮૫૨૧






લવાજમ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦/૦૪/૨૦૨૪, લવાજમનો સમય ૧/૪/૨૦૨૪ થી ૩૧/૩/૨૦૨૫
વધુ વિગત માટે આપના ગામના/શહેરના/વિસ્તારના સ્થાનિક એજન્ટ ભાઈઓ અથવા વિતરક બંધુઓનો સંપર્ક સાધોઃ સાંજ એડવર્ટાઈઝર્સ, સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસ, બીજા માળે, કસ્તુરબા રોડ, શારદાબાગની બાજુમાં, રાજકોટ-૧. મો. ૯૬૬૨૨ ૯૬૬૫૫



શોધી રહ્યા છીએ
શોરૂમની જગ્યા શોધી રહ્યા છીએ
અમે અમારી વ્યવસાયિક જરૂરિયાતોને સમાવવા માટે ૧૫૦૦ થી ૨૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલી શોરૂમની જગ્યા શોધી રહ્યા છીએ.
સ્થળઃ ખાસ કરીને મુખ્ય વાણિજ્યિક વિસ્તારમાં.
કૃપા કરીને +91 9825 25 7899 ના સંપર્કમાં રહો.






Godrej Europa અલ્ટ્રા લોક ચાવી ૫ મિનિટમાં
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ. ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૬૪

શેડ વેચવાનો છે
BSNL ટેલીફોન એકસચેન્જની બાજુમાં, મેટોડા જી.આઈ.ડી.સી, રાજકોટ.
૧000 મીટર - ૬00 મીટર RCC બાંધકામ, લેબર રૂમ, 39 HP કનેકશન
94269 12334
90162 06969

તડકો રોકો? એગ્રો ગ્રીન નેટ લગાડો
બાલ્કની, ટેરેસ, ફળિયામાં શાકભાજી ઉગાડવાની ફ્રી ઓનલાઈન ટ્રેનિંગ માટે
રાજકોટ કિચન ગાર્ડનિંગ
ફેસબુક કોમ્યુનિટીમાં જોડાવાની લિંક મેળવવા માટે RKGC લખી 98252 29966 ઉપર વોટ્સઅપ કરો
દેશી બીજ, ગ્રોબેગ, કોકોપીટ, વર્મીકંપોસ્ટ, ટુલ્સ વગેરે મળશે
Follow us on :
પટેલ એગ્રો સીડ્સ રોયલ કોમ્પ્લેક્ષ, ભૂતખાના ચોક, રાજકોટ

હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર